રોગ નિવારણ.

૧. નાડી પરીક્ષા.

સવારમાં ઊઠી ઘડીવાર નીરાંતે બેઠેલો જે માણસ હોય તેની નાડી જોવાથી સારી રીતે જોવામાં આવેછે. પુરૂષનો જમણો હાથ, સ્ત્રીનો ડાબો હાથ લાંબો સીધો કરી અંગુઠાના થડમાં તરજની, મધ્યમાં, અનામીકા એવા ત્રણ આંગળાં મુકી વાત, પીત, કફ, એ દોષો અનુક્રમે કરી જાણવા. પ્રાતઃકાળે દસ ઘડી સુધી કફનાડી તથા મધ્યાને દસ ઘડી સુધી પીતનાડી અને સાંજે દશ ઘડી સુધી વાયુની નાડી એ રીતે રાતની પણ જાણવી.

૧. નાડીની જાતીનાં લક્ષણો.

વાંકી તથા સર્પ અને જળોની ચાલ જેવી

૩ બાળકની માએ સારોને હલકો માફક ખોરાક ખાવો ને પંદર. વીસ દીવશે જુલાબ લેવો તથા ચોખાઇથી રહેવું, કે તેથી બાળકનું શરીર સુખાકારીમાં રહે.

૪ બાળકને તેની માનું દુધ પાવું પણ કશી અડચણને લીધે તેની માને ધવરાવવાનું ન બને તો ગાયનું કે બકરીનું દુધ પાવું તે પણ એકલું નહીં નરૂં દુધ પએતા ભારે પડે ને પેટમાં ભારે પડયાને લીધે દુધના ગાંઠ બંધાય માટે અડધું દુધને અડધું પાણી ભેગાં તેમાં સાકર નાંખી જરા ઉનું કરી પાવું પાણી ભેળ્યાથી તેના પેટમાં દુધના ગાંઠ બંધાતા નથી. કદાપી તે પણ હજમ ન થાયતો, તેમાં એળચી તથા જાએફળ બાળકને માફક આવે તેમ નાંખવું દુધ પાવાનું ન બનેતો તેની જગોએ કાંજી પાયતો તે પણ ઘણીજ હલકી ને સારી છે.

૫ જુદી જુદી ધાવો રાખી તેનું દુધ પાવાથી બાળકની તબીયત બગડે છે. વળી બ ઘેડીનું કે ગાયનું દુધ ગરમ કરીને તે ઉપર તર બાઝે તે કાઢી નાંખી જાડે લુગડે ગળી પાયું હોય તે પણ ઠીકછે.

૬ બાળકની માએ રોજે રાત્રે સુતી વખત પાનના બીડામાં થોડાક સુવા ખાતાં જવું તથા સવારે પણ અરધી મુઠી ખાવા કે તેથી તેનું દુધ વીકાર વીનાનું થાય.

૭ ધાવતા બાળકને ત્રણ ચાર દીવસને આંતરે સારૂ બેશ કાચુ દીવેલ ને મધ એ બેને મેળવી ચટાડતાં રેહેવું કે ઝાડો ખુલાસે આવે ને પેટમાં દુધના ગાડ બંધાય નહી. અને તે મે ટું ને ખાતું ખાતું થાય ત્યારે ભાજી તરકારી આપ તાં રહેવું કે તેથી ઝાડો સાફ આવે.

૮ બાળકને ખાંસી, અથવા સસણી અ-

થવા બદ્ધજાગો કે તાવ હોયતો રેવંચીની ખટાઇ ગોળીઓ તે બાળકને જોઇને તેના વજન પ્રમાણે મધ તથા ગરમ પાણીમાં મેળવીને પાવું એ ઓસડ બચાંને ઘણું ફાયદાકારક છે. એથી ઝાડો સાફ આવી બાળક સુખાકારી રેહે છે. બાળકને નાકમાં ઘી મુકવું નહીં કાંજે તેથી કેટલા ખાંશા થાય છે પણ જરૂર હોયતો બદામનુ તેલ મુકવુ.

૯ બાળકને ઘણા ગરમ પાણીએ નવરાવવું નહીં મધ્યમ પાણી જેને આપણે કુકુ અથવા કોકીલું કહીએ છીએ એથી નવરાવવું. વાસણમાં પાણી ભરી તેમાં બેસાડી નવરાવેથી ઘણો ફાયદો છે હમેશાં શરીરપર લુગડુ પેહેરાવેલુ રાખવુ તથા માથા ઉપર વાળ જરૂર રાખવા અગર જરૂર પડતા કતરાવવા પણ બોડાવવા નહીં કેમકે વાળથી માથાની તથા ફુગળા તાળવાની સંભાળ થાયછે. અને ચતુરાઈ પણ

વધેછે. તુરત જનમેલાં બાળકને પણ એવાજ પાણીથી નવરાવવું ને શરીર ધીમે ધીમે લોહવું; કે તેથી ચામડીને નુકશાન ન પહોચે.

૧૦ બાળકને તાવ હોય તો, કાસ્નો છડ, કરીયાતું તથા જેઠીમધ એ ત્રણે ચીજને પાણી માં ઘસી તેમાં મધ મુકી પાવું.

૧૧ બાળકને દાંત તથા દાઢ ઉગેછે ત્યારે ઘણું દરદ કરેછે. ને ઝાડો તથા ખાંશી થાયછે, તાવ આવે છે. તેથી તેના મોઢામાં આંગળી ફેરવી જોવું ને જે જગોએ પારો ફુલેલો માલુમ પડે તે જગોએ માંખણ ચોપડતાં રહેવું કે દાંત બહાર જલદી નીકળે અથવા જે પાલા સુઝી આવેલા હોય તે ઉપર નસતરથી જરા કાપ મુકવો કે જેથી પેલી ચામડી (અવાળુ) તણાતી બંધ પડશે અને દાંત એ દમ બાહાર નીકળશે.

૧૨ બાળકના પેટમાં કરમ થાય છે ત્યારે

તે પણ દરદ કરે છે. માટે કપીલો રૂ૦ા ભાર તથા વાયવડંગ રૂ૦ા ભાર એ બંનેને પાણી સાથે ઘશી તેમાં ગધ મુકી પાવુ. એ રીને સાંજ સવાર બે ત્રણ દીવસ સુધી કરવુ. ત્યાર પછી કાચું દીવેલ ગરમ પાણીમાં ભેળી પાવું. અથવા રેવચીની ખટાઇ તથા શીકોતરીઓ એળીઓ બેઉ પાણી સાથે ઘશી તે બાળકના અંદાજા પ્રમાણે પાવું. તેની ઊમ્મર ૧૫-૧૬ વર્ષની થાય ત્યાંહાં સુધી કરમનું જોર વધારે રેહે છે, માટે મહીને બે મહીને ઉપર કહેલાં દવાઓ તેની ઉમ્મરના સુમાર પ્રમાણે આપતાં રેહેવુ

૧૩ બાળકને રતવા થાય તે ઉપર બોડાજી જોટાનાં પાંદડાનો રસ કાહાડી ચાઠાપર લગાડેતો મટે.

૧૪ બાળકને વરાદ થઇ હોય તો મોહોટી હરડે, બેહેડાં, જેઠીમધ એ ચાહાના પાણીમાં અથવા ગરમ પાણીમાં ઘશી તેમાં થોડો શીંધવ

અને ગધ નાંખી ચટાડવું. પ્રકૃતીનું માન જોઇ તેમાં રેવચીનો એક્રદ લસરકો ઘસવો. હરડે, બેહેડું ચન સાકર કોહોળાનું એક બીએ ત્રણે એકઠાં ઘશા થોડુ પાવું. ડેકામાળી, રેવંચી અને એળીયો એનો ગરમ પાણીમાં ખરડ કરી પેટ ઉપર ચોપડવો. પણ દુંટી ઉપર ચોપડવો નહીં. નાગરવેલનાં પાકાંપાનને એરંડાયું લગાડી તે જરા જરા શેકી પેટ ઉપર મુકવાં. અથવા તેવાં પાનથી શેકતાં રહેવું.

૧૫ ગરળો—નાગર વેલનાં પાનનું સોપારી વીગેરેની સાથ બીડું કરી તેમાં ચપટી અજમો, તથા અડધી મુઠી સુવા અને અરધી રંગવાની હરડે, ને થોડુંક સંચળ નાંખી તે બીડુ સારી રીતે ચાવી રસબસ થયા પછી તે રસ ચમચામાં આળી નાહાના બે ત્રણ ચમચા પાવા એ ગરળો આઠ, દસ દીવસે આપવાનો ચાલ રાખવો કહ્યા તથા વાયુથી થનાર વીકાર તથા બીજા પણ વીકારા થઇ સકશે નહી.

૧૬ બાળકને પેટમાં આંકડી ઉપર ઘોળી ડુંગળી નખથી થોડીક ચીરી નાક પાસે રાખવી અને હળવે સુઘાડવી એવી તેજ વખત આંકડી મટે છે. ગુ. લાબજળ રૂના પુમડા વડે તાળવા વીના સર્વ માથાને તથા કાનની પછવાડે, કપાળ ઉપર, અને આંખ્યો ઉપર લગાવું.

૧૭ વળી બાળકને ખાંશી તથા સસણી (હાંફણ) થઈ હોય તો કેટલાક લોકો ગળું ચંપાવે છે. એ ઉપાય સારો નથી વાસ્તે જ્યારે આ રોગ થાય ત્યારે મધ નેપાણી બેઊ ગરમ કરી પાવું, અથવા ચાહા પાવી એટલે ઓકારી કરશે તથા ઝાડો થશે તેથી આફાર નરમ પડશે. એ રીતે બે ત્રણ દીવસને આંતરે પાવું ને છાતી તથા ગળા ઉપર બદામનું તેલ ચોપડવું. કદાપી સસણી તથા ખાંશીનું જોર વધી બાળક રાત્રે ઊંઘતું નહીં હોયતો બદામનું તેલ તથા જેઠીમધનો શીરો એ બેને ગરમ પાણીમાં નાંખી મેળવવું,

ને રાતમાં જ્યારે ખાંશી જોર કરે ત્યારે થોડું થોડું બ ત્રણવાર ચટાડવું.

૧૮ બાળકનો કાન પાકતો હોય તો તેને બંધ કરવો નહીં કેમ કે તેથી કોઇ વેળાએ ગળામાં ગાંઠ થાય છે. ને ગળુ બંધ કરે અથવા તે રસ કોઇ બીજી જગોએ ઉતરી પડેતો ઘણું નુંકશાન કરે. માટે કાન પાકયો હોયતો મરડાશીંને ખાંડી બારીક કરી જરા જરા ભભરાવતાં રેહેવું, તેથી પરૂ બંધ થશે.

૧૯ બાળકને ઝાડો થતો હોય તો વાવડીંગ, કરીયાતુ, મોથ તથા બીલી એ સર્વે બરાબર વજને વાશી પાણીમાં ઘશીને પાય તો આરામ થાય. બીજુ લવીંગ તથા એલચી દાણા બરાબર વજને લેઇ ખાંડી બારીક કરી તેને શેકવું પછી પાણી સાથે ઘુંટીને પાવું એથી ફાયદો નજર ન આવે તો વજનમાં વધારવું. ને સાંજ

સવાર બેવાર પાવું. આ દવાથી ઘણો ફાયદો થાય છે.

૨૦ બાળકના પેટમાં દુખતું હોય તેનો ઇલાજઃ— શીંધવ, ગોખરૂ, સુંઠ, વાયવડીંગ, તજ, મોથ, દેવદાર, અને લવીંગ એ સર્વે બરાબર વજને લેઇ ખાંડી બારીક કરી તેમાંથી તેનું કઉઅત જોઇને ગાયના ઘી સાથે ખવરાવે તો કાળજાના દુખથી તથા પેટના દુઃખથી આરામ પામે

૨૧ બાળકને રગતપીત થયુ હોય તો, સુનામુંખી ટાંક ૧ ઉજળું જીરૂં ટાંક ૧ વાળો ટાંક ૧ લીંમ છાલ ટાંક ૧ પરીયાળી ટાંક ૧ હરડેદળ ટાંક ૧ અરડુસાના પાંદડાં ટાંક ૧ કસુંબાના ફુલ ટાંક ૧ એ સરવે પાણીમાં ઉકાળી તેના કઉઅત પ્રમાણે આપવું.

૨૨ મબારખી તથા તાલકોટ થાય છે તે ઉપર કાચું દીવેલ તથા બકરીનું દુધ એ બેઉને એકઠું

કરી બાળકના કઉઅત પ્રમાણે પાવું આ દવા ૨૧ દીવશ સુધી કરેથી ફાયદો થાય છે.

૨૩ જે બાળકના માથામાં ગરમી ઘણી હોય છે તેને ઘણું કરીને આંકડી । રોગ થાય છે.

૨૪ કસરત—બાળકને દરરોજ ઘરબાહાર ખુલી હવામાં ફેરવવા લેઇ જવું એથી એને તાજી હવા મળવાથી શરીર મજબુત થશે.

૫ વાયુના ઉપાય.

અજમો, સુંઠ, ગલણીનાં બી એ સરખે ભાગે લેઇ તથા તેથા બમણો જુનો ગોળ એ એકઠું ખાંડી અરધા તોલા પ્રમાણે ગોળીઓ કરવી તે રોજ ઘીની સાથે એક એક ગોળી આપવી એથી સર્વ પ્રકારના વાયુરોગ દુર થાય છે તળશાનો અંગરશ, મરીનાભુકો, અને ઘી, એકઠાં કરી ખાધાં હોય તો વાયુનો વિકાર દુર થાય છે. વળી સાજીખાર, સંચળ, તથા મધ એકઠાં

ફરી તેમાં ઘઉં જેટલી હિંગ નાખી આપવું એથી પેટ માંહેલો વાયુ નાશ પામે છે. એરંડીયું સુંઠના કાવામાં આપવું.

૬ ગરમી અને પીતનો ઉપાય.

ગાયના દુધમાં એરંડીઉં આપવું ગળોનો રસ તથા સાકર ભેળાં કરી આપવાં. ઘીમાં સાકર નાંખી આપવું. કોકમ, એળચીદાણા તથા સાકર એની ચરણી ખાવી ગાયના દુધ ઘીમાં સાકર નાંખી આપવું. પાકેલું કેળું ઘી સાથે ખાવું પાકેલા દાડમનો રસ કાહાડી તેમાં સાકર નાંખી આપવો. માંખણમાંથી છાસની અસર કાહાડી તેમાં સાકર નાંખી ખાવું. આમળાનો મુરબ્બો ખાવો.

૭ જુલાબ લેવા વિશે

જુલાબ લીધાથી શરીરમાંથી કચરો, મલ મમ, રોગ, ધોવાઇ જઇ સારૂ થાયછે પણ વાં.

વારે લેવાથી નુકશાન થાય છે. તાપના કે ટાઢા-ઢાડના દાહાડામાં જુલાબ લેવો નહીં. તે જે દા હાડે વરસાદ, વાદળાં, કે પવન હોય તે દહાડે પણ લે તો તેની જાતને નુકશાન પહોંચે. પા-તળું ણસ લે તો તેને જાડાં કરતાં વધારે નુકશાન છે. ઘરડા માણસે તો જુલાબ લેવોજ નહીં, ને લે તો ઘણુંજ નુકસાન થાય. જે દાહાડે જુલાબ લે તે દાહાડે વા, તથા સરદી ન લાગે માટે સાવધાન રેહેવું.

જુલાબ લેવાં હોય તો તે લેવાના બે વખત છે. એક ટાહાડની મોશમ બેસતાં એટલે કારતક મહીનાની અધવચમાં, ને બીજે ગરમીની મોશમ શરૂ થવાની વખતે એટલે ફાગણ મહીનામાં આ બેવખત માફક છે.

આપણી ઇચ્છા થાય કે જુલાબ આવે. અથવા ઓકારી આવે તેથી પેટનો તમામ ક્ચરો નીકળી જાયતો નીચે કહ્યા પ્રમાણે જુલાબ લેવો.

નીસોતર પૈસા ૩ ભાર ને સફેદ ખાંડ પૈસા ૩ ભાર એ બંને એકઠું કરી નયણે કોઠે ફાકી ઉપર ગરમ પાણી પીએ તો તમામ મેલ બલગમ પેટના માંદાગાંથી બાહાર નીકળે. શરીરે આરામ થાયને ભુખ વધે ઇંદરવાયણીની જડ રૂ ૦I ભાર ઝીણી કરી તેમાં ખાંડ ભેરી ફાકી ઉપર ગરમ પાણી પીએતો ઉપર કહ્યા પ્રમાણેજફાયદોથાય.ગરમાળો સોના તથા સોના મુખીનાં પાદડાં એ બેઉને ઉકાળી તે પાણી પીએ તોપણ જુલાબ આવે. આદુ રૂ૦ ૨ ભાર તેની કાતરી કરીને પાણી શેર ૦II માં ઉકાળી તેનું શેર ૦I રેહે તે પાણી ગાળી લેઇને તેમાં કાસ્તુ દીવેલ રૂ૦ ૧ ભારથી તે રૂ૦ ૨ ભાર સુધી નાખી પીએતો જુલાબ આવે. થુવરની જડની છાલ પાનમાં મુકી ખાય તો તે પણ એજ નફો આપે પેટ ઘણું ચાલે તો ભાત તથા ગાયનું દહીં ખવું,

રેવંચીની ખટાઈ રૂ૦ ૨ ભાર શીકોતરીઓ ઓળીઓ રૂ૦ ૧ ભાર એ બંનેને ખાંડી બારીક કરીને પાણી સાથે મરીના દાણા જેવડી ગોળી- યો કરી રાખવી, પછી તેમાંથી ગોળી ૨ થી તે ૫ સુધી સવારના પહોરમાં અથવા રાતના સુતી વખત ગરમ પાણી સાથે અથવા ચાહાના ગરમ ગરમ પાણી સાથે ગળાવે તો ઘણોજ ફાયદો કરે ને હરેક રસવીકારના આજારને દુર કરે,

ઓકારીને પરસેવો બહાર કાઢવાની ઇચ્છા હોયતો મીંઢળ રૂ. ૧ ભાર શીંધવ રૂ૦॥ ભાર એ બેઉને ખાંડી ઝીણુ કરી નયણે કોઠે ફાકી ઉપર ગરમ પાણી પીએ તો ઓકારી તથા પર- સેવો છુટે કે જેથી શરીરમાં ખુબ આરામ થાય બીજુ મોરથુથુ પૈ. ॥ ભાર છાશ સાથે પીએ તો એવોજ નફો આપે.

૮ પોટીસ વિષે.

જ્યારે વઈદો પોટીસ બાંધવાનું ફરમાવેછે

ત્યારે કેટલાક લોકો પોટીસ કેમ કરવું તે વાશે વૈદને પુછેછે માટે આ ઠેકાણે હરકત દુર કરવાને પોટીસ બતાવવાની રીત લખી છે દરદ પકવવાના કામમાં પોટીસ ઘણું ઉપયોગી છે.

ઘઊંના અથવા ચણાના આટાનુ પોટીસ આટો થોડા પાણી સાથે મેળવીને ગરમ કરવો અને કઠણ થવા આવે ત્યારે ઉતારીને લુગડા ઉપર ચોપડીને જ્યાં લગાડવું હોય ત્યાં લગાડવું.

પાંઊનું પોટીસ—ઉકળતુ ગરમ પાણી પાંઊના ગર ઉપર નાંખી તેને જરા હલાવી લુગડામાં નાંખી તેમાંથી પાણી નીચોવી નાખી તે લુગડા ઉપર પાથરીને જે ભાગ ઉપર મારવું હોય ત્યાં ગરમ ગરમ ખમાવશ થઇ શકે એવી રીતે મુંકવુ.

રાઇનું પોટીસ-હુંકાએલું અથવા કોકીનુ પાણી દસ ઓંસ લેઇને અળશીનો ભુકો તથા રાઇ આઠી આઊંસ તે પાણીમાં ધીમે ધીમે

મેળવવાં ઘણા ગરમ પાણીથી મેળવીને કરવાથી રાઇનું જલદપણું ઓછું થાય છે. વાસ્તે એ ઉપર ધ્યાન રાખવું.

કાંદાનું પોટીસ—કાંદાનો ગર બાફીને જરા છુંદી તેનું પોટીસ મારવુ.

૯ સરવે જાતના તાવના ઈલાજ.

તાવ ઘણી તરેહના હોય છે એકાંતરીઓ ચોથીઓ, તથા તે શીવાય જાત જાતના હોય છે

તાવનો ઇલાજ લાંઘણ વીના બીજો નહી કરવો. જો તાવમાં ભુખ લાગે તો ગગ વીના બીજૂ ન ખાવું શરીરમાંથી તાવ જાય ત્યાર પછી એક અઠવાડીયા સુધી ઘી, દુધ, દહીં તથા બીજી હરેક ભારે ચીજ ખાવી નહી ખાય તો ફરી તાવ આવે.

બીજુ તાવ આવે કે 'કવીનાઇન' પાણી સાથે સંભાળીને આપવુ બીજો ઇલાજ એ છે જે સોનામુખી રૂ૦ ૧ ભાર અને કરીયાતુ રૂ૦ ૧

ભાર એ બન્ને પાણી શેર ૦ાા મુકી ઉકાળીતેનુ સેર ૦। રહે ત્યારે લુગડુ ગળી પાવું એથી તાવ નરમ પડશે પણ સાંજ સવાર એ પ્રમાણે દીવસ બે સુધી પાવુ ને તાવ ગયા પછી કઉઅત આણુવાને આ ઉપાય કરવા—કસ્યાતાની પાંદડી રૂ૦ ૧ ભાર ધાણા રૂ૦ ૧ ભાર અને સાકર રૂ૧ ભાર એ ત્રણેને ઉકાળી એનું પાણી સવાર સાંજ પીએ તો ગયેલા તાંવ વાળાને ઘણો નફો કરે. ક- ઉઅત આવે, ભુખ લાગે, તાવ વાળાને કોઇ પણ જાતનો સરબત પીવા દેવો નહી, તે ખાવાનું હ- લકું ને થોડું થોડું પચતું આપવું.

તાવવાળા માણસને ઉલટી કરાવવી કે તેથી પરશેવો આવી તાવ ઉતરી જાય છે. મીઠાળ તોલો ૦ાા તથા સીંધવ તોલો ૦ાા એ બેને ખાંડી ઝીણું કરી ગરમ પાણી સાથે આપવું. તેથી ઓકારી થશે. અથવા મધ ને પાણી ગરમ કરીને પાએ તો તેથી પણ ઉલટી થાય છે.

તાવવાળાને જુલાબ આપવો તેની વીગત:—
ઇંદિરવાયણાની જડનો ભૂકો તોલો ॥ તથાં ખાંડ તોલો ૧॥ એ બેને એકઠું કરી ગરમ પાણી સાથે આપવું. તેથી જુલાબ આવશે ને તાવ ઉતરશે.

વળી ગમે તેવી જાતનો ચકત તાવ હશે પણ તેનો ઉપાય નીચે પ્રમાણે કરવાથી ઉતરી જશે.

મનસલ રૂ૦ ૧ ભાર. આમલસારો ગંધક રૂ૦ ૧ ભાર અને કળીચુનો રૂ૦ ૧ ભાર એ ત્રણે ચીજોને બારીક કરીને એક કુલડીમાં ઘાલવા. પછી તેનું મોહો બંધ કરી તેના ઉપર બધે માટીનો લેપ કરવો પછી છાંણાં નંગ ૫૦ ની ભઠ્ઠી કરી તે વચ્ચે મેલી મોહોર કીધેલી કુલડી મુકવી ને તે ઉપર તથા આસપાસ છાણાં મૂકી સળગાવવાં. પછી તે દેવતા હોલાઇ જાય એટલે પેલી કુલડી કાહાડી લેઇ તેમાંથી ઓસડ કાઢી ખલ કરવું. પછી તેમાંથી પડીકું ૧ ચોખા ૨ ભાર સરખી

અથવા સાકરના શીરામાં આપવું તેથી તમામ જાતનો તાવ જતો રહે છે, અથવા તો તે માણસ કઊવતવાળુ હોય તો સાકર ૩૦ ૨ થી તે ૩ ભાર સુધી ટાહાઢા પાણીમાં નાંખી શરબત કરવું. અને પેલું પડીકું જીભ ઉપર મુકી તે ઉપર શરબત પીવુ. કે જલદીથી તાવ ઉતરી જશે. પણ આદમીના કઉઅત પ્રમાણે આ દવા આપવી આ ઓસડ નાહાના બાળકને આપવુ નહી તથા સ્ત્રીઓને શરબત સાથે આપવુ નહીં એ ઊપર તેલ, હીંગ, મરચાં, આંબલી વીગરે ચીજો ખાવી નહી:

ગળો, સુંઠ. પીંપર લવીંગ, હરડા. પીંપરીમુળ, લીંબડાની અંતરછાળ, કડુ, સુખડ, તજ એ બધી દવા અકેક તોલો તથા કરીઆતું પાંચ તોલા નાંખી ખુબ બારીક ખાંડી વાળાની ચારણીથી ચાળી કાઢી જ્યારે તાવ નાં હોય તે વખતે રૂપીઆ ભાર પડીકૂં કરી પાણી સાથે

ફાકવું. દીવસમાં ત્રણ વાર સવાર બપોર સાંજ ફાકવું એથી ગમે તેવા પ્રકારના તાવનો નાશ થશે.

અજમો. હરડે, હીંગ ચીમો, સુંઠ બે જાતના ખાર. જીરૂ, શાહજીરૂ. ત્રીફળા, સંચળ અને શીંધવ એ સઘળું, સરખા ભાગે લેઇ ચુર્ણ કરી ફાકવાથી સર્વ પ્રકારના તાવથી પીડાતા દરદીને તુરત આરામ થાય છે.

૧૦ ખસનો ઉપાય.

ખસ લોહીના બીગાડથી થાય છે. તેથી શરીર ઉપર ફોલ્લા થઈ તેમાંથી પરૂ વેહેછે વાસ્તે એ દરદ ઉપર પેહેલાં કાચા દીવેલનો જુલાબ આપવો. અને પછી ગંધકને મીઠું તેલ એ બંનેનુ મલમ કરી શરીર ઉપર જ્યાં ફોલ્લા હોય ત્યાં ખુબ અંદર ઉતરી જાય એ રીતે મસળવું એથી ખસ મટી જશે.

બીજું—ખસવાળાને નીચે લખેલા રેવંચીના શીરાની મેળવણીની ગોળીઓ આપવી.

રેવંચીનો શીરો માસા ૪ તજ ધક્કુ ૨૦ ભાર. સુંઠ માસો ૧, શીકોતરીઓ એળીઓ માસાં ૪ એળચીદાણા ૧૫ પીંપર માસો ૧, અને વિલાયતનો સાબુ માસા ૮ એ રીતે પેહેલી ૭ ચીજને ખાંડી ઝીણે લુગડે ચાળી ખલમાં નાંખી પછી તેમાં સાબુ નાંખી ખલ કરવું પછી એક રસ થાય એટલે ચણા જેવડી ગોળીઓ વાળી સુકવવી. સુકાયા પછી તેનાંથી ગોળી ૩ થી તે ૭ સુધી દરરોજ લાગટ દીવશ ૭ સુધી રાત્રે સુતી વખત ગરમ પાણી સાથે ગળાવવી. એમ કરતાં ખસ ન મટે તો બીજા સાત દહાડા ઉપર પ્રમાણે કરવું. આ દરદ ઉપર કાચા દીવેલનો જુલાબ ગુણકારક છે. પછી સાથરો તોલો ૦ાા સાકર તોલો ૦ાા અને ઉનાબ દાણા ૭ એ ત્રણેને ઉકાળી તેનો કાવો દરરોજ પાવો. ને નીચે લખેલી જણુશો શરીર ઉપર ચોપડવી.

મોરદાશીંગ તોલા ૧ કપુર તોલો ૧ કથ્થો

તોલો ૧ સફેતો તોલો ૧ આમલસારો ગંધક તોલો ૧ પાપડીઓ કાથો તોલો ૧ અને પારો તોલો ૧ એ રીતે ૭ જણસોમાંથી પાંચ જણસો ખાંડી ઝીણે લુગડે ચાળી જુદી રાખવી પછી માખણ રૂ૦૫ ભાર લેઇ ખલમાં નાંખો તેમાં પારો નાખવો પછી એવું ખલ કરવુ કે, પારો એકઠો મળી જાય પછી સઘળી દાવાઓ થોડી થોડી નાંખતાં જવુ ને ખલ કરતાં જવું જ્યારે નરમ મલમ ચોપડવા જેવું થાય એટલે એક પ્યાલા માં ભરી રાખી રાત્રે સુતી વખતે શરીર ખુબ મસળવું. ને બીજે દહાડે ગરમ પાણીએ. અથવા થંડા પાણીએ નાહાવુ. કદાપી દીવશે ચોપડવું ફાવેતો તડકે બેશી ચોપડવુ. અને વાયડું, મરચુ કે, બીજી ગરમ ચીજ ખાવી નહીં.

૧૧ સુકો ખુજલી એટલે લુખસનો ઉપાય

એની નીશાન એ છે જે શરીરપર લાલ-રંગના મુકતા અળાઇની માફક થાય છે. કોઇને

કાળાપણુ થાય છે. એ સુકી ખુજલી વાળાને હલકો જુલાબ આપવો. પછી પારો તોલો ૧ અને ગંધક તોલો ૧ એ એઉને ધંતુરાના પાનડાના રસમાં ખલ કરી શરીર ઉપર મસળે તો એ જાતની લુખસ મટે.

બીજુ મોગરેલ તથા લીંબૂનો રસ એકઠુ કરી તે ઠેકાણે ચોપડે તો મટે. વીલાઈતી સાબુને મીઠું તેલ એ બંને સરખે વજને મેળવી ગરમ કરો તેમાં લીંબુનો રસ મેળવી ચોપડે તો આરામ થાય સુખડનું તેલ ચોપડવાથી પણ ફાયદો છે પરંતુ વધારે ચોપડવાથી નરમ મીજાજ વાળાને તાવ આવે તેથી થોડું ચોપડવું, અથવા લીંબુનો રસ મેળવીને ચોપડવું કે ઘણી ગરમી નહીં કરે.

૧૨ કાનના દરદનો ઉપાય.

વા, ગરમી, તથા પાત કે લોહીથી કાન દુખે છે તથા તે વગર કાનમાં પાણી જાય કે કીડા બગાઈ પડે તેથી પણ દરદ પેદા થાય છે તેના ઉપાય નીચે પ્રમાણે.

૧ વાથી કાન દુખતો હોય તો ઉપલેટ તથા કસગંધખાડી ઝીણાં ભૂકા કરી પાણીમાં બાંધીને રોટલી બનાવવી પછી મીઠું દેવતા ઉપર ઉનુ કરી તેમાં ઓસડની રોટલી બાળી બાહાર કાઢી તેની રાખ તેલમાં નાંખી તેના કાનમાં ટીપાં મુકવાં તેથી કાન દુખતો રહી જશે.

૨ ગરમીથી કાન દુખતો હોયતો સ્ત્રીનું દુધ કાનમાં પાડેથી મટી જશે અથવા લીંબુના રસનાં ટીપાં પાંડવા એથી પણ ઘણો ફાયદા છે.

૩ લોહીથી કાન દુખતો હોય તો ફસ ખોલાવવી.

૪ કાનમાં કીડા પડયા હોય તો ને તે બાહાર નીકળતા ન હોય તો એળીઓ, ને ગાયનું ઘી એકઠું કરી ગરમ કરીને કાનમાં રેડે તો કીડાં મરી જાય.

૫ કાનમાંથી હમેશાં પરૂ વહેતુ હોય તો ટંકણખાર ખાંડી ઝીણો ભુકો કરી કાનમાં ભભરા

વો પછી ઉપર લીંબુના રસના ટીપાં પાડવાં.

૬ કાનમાંથી માંખની માફક ગુણુગુણુગુણુ જેવો અવાજ નીકળતો હોય તો બદામનુ તેલ કાનમાં મુકવું અથવા દૂધીના બીનુ તેલ મુકવું ને દીવસમાં ચાર વાર જમવું.

૭ કાને બેરાશ થઇ હોય તેનો ઉપાય એ છે જે આકડાના પાદડા દેવતાં ઉપર ગરમ કરી તેનો રસ કાઢી તેના ટીપા દીવસ ૧૪ સુધી કાનમાં મુકવા તેથી કાન ઉઘડશે ને સંભળાશે અથવા ઊંટનું મુતર દરરોજ રાતરે સુતી વખત કાનમા મુકે તો ફાયદો છે, પણ દુખ થતાં વેતજ ઉપાય કરે તો ઊંટના મુતરથી ફાયદો થાય

હજારીગોટાના લીલા પાંદડાનો રસ ગરમ કરીને તેના કાનમાં ટીપા પાડવા. અથવા છુદેલા લસણુમાં બદામનુ તેલ નાંખી કકડાવી કાનમાં થોડા ટીપા નાંખવાથી કાનમાં મારતા ચસકા બંધ થશે.

સમુદ્રફીણ, લસણ અજમો. શીઝાબ તથા વાંસકપુર આ ઉપર લખેલ ચીજોનો દરેક અડધો તોલો તથા અફીણ પાતોલો આ માની બધા ચીજો (કપુંર વગર) ખાખરી કરી મીઠા તેલમાં ઉકાળી તેમાં કપુર નાંખવો આ મેળવણીનગાળી તેમાંથી થોડા ટીંપા નાખવાં,

૧૩ નાસુર નસકોરી તથા નાક બંધાઇ જતુ હોય તેના ઉપાય.

૧ જેના નાકમાં નાસુર થાય તે નાસુરનુ સર લોઢાના હથીયારે કાપી અંદર આંગળી ઘાલીને જડબાથી મોઢા તરફ બહાર કાડે પણ નાસુરનૂ સર કાપે તો તે ઉપર મોંઢળ તથા મધ મુકે કે તેથી તમામ મુરદાલ માંસને ખાય તેથી નાસુરનુ નામ નીશાન નહી રેહે બીજુ તે હમેશ ગોહાર ઉપરની ભાંગ ખાય તો ફાયદો છે અથવા જો ભાંગ ખાધાથી વધારે થાય તો લોઢાના હથીયારે તેની જડને ચીરી તે જગો ઉપર ડાગ મુકે તો મટે છે.

૨ નસકોરી ફુટી હોય તો નાકવાટે ખાળની માફક બગબગ લોહી નીકળે છે ઘણું કરીને લોહી ઘણું વધવાથી. કે અંદરની એક રગ ચીરાયાથી એમ થાય છે. માટે કોંદર પૈ૦ ૧ ભાર, અફીણ પૈ૦ ૧ ભાર. મજીઠ પૈ૦ ૧ ભાર અને કરોડીયાનો ગર પૈ૦ ૧ ભાર એ ચાર ચીજને ખાંડીને ઝીણો કરીને તેની વાટ બનાવી નાકમાં રાખે તો ઉપર કહેલાં બંને દરદો મટે.

૩. નાક બંધાય છે ત્યારે કલોંજી ગધેડાના પેશાબમાં મેળવીને હમેશાં મુકે તો મટે. બદામ નો રસ તથા આદમીનો પેશાબ પણ નાકમાં મુકે તો ફાયદો થાય છે.

૧૪ સળેખમનો ઈલાજ.

સળેખમ ગરમીથી થયુ હોય તો બળગમ પાતળો ને ગરમ બાહાર નીકળે. જો જાડોને પરાણે નીકળતો હોય તો સરદીથી જાણવું તેના ઉપાય—ખશખસની પોસ પૈ૦ ૨ ભાર. સુંઠ

પૈ૦ ૧ ભાર, અને ધાવરીના ફુલ પૈ૦ ૧ ભાર એ સરવેને પાણી શેર ૬ માં ઉકાળી શેર ૧ રેહે ત્યારે લુગડે ગળીને સૂતીવેળા—રાત ૩ સુધી અને લવીંગ પૈ૦ ૧ ભાર એ બેને મોહોડામાં રાખેતો શરદીથી થયએલુ શળેખમ મટે. સરસીઉ તેલ કેટલાક દાહાડા સુધી સૂંઘેથી મટેછે. કાલોજી સુંઘેથી પણ ફાયદો થાય છે.

વળી સળેખમ ઉપર—દુધ ગરમ કરી તેમાં સાકર તથા મરીનો ભુકો નાંખી આપવું. ચણાના દાળીઆ સુતી વખત ખાવા. પણ ઉપર પાણી પીવું નહી જાયફળ દુધમાં ઘશી જરા ગરમ કરી માથે ચોપડવુ, ગાયના દુધમાં અફીણ નાખી જરા ગરમ કરી માથે ચોપડવું.

૧૫ કંઠમાળાનો ઉપાય.

ધોળા ગોકરણાનું મુળ, ઇંદ્રવારૂણીનુ મુળ. વજ, દેવદાર, અને સરગવાનુ મુળ, એ ગોમુત્રમાં ઘશી લેપ કરવો કડવી તુંબડીનો રસ, અને

ચરશીયુ એકઠું કરી આગી ઊપર પકાવી રસ બળીજાય એટલે તે તેલ લગડવું, ચુનો ગોળ અને બાવાં એકઠાં કરી લેપ કરવો એટલે ગાલ ઊપરનો સોજો ઊતરેછે હરતાલ ગોમુત્રગંધશી લેપ કરવો વાયવાળાના ઊ...ામાં મધ નાંખી આપવો.

૧૬ ખાંસી અને દમનો ઉપાય.

ખાંસી રોગની નીશાની એ છે કે જે ફેફસામાં જખમ પેદા થાય તેથી હમેશાં ખાંસી જાય રે ...ય ખાંસતાં ખાંસીમાં જખમ તણા પરૂ બાહાર નીકળે ...ા ...ાગાય નાડી ધણી જલદીને સખત કુદે સુધી જ...ગો લોહીને પરૂ બાહાર આવે માટે એ રોગ થતાં વાંજ ગધેડીનુ દુધ આપે તો મટે પણ એ જુનો થયા પછી મટવો મુશ્કેલ, વળી આ રોગ થતાં વંત મારેલુ સોનું ખવરાવે છે તેથી કટલાએકને મટે છે. ક-પુરના રસથી પણ ફાયદો થાય છે.

દમનો ઉપાય એ છે જે એળીઓ મધ

સાથે ખાય તો મટે બીજુ મેથ એર, મરી. પીંપર વાવડીંગ ચીંરો અને સુઠ એ સરવે જણસો એક એક પઇભાભાર લઇ એકઠી કરી ખાંડી ભુકો કરી દરરોજ એક પઇશા ભાર ફાકે તો સાસ પંડરોગ કમળો. સુર તથા વાગોતો એ સરવે મટે બાકડુપાના પાનનો રસ કીંવા ઉકાળો મધ નાંખી આપવો તેથી ક્ષય દમ મટે છે બીજુ–સાકર ૧૬ ભાગ એળાચીદાણા ૨ ભાગ તજ ૧ ભાગ એ સરવે એકઠુ બેલ કરી લોટની પેઠે ચુરણ કરવુ એનુ નામ સીતોપલા ચુરણ એ ચુરણ મધ તથા ઘીમાં બબે માસા સાંજ સવાર આપવું એથી ક્ષય, ઉરસ; દમ, અગ્નિમંદ અરૂચી પાસુળ, જવર, સળેખમ. વીગરે રકતપીત તથા હાથ પગે બળતરા એ રોગો દુર થાય છે.

વળી માસ, ઉધરસ અને હાંફણ ઉપર—

પીંપર ધોળા મરી. હરડેદળ. જીરૂ શીંધવ. સં·

ચાળ જવખાર અને ચીતરો એ સરવે જાણુશો એક એક પઇશાભાર લેઇ ખાંડી ઝીણુ કરી દર રોજ ખાય તો ખાંશી તથા સાસ મટે બીજુ કાલેરાનો રસ શેર ૦। માં શીધવ પઇશા ૦।। બાર નાંખી દરરોજ પીએ તો સાસખાંશી તથાદમ મટે કાળા મળી ૦। આકડાના દુધમાં ગુટ્ટન વીને ખાય તો આરામ થાય.

આસન ગળો સતાવલી દસમુલ બળઝી જ આલીવીપની કળી તથા આરકુશી આ સરવે. સમભાગે લઇ ક્વાથ કરી પીવાથી ક્ષય રોગને સારો ફાયદો થાય છે.

ઇલાજ ૨ જો—આરકુશીમાંમધ મેળવીસાત દીવસ પીવાથી ધાતુ ક્ષય, સ્વાસ ક્ષય અને હ્રદયના તમામ રોગ મટે છે.

૧૫ કોહોડ તથા ગલત કોહોડનો ઇલાજ.

વઇદોએ કહયુ છે જે કોપોડ શીવાય ગલત કોહોડ અરાઢ જાતના થાય છે એ સરવેબીગાડે

વા લોહીથી થાય છે એ રોગ ઘણો ખરાબ છે કે કોઇ આપણી પાસે બેસે નહી તેહેનો ઇલાજ નીચે પ્રમાણે.

ઉમરડાના ઝાહાડની અંતરછાલ છાંયડે સુકવેલી શેર ૮, બાવચી શેર ૨ એક જણશીને ખાંડી ઝીણી કરી તેની ફાકી હમેશાં ૬ પઇશા ભાર ફાકે તો અરાઢે જાતના કોહોડ તથા ગલત કોહોડ મટે પણ કરી ન પળે તો રોગ મટે નહી. મીઠાઇ, નિમક, હલવો. ને સાકર, ગોળ તથા ચીકણી વસ્તુઓ ખાવી નહી. ગોળુ તથા મગ ખાવાં

૧૮ રગતપીતનો ઇલાજ.

રગતપીતનું દરદ ઘણુંજ ખરાબ છે તેની નીશાની એ છે જે હાથ તથા પગ ફાટીને લોહી નીકળે, નખ કાળા થઇ ખરી પડે, કોઇ કોઇ મા ણુસના શરીરપર રૂપીયા જેવડા ચકરડાની મા-ફક ચાઠા પડે છે. તથા નખ કાળા થઇ જાય

છે તેનો ઉપાય એ છે જે સાપની કાંચળી માસા ૨ ખજૂર સાથે ખાય તો તે માણસને છંતાવળો આરામ થાય.

રગતપીતનાં ચાંદાં પગની પાટલીને હેઠે તળીયામાં નાસુર પડે છે તો તેનો ઉપાય એ છે જે હળદર માસા ૧૦ પાનો માસા ૫ ગાયનુ ઘી માસા ૩૦ એ સરવેને પોહોર ૪ સુધી સારી પેટે ખલ કરવું; પછી વીલાયતી રેસાને ચોપડીને નાસુર ઉપર મુકી પછી તે ઉપર કાળા મલમની પટી મૂકે તો રગત પીતનું નાસુર મટે.

૧૯ મરડાનો ઉપાય.

મરડાથી લોહી, જલસ, તથા આમ પડે છે, મરડો તે છે કે આમ તથા લોહી પેટમાં મરડો કરીને સાથે પડે, અથવા એકલુ લોહી પડે ને આમનાસું તે છે કે એકલો આમ અમથો, અથવા મરડો કરીને પેટમાંથી પડે, એ બંને રોગથી ઉપરા સાપરી ઝાડો આવ્યા કરે ને કોઇને

કહેણુ મગડો થાય ત્યારે તાવ પણ આવે, જીભ ઉજળી થાય પેહડુમાં દુખે, ઝાડા જતી વખત પીડા થાય અને કોઇને ઝાડામાં અગરાઇને ટીપાં પડે એ રોગ થતાંવત પ્રથમ કાચુ દીવેલ બે અથવા ત્રણ ચમચાને આશરે સુંઠના કાવામાં ભેગી પાવું. કદાપી એ પ્રમાણે કરવાથી ફાયદો નજરમાં આવે તો એક એક દીવસને અંતરે ઉપર કહ્યા પ્રમાણે કાચુ દીવેલ ત્રણ દીવસ આપતા રેહેવું. પછી આ દવા આપવી. અગાશિનાં બીજ તોલો ૧ પાણી શેર ૦॥ માં ઉકાળી તેમાં સફેદ બાવળનો ગુંદર માસા ૪ નાખી તેના ત્રણ ભાગ કરી દીવસમાં ત્રણવાર પાવુ એ રાતે કરતાં ગુણ ન થાયતો ફરીથી ઉપર કહ્યા પ્રમાણે કાચા દીવેલનો જુલાબ આપવો ત્યાર પછી નીચે કહેલું ઓસડ આપવું.

કળીચુનાના પથરનો ૧૮ ધઉંભાર, હીરાદક્ષ ૧૮ ધઉંભાર, પાપડીઓ કાથો ૨૪ ધઉંભાર, અને

અરીણુ ૩ ઘણીભાર એ સઘવેને ખાંડી બારીક કરી એનાં લગુ પડીકાં સરખે ભાગે કરી દીવસમા ત્રણવાર ફકાવવા ને ઉપર માખરસીગુ પાણીમાં ઘશી તે પાણી ગરમ કરી જરા ટાહાડુ પાંણી પાવું કદાપી આમ ઘણો પડતો હોય ને લોહી થોડું પડતુ હોય તો અથવા નહીં હોય તો ઝીણી હીમજી હરડે દીવેલમાં તળીને તેનો ભુકો કરવો. તેમાંથી રૂ ૦ાા ભાર લેઇને તેમાં સાકરનો ભુકો રૂ ૦ાા ભાર ભેળી ફકાડવો ને ઉપર પથર અથવા લોહાને ત્રપાવીને તેથી પાણીને ઝાગી તે પાણી પાવું એ ઇલાજથી પેટમાં આમની કસર હશે તે પડી જશે ને પછી ઝાડા એ આમડપાજ કબજ થશે આગલા મરડાના ઈલાજ એટલે પેટમાં પેચસમરડો થાય છે તે ઉપર કેરાંની ગોટલી બીલી ધાવડીના ફુલ, મોચરસ, સુંઠ જાંબુના ઠળીઆ, અજમોદ, કેતાનના બીજ ... એ સરવે જ-ણશો બરાબર વજને લેઇ એકઠું કરી ખાંડી એ-

માંથી રૂ ૨ ભાર લેઇ દહી સાથે મેળવીને દીન ૭ સુધી ખાયતો મરડો મટે.

બીજો ઇલાજ—સાકર પઇશા ૧ ભાર તથા અરડુસો પઇશા ૧ ભાર એ રીતે બને જણસોને ખાંડી ભુકો કરી દુધમાં મેળવી સવારમાં પીએ તો મરડો મટે.

ત્રીજો ઇલાજ—હીમજી હરડે લેઇને તેમાંથી અડધી કાચી રાખવી ને અડધી ધીમાં તળી પછી તળેલીને કાચી એકઠી કરી ખાંડી બારીક કરી ખાંડ ભેળી ફાકે તો ભાત ભાતના મરડા મટે,

ચોથો—ઇલાજ—ધાવરીના ફુલ. વરીયાળી સાકર જાયફળ એ રીતે દરેક પૈ૦ ૪ ભાર લઇ પાણીમાં વાટી તેની ગોળીઓ એક એક પૈસાભારની બનાવી તેમાંથી ગોળી ૧ દરરોજ સવારે ખાય તો મરડો મટે.

પાંચમો ઇલાજ—હીરાદક્ષણુર ૧ ભાર તથા સાકર રૂ ૨ ભાર એ બેઉને ખાંડી બારીક કરી

તેના સરખે ભાગે ચાર પડીકાં કરવાં પછી પડીકું એક ટાઢા વાશી પાણી સાથે ફકાવવું તેથી મરડો તથા લોહી બંધ થાય છે.

છઠો ઇલાજ—સુંઠ દીમજ્જે, વરીયાળીપોસનો ડોડો અને ખસખસ એ સરવે એક પઇશા ભાર લેઇ ઘીમાં તળી ફાકી કરવી.

૨૭ સુળવાયુ; ચુંક, તથા મોરચી (મુરછી)

સુળવાયુ એ છે જે એકાએક પેટમાં આ ઘોગમ પેલીગમ ફરતી સુળ મારે જોરથી દુખે ને ચુંક આવે એ સુંળવાયુથી કોઇને એવું કઠણ દુખે કે તે સેહવાય નહી એ રોગવાળાને ઝાડો કબજ થએલો હોય છે એ રોગ થવાના ઘણા સબબો છે તે ઘણું કરીને વાયુના જોરથી ઉઠે છે તે થતાંવત તપાસવુ જોઇએ કે તે દીવસે તેને ઝાડો સાફ આવ્યો હોય તો ને કાંઇ ભારે ખોરાક નહી ખાધેલા હોય ને સુળવાયુનો રોગ થયો હોય ને પેટમા દુખતુ હોય તો નીચે કહે

લું ઓસડ આપવું.

કોલમનો ભુકો રૂ બા ભર સુંઠનો ભુકો રૂ૦॥ ભાર, કાળાં મરીનો ભુકો રૂ ૦।ભાર અને અફીણ ઘઊ ૧ ભાર એ ચારે જણસો મેળવવી પછી મધમાં મેળવીને ચટાડવુ ને ઉપર ગરમ પાણી પાવું અથવા એ દવા ગરમ પાણીમાં નાંખી પાવી. આ દવા આપ્યાથી દુખ તુ નરમ પડયા પછી બીજે અથવા ત્રીજે દીવસે કરુ દીવેલ એથી તે ચાર ચમચા સુધી સૂંઠના કાવામાં અથવા આદાના રસમાં રેડીને પાવું અને સુળ નરમ નહો પડે ને ઝાડો પણ ન આવે તો ફરી કરુ દીવેલ ત્રણથી તે ચાર ચમચા સુધી ઉન્હા પાણીમાં પાવુ અથવા સુંઠના કે ફુદીનાના કાવામાં નાખી પાવું એથી પણ ન મટે તો એ દવાતે પીચકારીમાથી ભરી ઝાડા વાટે પીચકારીઓ મારવી એ દુખ અજીરકેકે ભુમથી હોય તો અફીણ આપવું નહ

તેથી ઉલટુ નુકશાન થાય છે.

બીજુ—સુંઠ રૂ ૦ા ભાર સંચળ રૂ૦ા ભાર શીંધવ રૂ૦ ૨ ભાર કાળાં મરી રૂ ૦ા ભાર અને પીપર રૂ૦ા ભાર એ સરવેને ખાંડી એ ના બે ભાગ કરી તેમાંથી એક ભાગ મધમાં મેળવી ચટાડવો ને ઉપર ગરમ પાણી કે ફુદીનાનો રસ પાવો તેથી આ રોગ મટે છે.

ચુંકનો પેહેલો ઇલાજ—હીરાહીંગ ટાંક૧ સુંઠ ટાંક ચાર બોડી અજમો ટાંક ૨ ખાંડી ફાકી કરવી તે વાશી પાણી સાથે ફાકવી.

બીજો ઇલાજ—પીપળીમુળના ગંઠોડા અંદરજવ કાળીજીરી, મરી. અને ગોડા વજ એ રીતે સરવે જણુશો એક એક પઇસા ભાર લેઇ ખાંડી ફાકી કરવી પછી તે મધ સાથે ભેગી કરી ચટાડવી.

ત્રીજો ઇલાજ—સંચળ સુંઠ, મરી હિંગ અને અજમો એ રીતે સરવે જણુશો- સરખે

ભાગે લેઇ ખાંડી ગોળમાં ગોળી કરી ખાય તો સુક મટે.

ચોથો ઇલાજ—વળી સુંક ઉપર ઘોડાની લીંદ પાણીમાં ચોળી તેમાં હીંગ નાખી આપવું કળથીનો ઉકાળો સુઠ લીગ અને વડગર એનુ ચુરણ નાંખો આપવો.

મોરચીનાં લક્ષણો—મૂત્રનો અવરોધ, નીદ્રાનાશ, અન્ન ઉપર અભાવ, ઝાડો, ઉલટી, મોહ, દાંત, હોઠ, નખ, કાળા થવા. અતિશોશ એ રીતે લક્ષણો થાય છે. મુરછી અજીરણથી થાય છે. માટે તે ઉપર લસણ સંચળ, જીરૂં સિંધવ મીઠું, અને હિંગ એનું ચુરણ કરી લીંબુના રસમાં ચણોઠીઓળ જેવડી ગોળીઓ કરવી, તેમાંથી ૧ એક ગોળી આપવી તેથી અજીરણ, મોરચી, અગ્નિમંદ એ રોગ મટે છે.

બીજૂં મોરચી. જેને હિંદુસ્થાનમાં પાનિરસ કેહે છે તે ઉપર સુંઠ લીંબુ મોહોડામાં

ખાએ તો નફો આપે. એથી નફો ન થાય તો તુરત જાયફળ ટાંક ૧ ખવરાવે ને સુખડ ઘસીને પેટ ઉપર ચોપડે તેણે કરીને આરામ થાય. સાકરકુચો ટાઢા પાણી સાથે ખાયતો સ્ત્રી તથા પુરૂષને એ રોગ મટે. અકકલકરાની જડ દાંત નીચે રાખવાથી ફાયદો છે. બાગનું સુંઠ ટાંક ૧ સંચળ ટાંક ૧ ખાંડી બારીક કરી લીંબુની ચીરી ઉપર ભભરાવી પછી તેને દેવતા ઉપર મુકી ગરમ કરવું તે લીંબુ ચુશેતો આરામ થાય છે. મોરની સાથે સુગ અથવા સુક ચાલતી હોય તો ફોલગ તોલો ૦ા અને કાળીમરી તોલો ૦ા એ-સરવેને ખાંડી બારીક કરી તેમાં અરીઠુ ઘઉ બે ભાર નાખીને સાથે ચાટે ને ઉપરથી પાણીનો ઘુંટ પાય તો આરામ થાય.

૨૦ ખાંસી અને ઉધરશનો ઇલાજ.

ઉધરશ એને કેટલાક લોકો ઢાંસો કહે છે. એ રોગ ઘણા કારણથી થાયછે ત્રણ જાતની

ઉધરશ ઘણું કરીને થાય છે. પેહેલી જાતનીને સુકી ખાંશી કેહે છે. આ જાતની ઉધરશ આ-વવાથી છાતી ઉપરથી કાંઇ પડતું નથી. બીજી જાતનીથો છાતીમાંથી બળખા પડે છે. ને નબળા માણસને હાંફણુ પણ થાય છે. એ ખાંશો વધારે દીવસ રેહેતો એ સાથે ઝીણો તાવ પણ આવે છે. તેની નીશાની એ છે જે તે ધણીને જરાક સુવાની મરજીથ.ય, પણ તે તાવ અડધાકલા-કમાં ઉતરી જાય છે ત્રીજી જાતની ઉધરશ આ વવાથી છાતીમાંથી લોહી પડે છે અથવા લોહી બળખા સાથે જોડાએલું હોય છે.

પેહેલી જાતની સુકી ખાંશીનો ઉપાય; ખસખસના ડોડવા (પોસ) ૨૦ા ભાર, સાકર ૨૦ ૧ ભાર, અને ખસખસ ૨૦ા ભાર એ ત્રણે ચીજમાંને પાણી શેર ૦ાા ઉકાળી સવાર સાં જ પાતાં રેહેવુ એથી આરમ થાય છે. આ જાતની ખાસી વાળાને ગાયનું ઘો, માખણ, બ

દામનું તેલ. એવું એવુ ચીકણું ખરાવવું. બ દામનું તેલ છાતી ઉપર ચોપડવું. જેઠીમધના શોરાના સોપારી જેવડા કડકા કરીને મોહોમાં ચુસાડવા.

બીજી જાતની ઉધરશનો ઇલાજ;— જેઠીમધનો શોરો રૂ૦ ૨ ભાર. બાવળનો સફેદ ગુંદર રૂ૦ ૨ ભાર. કડીયો ગૂંદર રૂ૦ ૨ ભાર, ઘઉનો નીસાસતો રૂ૦ ૧ ભાર, કાળામરી રૂ૦ા ભાર, કેશર રૂ૦ા ભાર, અને સાકર રૂ૦ ૨ ભાર, એ સરવેને ખાંડી ઝીણું લુગડે ચાળી પાણી નાંખી ગોળીઓ કરવી તે ગોળીઓમાંથી સવારથી તે સાંજ સુધીમાં ગોળી ૫ થી તે પંદર સુધી ચુસવા આપવી કે ચુશીને રસ ગળામાં ઉતારે. એ ખાસી વાળાને હલકું ખાવાનું આપવું દુધ, દહી, છાશ. ઘી માખણ અને તુવરની દાળ એવી એવી ચીજો ખાવા ન આપવી. બદામનું તેલ ઘીની જગાએ ખાવા

આપે તો ફાયદો થાય. વથા એ તેલ છાતી ઉપર મસળવું જોઇએ.

ત્રીજી જાતની ઉધરસનો ઇલાજ—સાગર શીંગાનો ભુકો રંદો ચારેલો ૩૦ રા ભાર, બાવળનો સફેદ ગુંદર ૩૦ રા ભાર, અને સાકર ૩૦ ૫ ભાર, અને પાણી શેર ૦ાા એ મધેથી પ્રથમ સાગરશીંગાના ભુકાને પાણીમાં નાખી ઉકાળવો જ્યારે પાણી શેર ૦ા રેહે ત્યારે સાકર તથા ગુદર નાખીને તે ઓગળે એટલે નીચે ઉતારી લેઇને તે ઓસડ કાચના શીસામાં ભરી મુકવુ પછી તેના છ ભાગ કરવાને અકેકો ભાગ દીવસમાં ત્રણ વાર પાવો.રંદો સાગરસીંગાનો ભૂકો રંદો મારેલો ન ગળે તો સાગરસી ગુધસીને તોલા રાા લેવું બીજો ઇલાજ—મોટાં ગુદાં પાકાં શેર ૧ લઈ તેનો રસ કાહાડો તેમાં સાકર શેર ૦ાા ને આશરે નાંખીને ઉકાળવું, પછી જ્યારે તે ચાસણી જેવુ થાય ત્યારે નીચે ઉતારી

કાચના વાસણમાં ભરી રાખવુ તેમાંથી દરરોજ રૂ૦ ૨ ભાર ને આશરે સવાર સાંજ ચટાડવું. કદાપી સુદા ન મળે તો ગુલીના પાંદડાનો રસ કાહાડી તેમાં સાકર મેળવીને હમેશા પાવું એ ખાંસીવાળાને તાવ નહીં હોય તો બકરીનુ દુધ પાવું તે નહી બને તો ગધેડીનુ દુધ પાવુ. ગાયનુ દુધ વગર માખણ કાઢેલી છાશ, જવની કાંજી તથા જવનુ પાણી પીવામાં આપવુ. આ રોગ મટે ત્યાં લગણ લખવા, વાંચવાનુ કે ઘણી મેહેનત કરવાનુ બંધ રાખવું.

પીપર તોલા બે, તમાલપત્ર તોલો અડધો તજ તોલો અડધો, એલચી તોલા અડધો સાકર તોલા ૪ દરાખ તોલા ચાર, જેઠીમધ તોલા ચાર ખજુર તોલા ચાર એ સરવે ચીજો એકઠી કરવી અને બારીક ખાંડી ખલ કરી નાના બોર જેવડી ગોળી વાળવી. એ ગોળી રાતરે મોંમાં રાખવાથી સારો ફાયદો થાય છે.

એ શીવાય કોઇને ખાંશી સાથે હાંફણુ હોય છે અને કોઈને એકલી હાંફણ ને દમ હોય છે. ખાંશી સાથે હાંફણુ થાય છે તેનુ ઓંખડ બીજી જાતના રોગમાં કહ્યા પ્રમાણે કરવુ પણ એકલી વગર ખાંશીની હાંફણ થતી હોય તો બુંદનો કાત્રો વગર દુધનો એકલો થોડી સાકર નાંખી પાવો બુંદ તોલે બમણા નાંખવા. હાંફણવાળાના પગને ઘણા ગરમ પાણીએ ઝારવા અથવા એવા પાણીમાં બોળી રાખવા.

૨૨ આદાશોશીનો ઊપાય.

આદાશીશી વા તથા કફથી થાય છે તેની નીશાન એ છે જે સુરજ ઉગે કે માથાની રગો તણાય ને એવુ દુખે જે એથી વાઘ જેવો માણુસ હોય તે બકરી જેવો નરમ થઇ જાય ને સુરજ આથમે ત્યારે કરાર પડે ને વળી બીજે દહાડે સુરજ ઉગે કે માથુ દુખવા માંડે તેનો ઊપાય એ છે જે વજ મરી પીપર સુંઠ એ સરવે

પાણીમાં ઘશીને પછી લુગડે ગળીને નાકમાં સુંઘે તો મટે જો વાથી આદાશીશી ચઢતી હોયતો સતાવરીના તેલથી મટે છે.

માથાના દુખનો ઉપાય આ લખ્યો છે તેથી માથાના જાત જાતના રોગો મટે છે—સુંઠ માસા ૨ા કેસર માસા ૨ા ગાયનુ ઘી પૈ ૯ા ભાર પેહેલી બે ચીજો ખાંડી ઝીણી કરી ગાયના ઘીમાં મેળવીને નાકમા સુંઘે તોતેથીમાથાના તરેહ તરેહના રોગ મટે છે જો વાથી માથુ દુખતુ હોય તો એરંડાની જડ છાંયડામાં સુકવીને પાણીમાં ઘશી કપાળે તથા પગને તળીએ ચોપડે તો દુખતુ મટે ગરમીથી તથા પીતથી દુખતુ હોય તો સુખડ ગશીને ચોપડેથી મટે તથા મરી ઘશીને ચોપડે તોપણ એવોજ ગુણ થાય ચીતરા છા ઘશીને ચોપડે તો ઘણો ફાયદો થાય છે નગોડના પાનડા તથા ચોખા હીંગ ચણા બેભાગીને એની પોટલી કરી નાકમાં દીપાં પાઆદાશીશી મટે.

૨૨ દાંત દાઢ મોહોડુ ગળુ તથા જીભનો ઈલાજ.

ટાહાડા પાણીથી દાંત દુખતા હોય તો કે ફાલ રગનું લોહી લેવરાવે મટે પણ ગરમ પાણીથી દુખતા હોય તો સુવા દાંત નીચે રાખે તો મટે અથવા મસ્તકી રાખેથી પણ મટે છે કનેરની જડથી કે પોપળીમ્ળથી પણ ફાયદો થાય છે જો દાંતની જડમાં કીડા થયા હોય તો હીંગનો ગાંગડો ગરમ કરી દાંત નીચે રાખે તોકીડા મરી જાય. ભોંયરેંગણીનાં ડીંડવા દેવતા ઉપર મુકી તેની ધુણી દાંતને દે તો કીડા તમામ નીચે ખરી પડે.

૨ દાંઢ દુખતી હોય તો—ફટકડીનો ઝીણો ભૂકો કરી તેમાં થોડુક મીઠું નાંખવું પછી એક રૂનુ પોહોળીયુ કરી પાણીમા ભીજાવી તે ઉપર પેલો ભુકો ભભરાવવો પછી તે દાઢ ઉપરથી મુકેથી દૂખતી મટે છે.

૩ મોહોડુ પાકે એટલે મોમાં લાલ છાલટા પડ્યા હોય તો, કતરી વાંસકપુર તીસાસતો એ ત્રણે બરાબર તોલે લેઇ ખાંડી બારીક કરી મોહામાં ભભરાવે ને પછી નીતરતુ મુકે તો મટે સરકો તથા ગુલાબના કોગળા કરાવેયો પણ મટે છે જો લાલ ફોલા થયા હોય તો લોહી કમ કરાવવું અંદરથી સફેદી દેખાય તો સમાક તથા ચંપેલી ફુલ એકઠું બારીક કરી મોઢામાં રાખે તો આરામ થાય. જીરૂ ખાંડી તેના પાણીમાં રતાંજળી ઘશી તેમાં એળચીના ભુકો તથા ફુલાવેલી ફટકડી નાખી કોગળા કરાવવા તથા જાંબુડીની અંતર છાલનો ઉકાળો કરી તેમ ફુલાવેલી ફટકડી નાંખી કોગળા કરાવવા એથી મોહોનો રોગ મટે છે.

મોં ગધાતુ હોય તો–કસ્તુરી, અગર, તથા લવીંગ એ ત્રણ ચીજો ખાંડી બારીક કરી એ ઓસડ કેટલાક દીવસ સુધી દાંત ઉપર મસ

જે તો મોં ગંધાતું બંધ થાય.

૪ ગળામાં કોયલ પડે એ રોગ એવીતરે હનો હોય છે કે ગળામાં થુંક ન ઉતરે એ રોગ પીત લોહી વીકાર કે વાયી થાય છે, ગળામાં ઘણું દુખે તો એ દરદ લોહી વીકારથી જાણવું તેના ઇલાજ એ જે બેઉ હાથની કોશાલ રંગનું લોહી કઢાવવું જો વાયી કે પીતથી દુખતું હોય તો મોમાંથી ફીણ નીકળે ને ડુખ નહી કરે ત્યારે અંજીર ઉકાળી તેનું પાણી એક અઠવાડીઆ સુધી રાત દહાડો પીએ તો મટે પાણી પીવાને બદલે પણ એજ પાણી પીએ તો વધારે ફાયદો થાય છે.

બલગમ ગંધાતી હોય તો—લસણ મધ સાથે ખાય તો મટે.

૫ જીભ ભારે થઇ હોય તો તેની નીશાન એ છે જે જીભનાં સોજો આવે તેથી જભાં કઠણ ને ભારે થાય. જભાં હાલે નહી તેના ઉપાય

નોસર, મરી, રાઇ પીંપર એ બરાબર વજને લેઇ ખાંડી ઝીણુ કરી જીભને મસળે તો રીણુ બહાર નીકળે તેથી મટે.

મોંમાંથી લોહી પડે છે તેનો ઉપાય—અરડુસો રાતો રૂ ૧ ભાર તથા મધ શેર ૦। એ એકઠુ કરી એ આજારના ધણીને સવારે આપે તો આરામ થાય.

૬ ગળુ પડે એટલે ગળામાંથી બોલ ન નીકળે તેનો ઇલાજ—સીંધવ, વજ બાવચી ભામી ભીંગડો, હળદર, મરી અને પીંપર એ જણશો બરાબર વજને લેઈ ખાંડી મધ સાથે કેટલાક દાહાડા ચટાડે તો આરામ થાય.

૭ દાંતમાં થતા કળતરનો ઉપાય—જ્યારે દાંતના પોલાણ વધારે હોય, અને કળતર વીસેશ થતુ હોય ત્યારે દાતને સણના લુગડાથી શાફ કરી કપુર તથા અફીણ અકેક ઘઉ ભાર લઇને એ બને મેળવી દાંતના પોલાણમાં ભરવુ અ-

થવા લવીંગ યા પેપરમેન્ટના તેલનુ પુમદ્દુ દાંત માં રાખ્યાથી સારો ફાયદો છે ઈલાજ રજો સુંઠ ફટકડી અને ।અક્કલગરો આ ત્રણે ચીજો સરખે ભાગે લેઈ છુંદી એકઠું કરી દુખતા દાંતમાં મુકી મેલી લાળ ગળવા દેવી એથી સારો ફાયદો થાય છે.

૨૩ પેશાબ બંધ થાય છે તેનો ઈલાજ.

ઈદર વાયણાની જડ પઈશા ૧ ભાર આપે તો પોહોર ૧ માં પેશાબ તથા ઝાડોબહુ છુટે બીજુ કાંદાના બીજ આ ચારે ચીજો વજ ને રૂપીઆ ૨ ભાર લઇને પછી ખોખરૂ કરી પાણી શેર ૬ માં ઉકાળી તેનુ શેર ૧ રેહે ત્યારે તેમાં સાકરની ચાસણી આપીને જેને પેશાબ બંધ થયો હોય તને પાય તો પોહોર ૧ પછી પેશાબ છુટે પણ ડુંટીની નાચે ગાંઠ બંધાઇ હોય તો મોતનુ નીશાન છે, બીજુ કપુર ઇંદ્રીના છેદમાં મુકે તો ઘડી ૧ પછી પેશાબ

છુટે. સુરોખાર પણ છીદ્રમાં મુકેથી છુટે છે. કજાથી ઊકાળો તેનુ પાણી પાય તો આરામ થાય છે સાકર શેર ૦। તથા કેળનો રસ શેર ૦। એ બે વાના પાય તો પેશાબ છુટે છે.

પેશાબ બંધ થયો હોય તો પથરીનાઇલાજમાં લખેલો ઉપાય કરવાથી આરામ થાય છે.

૨૪ પેશાબ ઘણો થતો હોય તેનો ઈલાજ

કાળા તલ પૈ૦ ૯ ભાર સવારના પોરમાં હમેશાં ખાય તો પેશાબ ગળતો હોય અથવા થોભતો નહી હોય તેને આરામ થાય બીજુ મારેલુ લોઢુ તથા સુંઠ બરાબર વજને લેઇ ખાંડી ઝીણુ કરી તેથી બમણી તેમાં સાકર ભેળી હરરોજ સવારે નયણે કોઠે ફાકે તો પેશાબ ગળતો થાય અથવા ઘણો થતો હોય કે થોભતો ન હોય તે દુરસ્ત થાય ને આરામ પામે જો મારેલુ લોઢું હાજર નહી હોય તો પોલાદ મારેલાનો ભૂકો તઇયાર રાખવો.

ત્રીજો ઇલાજ—સુવા શેર ૧ મેદા સેર૦ાા સુંઠ શેર ૦ાા રાતી ખાંડ શેર ૧ાા અને ઘી શેર ૦ાાા એ સરવે વસાણા ખાંડીને એના લાડુઆ બનાવવા તેમાંથી એક લાડુઓ સવારે નેએકસાંજે ખાય તો પેશાબ ગળતો હોય તે મટે ધાતુ વધે ગવારનો આટો સેર ૧ અને સાકર શેર ૦ાા ખા ડી ઝીણુ કરીને ગાયના ઘી સાથે સવાર સાંજ દીવસ દશ સુધી ખાય તો આરામ થાય.

૨૫ કફ (બલગમ) નો ઇલાજ.

બલગમની નીશાન વાસ્તે આગલ્યા વઇદોએ એમ લખ્યુ છે કે તેનુ મોહડુ હમેશાં સફેદ હોય પેટ નરમ હોય ભુખ થોડી હોય પાચન. નહી થાય ઉંઘ જ્યારે હોય તનમાં સુરતી હોય કદમને પરસેવો હોય તબીયત ગરમી ઉપર ખાસે સમંદ હોય શરદ ચીજ કે પાણીને નહી ચાહે.

કફ ઉપર ગળોનો ઉકાળો મધ નાખીઆ

પવો,જેઠીગધનો ઉકાળો મધ અથવા સાકર કીંવા એઉ નાંખી આપવો. પીંપરનુ ચુરણુ મધ તથા ઘીમાં આપવું. એલચીદાણા શીંધવ ઘી તથા મધ એકઠું કરી આપવું આદાના રસમાં તેથી બ મણી સાકર નાખી ચાટણુ કરી આપવું ગો મુત્રમાં હળદર નાખી આપવું કુવારનો ગભ કાઢી તેમાં સાંધવા હળદર અને મધ નાંખી આપવું.

૨૬ પેશાબમા તનખ તથા જનનો ઈલાજ.

એ રોગ વાથી થયો હોય તો કુટીનીની એ તથા ઇંદ્રીને મોઢે દરદ ઘણુ કરે તેનો ઇલાજ— એળચી અરડુસો, પાખણભેદ સફેદ એરંડાની જડ સેલાજીત ગાગલચારો ગંધક અને જવ ખાર એ સરવે જણસો એક એક પઇસાભાર લેઇ ખાંડી ઝીણી કરી હરરોજ સવારે પઇશા એકભાર ખાય તો તનખ તથા જલન વીગરે દરદો મટે.

આ રોગ ગરમીથી હોય તો—તેનીનીશા નીએ છે જે પેશાબની વખતે ઇંદ્રીબળે પેશાબ ગરમ તથા લાલ રંગનો થાય મોહડું અંદરથી સુકાય પાણીની તરસ ઘણી લાગે

એનો ઇલાજ—એ છે જે હરડે મોહોટી ગંધક પાખણુ ભેદ શેલાજીત અને કાકડીના બીજ એ સરવે જણસો એક એક માસાભાર લેવી તેને પાંણી શેર ૬માં ઉકાળી તેનુ શેર એક રહે ત્યારે લુંગડુ ગળીને તેમાં મધ પઇસા એક ભાર મેળવીને હફતા ત્રણ સુંધી પીએ ને ઘઉં તથા ભાજી હરેક ભારે ચીજ ખાય નહી તો આરામ થાય.

એ રોગ બલગમથી હોય તો—ઇંદ્રીમાં દરદ તથા સોજો હોય પેશાબ અટકતો નીકળે તેનો ઉપાય એળચી અરડુશો પાખણભેદ, સફેદ એરંડાની જડ, ચીનીકબાલા અને ગોખરૂ એ સરવે માસા ૩ ત્રણ ભાર લેવુ પછી પાણી

શેર ૪ માં ઉકાળી તેનુ સેર ૧ રહે ત્યારે લુગડે ગળી તેમાં સાકર તથા શેલાજીત નાંખી હુફતા ૪ સુધી પીએ તો મટે.

૨૭ ઉંઘમાં પેશાબ થતો હોય તેનો ઉપાય,

જો ટાહાડની મોશમમાં પેશાબ થઇ જતો હોય તો ઇસબંધ ઘી, તથા ખાંડ ભેળીને ખાય તો આરામ થાય પણ ટાહાડની મોશમ પુરી થાય ત્યાં સુધી એ ઓસડ ખાવુ જો ગરમીના દાહાડામાં એમ થતુ હોય તો ઘણા પઇસા એક ભાર ખાંડી ભૂકો કરી તેમાં ખાંડ પઇશા ૪ ભાર ભેળો ફાકે તો આરામ થાય.

૨૮ પથરીનો ઉપાય.

જેને આ રોગ થયો હોય ને પથરી આડી આવ્યાથી, પેશાબ થતો નહી હોય તો નીચે પ્રમાણે ઓસડ કરવુ.

હરડે બેહડાં, પાખણભેદ ગરમાળો ધમાસો, ધાણા ગોખરૂ કાકડી બી એ સરવે

વસાણા બરાબર વજને લઇને ખોખરૂ કરી પાણી માં ઉકાળવુ પછી એ પાણી સવારે હમેશા પીએ તો પથરીના ભુકા થઇ ઝરો જાય ને આરામ થાય એ ઉપર મુગા ખાધાથી પણ ફાયદો થાયછે

બીજો ઇલાજ ટંકણખાર ઝીણો કરીને ટાહાડા પાણી સાથે ખાય તો પથરીના રાખની માફક ચુરેચુરા થઇ જાય તેથી ગરે, પણ આ રોગવાળાને દૂધ, ગોળ, મીઠાઇ, ઘી વીગરે એવી ભારે ચીજો ખાવા દેવી નહીં.

ઉપરના બંને ઇલાજથી ફાયદો ન થાય તો પછી છેલ્લી વાર સારા વિદ્વાન ડાકટરને બોલાવી ચીરાવી પથરી કઢાવવી ને પેલા જખમ ઉપર અમરથા લુગડાનો પાટો બાંધી રાખવો તેથી રૂઝા જશે.

૨૯ ઈંદ્રીના જખમનો ઈલાજ.

ઇંદ્રીને જખમ થયો હોય તો કપીલો સરશીયા તેલમાં મેળવીને ચોપડે તો મટે. મેંદી પણ

સરશીયા તેલમાં મેળવીને ચોપડવાથી પણ રૂઝ આવે છે. બીજું વરસાદના દાહાડામાં બલાડીનો ટોપ ઉગે છે જેને નાનાં છોકરાં કુતરાની ટોપી કહે છે તેને ફારશીમાં સમારગો કેહે છે" તે ટોપ લીલો હોય છે ત્યારે ધોળો સફેત હોય છે. ને સુકાય છે ત્યારે કાળો થઇ જાય છે. તેને જડ સુધી ઊખેડી લાવી તેનો ભુકો લીલા જખમ ઊપર મુકે તો આરામ થાય છે-

૩૦ ચાંદીનો એટલે ટાંકીનો ઈલાજ.

ગમે તેવાં મોહોટાં ધારાં પડયાં હોય તથા મોહોટા ફોલ્લા થયા હોય તો નીચે લખ્યા પ્રમાણે ઓસડ કરે તો આરામ થાય.

હિમજી હરડે રૂ. ૮ ભાર, રસકપુર રૂ૦ ૪ ભાર, અનારનાં ફુલ સુકાં રૂ૦૧ ભાર, બોદારશીંગ, જાયફળ, એળચીદાણા. લવીંગ અને મરી એ સરવે રૂપીઆ એક ભાર એ સઘળી ચીજોને ખાંડી ઝીણી કરી લીંબુ નંગ

૧૦૦ ના રસમાં ખલ કરવી. લીંબૂનો રસ ખલ્લ કરતાં સુકાય ત્યારે સોપારી જેવડી મોહોટી ગોળીઓ વાળવી તેમાંથી એક ગોળી સવારે ને ૧ સાંજે ખાય તો આરામ થાય. એ ઉપર મીઠું ખાવું નહીં મોળું ખાવું.

બીજો ઇલાજ—ઓહારસીંગ રૂ. ૧ ભાર, અનારનીછાલ, રૂ. ૧ ભાર અને ગોળ પૈ. ૪ ભાર, પેહેલી બે જણશોને ખાંડી ઝીણી કરી ગોળી ૮ ગોળમાં વાળવી પછી એક એક ગોળી સવાર સાંજ ખાય ને ઉપર ઘી શેર ૦ા ગાયનું ખાય તો દીવસ ૧૪ માં આરામ થાય છે. ત્રીજો ઉપાય હીમજી હરડે રૂ. ૨ ભાર, મોરથુથુ ફુલા વેલું રૂ. ૧ ભાર, અને સાકર રૂ. ૧ ભાર એ સરવેને ખાંડી લીંબુ નંગ ૧૦૦ ના રસમાં ખલ કરી ચણી બોર જેવડી ગોળીઓ વાળો તેમાંથી ગોળી ૧ ટહાડા પાણી સાથે ગળાવવી, ને ઉ પર સેકેલા ચણા ખવરાવવા. એથી ટાંકીનો આ

જાર, તથા શરીરમાં ગમે તેવા ફોલ્લા, કે નારૂ હોય તે મટે. જો સેકેલા ચણા ન ખાય તો ઉલટી થાય માટે ગોળી ગળી તરત ચણા ખાવા ટાંકીના દરદ ઉપર મોહો લાવે તો ઘણો ફાયદો છે. દરદને જડમાંથી કાહાડી નાંખે.

---

૩૧ પરમીયાનો ઈલાજ.

પરમીઓ બે જાતનો થાય છે. તેમાં એક ગરમીથી અને બીજો વાથી ગરમીથી થયો હોય તો તેની ધાત મેસુરને રંગે હોય. તેની બદબો ઉપર કીડી તથા માંખ એકઠી થાય એ રોગ વાથી થયો હોય તો ધાતનો રંગ સફેત હોય, હમેશાં પેશાબ કીધા પછી ધાત જાય આ રોગથી મરદી ગઈ હોય તો ધાતુપુષ્ટ મરદીના ઉપાયમાં કહ્યા પ્રમાણે ઓસડ કરવાથી પણ પરમીઓ મટે છે.

ખાકી ઈંટ ઘણી જુની હોય તેને ખાંડી

ઝીણી કરી સવારે ટાહાડા પાણી સાથે ફાકે તો પરમીઓ મટે. બીજુ સરવાળા નામનું ઘાસ ૮ જેને સરવે ઊખરડા કહે છે અને નાહાંના છોકરા જેહેને કૂત્રા કહે છે તે લુગડા ઉપર વળ આવે તો ચોટી જાય, તે બાજરીના કણુસા જેવુ થાય છે, જડ સુધાં ઉખેડી લાવીને છાયડે સુકવી સુકાયા પછી ખાંડી તે બરાબર ખાંડ મેળી સવારે તથા સાંજે એક એક હથેલીનો ભરીને ખા તો ભાત ભાતના પરમીયા મટે. ત્રીજો ઈલાજ— એ છે જે સફેદ ગુદર શેર ૦ા શીઘોડા શેર૦ા બુરા ખાંડ શેર ૦ાા મેદો શેર ૦ાા એ બધાં વાસણો એકઠાં કરી કાચનાં વાસણમાં ભરી તેમા ઘી શેર ૦ા તથા ઘીના વજન પ્રમાણે દુધ મેળીને તેમાંથી પઈસા પાંચ ભાર દરરોજ સવારે કેટલાક હફતા સુધી પીએ તો ભાત ભાતના પરમીયા મટે તે મટી જાને.

કેવડાની જડનો રસ શેર ૦ામાં સાકર પૈ૦ ૫ ભાર નાંખો પીએ તો આરામ થાય, વળી પરમીયા ઉપર.—આંમળાના ઉકાળામાં બે માશા

હળદર, તથા મધ નાખી આપવો. ગળોનો રસ કાહાડી તેમાં મધ નાખી આપવો.

૩૨ બદનો ઊપાય.

માણસની જાંગના બંને કાતરાઓની ઉપર અથવા એક કાતરા ઉપર લાંબી કેળાંના જેવી ગાંઠ થાય છે તેને બદ કહે છે એ રોગ ટાંકી, પરમીઆનો ભાઈ છે તે ખસુશ કરીને જેને પરમીયો થયો હોય ને સારી પેઠે ઓસડથી જડમાં ધી સાફ ન થયો હોય તેને એ બદનો રોગથાય છે કોઈને પરમીયો થયા વગર પણ થાય છે. એનુ ઓસડ બરાબર ન કરે તો એ રોગ ખુશોઆની નીચે અથવા પેટમાં ઉતરે ત્યારે ઘણી હેરાનગતી પોચે છે માટે તેનુ ઓસડ નીચે લખ્યા પ્રમાણે તાકીદથી કરવું.

પ્રથમ તો જ્યારે બદ જોર કરે ત્યારે ઉતાવળથી બે ત્રણવાર જળો મુકાવવી જળો છુટ્યા પછી બેરજીના ગલમની પટી મારવી તે

મલમ બનાવવાની વીગત—એરજી જેને રાજન કહે છે તે રૂ૦ ૫ ભાર બીજુ કાચુ મીણ રૂ૦ ૫ ભાર અને અળસીનુ તેલ રૂ૦ ૫ ભાર પ્રથમ મીણને એક વાસણમાં નાખી દેવતા ઉપર ગરમ કરવુ મીણ ઓગળી જાય ત્યારે એરજી ખાંડી તઈયાર કરી રાખી હોય તે ભુકો તેમાં નાંખવો તે ઓગળી એક રસ થઇ જાય ત્યારે તેમાં તેલ રેડવુ તે ધીમાં દેવતાના અંગારા ઉપર થોડો વાર રાખી જરા હલાવી નીચે ઉતારી લુગડે ગળી લેવું પછી તે મલમની પટી મારવી આ મલમ જેરવવા સારૂ તથા દરદને પીગળવા સારૂ ઘણોજ ફાયદાકારક છે આ રોગ વાળાને ફરવા હરવા દેવું નહી સુંવારી મૂકવુ કદાપી બદની અંદર પૂરૂ નહી થવા ને માલમ પડે કે પાકશે તો અળસીના બીજનુ બાજરીના લોટનુ કે ચણાના લોટનું પાઉનુ કે ખમીરી રોટીનુ પોટીસ એટલે તેને દૂધ તથા પાણીમાં પકાવીને

તેની જાડી લોબડી કરી કરી દીવસમાં ત્રણ ચાર વાર બાંધવું પછી સારી પેઠે પરૂ થયેલું માલમ પડે ત્યારે પોતાની મેળે ફુટવાની વાટ જોવી નહી કેમકે પોતાની મેળે ફુટતાં ઘણા દીવસ થશે તેથી અંદર વધારે સડો લાગશે માટે પરૂ થએલુ માલમ પડે કે તરત મોહોટા નસ્તરે અસ્તરાએ કે તીક્ષણ ધારવાળી છરીએ ચીરી પર વહેતુ કરવુ પણ ચીરતી વેળા કાપ લાંબો મુકવો કે જલદીથી બધુ નીકળી આવે. પછી દોરાની એક કાકડી બદના છેદમાં રહે તેવી બનાવી તે મલમ તથા ઇંદાની જરદી એકઠી કરી તેમાં ખરડી બદના છેદમાં મુકવી કે છેદ રૂઝાઇ ન જાય. પછી તે ઉપર મલમની પટી મારવી. દીવસમાં બે વાર તે કાકડીને પટી બદલવી. બદલતી વેળા કાચકીનાં પાનડાં તથા મેથી ઊકાળીને તેના પાણીથી તે સઘળી જગા ધોઇ સાફ કરીને કાકડી તથા પટી મુકવી. બદને ચી

રીને વેહેતી કરયા પછી પણ તેની આજુ બાજુ ની જગો ઘણી કઠણ હોય તો ફરીથી તે જગો ઉપર જળો મુકાવવી. ને ત્યાર પછી ઉપર કહેલાં લોપડી, કાકડી તથા પટી મુકવી. જ્યાંહાં સુધી બદની ગાંઠ સાફ થાય ત્યાંહાં સુધી લોપડી, કાકડી, તથા પટી મુકી વેહેતી રાખવી. કદાપી બંધ કરવી નહીં.

ખાડામાં પગ પડવાથી, દોડવાથી, ઘણું ચાલવાથી, ભાર ઉચકવાથી, અથવા બીજાં એવાંજ કારણોથી, જાંગના કાતરામાં ગાંઠ ઘાલે છે. તે ગાંઠ સેહેજ ઓસડ ચોપડવાથી મટી જાયછે, ને વધતી નથી. કે વધારે દુખ આપતી નથી. તે વેળા તણાઓલી જાણવી.

૩૩ વિસ્ફોટક તથા મસા ટાંકીનો ઇલાજ.

જેને પ્રથમ ચાંદી તથા પરમાઓ થયો હોય ને અંદર કસર રહી ગઇ હોય, બરાબર ઓસડ થઇ શક્યું ન હોય, તેથી તમામ શરીરનું

લોહી બગડી ગયું હોય એથી આ રોગ થાય છે. તેનો ઉપાય.

રસકપુર રૂ. ૪ ભાર લેવો તેને પોહોર ૮ સુધી ખલ કરવો. પછી ગાયનું ઘી શેર ૦॥ લેઇને તેને ૧૦૦ વાર પાણીએ ધોઇ તેમાં પેલો રસકપુર નાંખી મેળવીને તમામ શરીર ઉપર ચો પડવું. તેથી તમામ રોગ અંને જાતનો મટી જ શે. પણ એ ઓસડ ચોપડયા પછી સાત દી વસ સુધી પાણી અડવા દેવું નહીં.

બીજુ મનસલ રૂ. ૨ ભાર ખલ કરીને માખણમાં મેળવી શરીર ઉપર ચોપડેતો એવોજ નફો આપે, તેલ, મરચાં, તથા હરેક ગરમ ચીજ ખાવાની મનાઇ કરવી.

વળી વીસફોટક ઉપર પ્રથમ ઉ॰ વેઆપ.ને એરંડીયુ ઘીમાં આપવું. કરીયાતુ, કડુ જેઠીમધ. વાળો, પીત પાપડો, અરડુસો, મોથ, ત્રીફલા, ।અ ફુડાની ચાલ એડા ઉકાળો આપવો. સુખડ, ના-

ગકેસર, તાંદળજો, સીરસની છાલ, જાઇનાં પાન. એ ઓસડો વાટી લેપ કરવો.

૩૪ ધાતુપુષ્ટ મરદીનો ઈલાજ.

અકલ્લગરો, મોચરસ, કાળી મુસળી, ધોળી મુસળી, બહુફળી, ઈંદરજવ, મીઠા ગોખરૂ, ગળોનુ સત, સુકાવડગુંદા, કઉચાં, ઊટગણ, બલખી, એ ખરો ચીનીકબાલા અને બાવચી એ સરવે વસાણાં બરાબર વજને લેઇ ખાંડી ઝીણો ભુકો કરી તે વસાણાથી તેમાં બમણી ખાંડ ભેળી, એ ઓસડ હથેળી ૧ ભરીને સવારે ખાય તો નબળાઈ જાય ને મરદી ઘણી વધે.

૩૫ મરદી તથા બંધેજનો ઉપાય.

મરદીની બાબતમાં મૂગલાઇ હકીમો તથા, હિંદુસ્થાની વૈદો ઘણાએક પાક, ચૂરણ ચાટણ, યાકૂની માજુન, લેપ અને પટા બનાવવાનુ કીતાબોમાં લખી ગયા છે, ને પઇશાવાળા લોકોને વાસ્તે દવાઇઓ બનાવી સંસારીનુ સુખ ભોગ છે:

વાળી કઉઅતને વારતે આપે છે પણ એ દવાઓ આ ઠેકાણે લખવાની કાંઇ જરૂર નથી. કારણ કે દાના તથા વિદ્વાન લોકો એ બાબત દવાઓ ખાવાને પસંદ કરતા નથી. કેમકે દવાઓની મદદ લેઇ એમ કરવું તેમાં કાંઈ અંગબળને ફાયદો નથી. પણ તેથી ઉલટું શરીરનું કઉઅત ઘટી જીંદગીની ખરાબી થાય છે.

કદાપી કોઇ ઘરડા માણસને મરદી તથા ત્રખેજની દવાની જરૂર પડે તો નીચે કહેલી દવાઓ આપવી.

મુસલીકંદની બીચ તથા કાળા તલ. એ બેને બરોબર વજને લેઇ ખાંડી બારીક કરી ગોળમાં ગોળી ટાંક ૨ ની કરવી પછી ગોળી ૧ સવારે તથા ગોળી ૧ રાતરે ખાય તે ઉપર ગાયનું દુધ શેર ૦ા પીએ તો મરદી આવે બીજું સુંઠ ટાંક ૧ સેહુસે લોબાન ટાંક ૧ અને સાકર ટાંક ૧ એકઠું જ હરરોજ ખાય તો મરદી થાય તથા કમર દુખતી રહે.

ત્રીજો ઇલાજ—લવીંગ ટાંક ૫ પીંપર ટાંક ૫ અકલગરો ટાંક ૫ અને ઉપલેટ ટાંક ૫ જો વીરય બળતુ હોય તો તેમાં ભાંગ ટાંક ૫ ભેરીએ સરવેને ખાંડી બારીક કરી મધ શેર ૦ાા માં મેળવીને દીવસ સાત સુધી ખાય તો ગયેલો પુરૂષત્વ અથવા નમરદ હોય તે પાછો મરદ થાય.

લવીંગ ટાંક ૨ાા મસ્તકી ટાંક ૧ાા કેસર ટાંક ૧ાા સુકુ ટોપરૂ ટાંક ૨૪ તજ ટાંક ૨ાા સાકર શેર ૧ મધ શેર ૧ા એ સરવેને ખાંડી બારીક કરી મધ સાકરની ચાશણી કરી વસાણા માંહે નાંખવા પછી એક રસ કરી તેમાંથી સવારમાં ટાંક ૨ દરરોજ ખાય તો કઉઅત વધે એ ધાતની મજુન છે.

૩૬ દાદરનો ઇલાજ.

દાદરથી માણસના શરીર ઉપર ગોળ ચકરડા જેવાં ચાઠાં પડે છે તેમાં ખરજ તથા ચીડ થાય છે તેનો ઉપાય ઉતાવળો ન ક

રે તો બધા શરીર ઉપર પથરાઇ જાય છે તેથી ઘણોજ કંટાળો આવે છે દાદર બે જાતની થાય છે. લાલ અને કાળી લાલ ઉપાય કરવાથી જલ-દી મટે છે પણ કાળી મટતાં વાર લાગે છે પણ જ્યારે જુની થાય છે ત્યારે ચામડીની અંદર પેશી જાય છે કોઇને દાદર ઉપર ખણવાથી છીકણુ પીળુ પાણી પણ નીકળે છે તેનો ઉપાય નીચે મુજબ

જ્યારે પેહેલી દાદર થવા માંડે કે તેને કાથાની દોરડીથી સારો પેઠે ચોળીને પછી ગુલબ ગળીના પાંદડામા મીઠું નાંખી ચોળીને ઘુટીને તેનો રસ કાઢવો પછી દીવસમાં બે ત્રણવારદા દર ઉપર ચોપડવો.

બીજો ઉપાય એ છે જે રાઇનાછાલાઃકાઢીને દહીંમાં ઘુંટી જરા પાતળું કરીને ચોપડી દેવું તેથી મટે છે,

ત્રીજો ઇલાજ—આંમળસારો ગંધક ઝી

ણો કરી રાખવો પછી દાદર ઉપર કાથાનીદોર ડી ચોળી દીવસમાં બે ત્રણવાર પેલા ગંધકનો ભૂકો દાબવો.

ચોથો ઇલાજ—દાદરને દરરોજ સવારમાં જ વીલાયતી સાબુને ગરમ પાણીએ ધોઇ તે લુગડે લોહી તે ઉપર ચુનાનુ પાણી ચોપડવું.

પાંચમુ—વાશી થુંક અથવા દાંત ઉપરનો મેલ, દાદરને ચોળી તે ઉપર ચોપડવુ છઠ્ઠુ એળીઓ દહીમાં મેળવીને ચોપડવો. સાતમુ મોરથુથાને ઝીણુ વાટી પાણીમાં પલાળી તે પાણી દાદર ઉપર ચોપડવુ આઠમૂ—વછનાગ, ઝેરકચુરો અને મોરથુથુ દહીમાં ઘસી દીવસ ૧૪ સુધીલેપ કરવો. નવમું સોવાર પાણીએ ધોએલા ઘીમાં રસકપુર નાંખી મલ કરી દાદર ઉપર લગાડવું.

---

૩૭ આંમળનો ઇલાજ.

જો આમળ બાહાર નીકળે તો તે ઉપર

કસાઈ સફેતો તથા માજુફળ એટલે માયા એ એ ચીજ ઝીણી ખલ કરીને પછી દરરોજ આમળ ઉપર ભભરાવે તો આગળ ઉંચુ ચઢે ફરીથી બાહાર નીકળે તો દરદ ઘણુ કરે તેથી માસ ૬ સુધી એ પ્રમાણે ઉપાય કરે તો ફરી બાહાર ન નીકળે એ રોગ ૪૦ વરશનો જુનો હોય તો પણ એથી મટે છે.

૩૮ વાગોળાનો ઇલાજ.

એની નીશાન એ છે જે પીઠ તથા કઠી એર તથા કમરમાં દૂખ હોય કે જે કુત્રંજવાથી થાય છે એ દરદમાં પેહેલા ત્રણ દીવસ સુધી દેહેસત ઘણી હોય દીવસ ત્રણ ગયા પછી બીહીવું નહીં એ દરદ ઉપર વઇદ લોકો રાઈ આપે છે અથવા નીસોતર કે ઇંદરવાયણાનો ગળ આપે છે જે ઓસડથી જુલાબ આવે તે ઓસડથી ફાયદો થાય બીજું—ગોળ તથા હળ-ર એકઠું કરીને તેની રોટલી માસ ૪ સુધી

ખાય તો પરમેશ્વરની મેહરબાનીથી દરદ મટે.

૩૯ આંબોઇનો ઉપાય.

ગાંઠ ખસે છે તેને લોકો નાભી તથા આં બોઇ ખસે છે એવું કહે છે, પણ તે ખોટું છે લોકો તે ગાંઠ એટલે આંબોઇને ચોળાવે છે, મંત્રાવે છે, અથવા તો પેટે હાંલ્લાનું ખાલી આતશી રૂમકું મુકાવે છે કે પગને અંગુઠે અથવા ઘુંટણને તા ણીને બંધ બાંધે છે પણ એ ખસવાની વાત ન રદમ જુઠી છે કેમકે તે વાત મુગલાઇ તથા ઈં ગ્રેજી વૈદ્દો કબુલ રાખતા નથી. મંત્રાવે છે તેતો કેવળ મુરખ છે. અસલના વઇદક શાસ્ત્રમાં ગાં ઠ ખસવાની બાબત કોઇ પણ ઠેકાણે લખી ન થી. ઘણા લોકોને ઝાડો થાય છે અથવા પેટમાં દુખે છે, વાંસો ફાટે છે, કે તાવ આવે છે ત્યારે આંબોઇ તથા નળ ટળવાના વેહેમથી આંબોઇ ચોળાવે છે કે મંત્રાવે છે. તેથી વેહેમમાંને વે હેમમાં ઘણા દાહાડા વીતી જાય છે. અને રો

ગનું જોર વધી પડે છે માટે તે વિશેની ખરી વાત નીચે પ્રમાણે છે.

આંબોઈ અથવા ગાંઠ ખસવાના ઉપાય જે સઘળા લોકો કરે છે તે એક તરેહનો સુળવા એટલે ઓગ્નિતો પેટમાં દુખવાનો રોગછે. માટે સુળવાયુ થયો હોય તો આ ચોપડીમાં તેનો ઉપાય લખ્યો છે, તે પ્રમાણે ઓસડ આપવું, પણ જો તેથી ન મટે તો, તથા જુલાબ આપવાથી ઝાડો ન આવે, તો સમજવું કે, એ ધણીના આંતરડાએ વળ ખાધો છે. વળ એથી ખાય છે કે ઘોડા ઉપર બેઠા હોઇએ ને એકાએક તે કુદે તેથી, પેટ થેકલાય તેથી, કુદવાથી, કે છલંગ મારવાથી, ગજા ઉપરાંત ભારે બોજો ઊચકવાથી, ઊંચી જગાપરથી પડવાથી, ખાડામાં પગ પડવાથી કે આંતરડુ ગોળીમાં ઉતરયાથી આંતરડું વળ ખાઈ જાયછે. અથવા તેની જગાએથી ખશી જાય છે ત્યારે એકાએક પેટમાં એક જગોએ દુઃખે,

ને સુળ મારે, તેથી ગોળીની કોથળી સુ-
જે ને ગોળી મોહોટી થાય, ત્યારે જાણવું જે
આંતરગળ થવાની નીશાની છે.

આંતરડું વળ ખાવાથી, અથવા ખસવાથી
દુઃખ થાય છે. ત્યારે તેનો ઇલાજ એ છે જે એ
આન્તરવાળાને ચતોને સરખો સુવારવો પછી
તેના પેટને ધીમેથી એવી રીતે ચોળવું કે આં-
તરડાનો વળ હોય તે છુટે, અથવા ખસેલુ હોય
તેઠેકાણે આવે, એ રીતે કરવાથી ફાહો ન
થાય તો તેના ટેટાને મજબુત દોરીથી તાણીને
બાંધવા પછી ચારજણ મળી તેના હાથ તથા
પગ ઝાલીને તેને ઉચકવો, તેથી તે કમરમાંથી
વાંકો વળી જાય. ને તેનું પેટ દબાઇ જાય. એ
ટલે તેને પાંચ સાત વાર હીંચોળવા એટલે
આગળીગમ પેલીગમ લાવે, તેથી આંતરડાનો
વળ છુટે છે.

એક રીતે કરતા પણ ન મટે તો પછી આ

ઉપાય કારવો—તે એક જીવતો પારો (મારેલો ન હી') ધોઇ સાફ કરી ૩૦ ૫ ભાર લેઇ રોગીને ઉભો રાખી પાઇ દેવો. મૂગલાઇ હકીમો પાંચ તોલા પાવાનો હુકમ આપે છે. પણ ઇંગ્રેજી વૈદ્ય તો એક રતલ સુધીનો હુકમ આપે છે. પારો પાયા પછી તરત ઝાડા વાટે નીકળી જાય છે. ને આંતરડાનો વળ છોડવે છે. કાચો પારો પાયા પછી તેને થોડાંક ડગલાં ચલાવવો. પછી ઉભો રાખીને તેના પેટને બંને હાથે ઉપરથી એવું દાબવું કે તેથી પારો નીચે ઉતરેને આંતરડાનો વળ છુટે. અથવા ખશેલું ઠેકાણે આવે ને પારો ઝાડા વાટે નીકળી પડે. કદાપી પાયા પછી ઝા-ડાવાટે ન નીકળે તો અજારીને થોડોકવાર ઊંધું ટાંગવુ. તેથી મોહોવાટે નીકળી પડશે.

પારોરો ધોવાંની રીત- એ છે જે હરડાં, બેહેડાં, અને આંબળાં લેઇને ખોખરાં કરવાં. પછી તેને મીઠા પાણીમાં ૨૫ કલાક ભીજવી રાખવાં

તે પાણી ગાળી લેઇને તેમાં પારાને નાંખી સારી પેઠે ચોળી, ધોઇ કહાડવો. બીજી રીત પારો ધોવાની એ છે જે—આશરે, શેર ૦ાા પારો લેઇને એક માટીના વાસણમાં નાખી તેમાં પાણી શેર ૧ નાંખી ધીમા તાપ ઉપર મૂકી ગરમ કરવો કદાપી પાણી બળી જવા આવે તો બીજુ પાણી રેડવુ પછી તે પાણી કાળાશ પકડે કે તરત નીચે ઉતારી પાણી કાઢી નાંખી તેમાંનો પારો પાઇ દેવો.

એ સરવે ઉપાયો કરયાથી આંતરડાં ઠેકાણે આવે છે. અથવા તેનો વળ છુટે છે. પછે તેને પેટ એક બનાતની પેટી બનાવીને જાતુક બાંધી રાખવી કે કરિથી વળ ખાય નહી. જો એ રોગથી ગોળી મોહોટી થઈ હોય તો, તે ધણીને હમેશાં કચ્છો બીડાવેલો રાખવેશો એ ઠીક છે.

૪૦ અજીરણ એટલે બદહજમીનો ઉપાય

બદહજમીનો ઇલાજ લાંઘણ વીના બીજો

નથી-જાએફળ, ગંધ સાથે આપે તો ફાયદો છે. લીંબુ લીંબુ મોહોમાં રાખે તો નફો આપે, જેને પેટ ચાલેને ઓકારી આવે તો સકર સુરો પાણી સાથે ગરમ કરીને પાય તો, અજીરણ મટે.

જેને ખાધેલૂ છાતી ઉપર ખાટુ થતુહોય તેને રેવંચીની ખટાઇનો ભુકો માસા ૮ હરિવાઓણાનો બકો તોલો એક ૧ તથા સુંઠનો ભુકો માસા ૮ એ સરવેને ખાંડી ચુરણ કરી આપવુ ને જ્યારે છાતીઉપર ખાટુ થાય ત્યારે તમાંથી તોલા ૧ ને આશરે ફાકવુ લશણ સંચળ ઝેર શીંધવ. ત્રીકટુ. હીંગ અના ચુરણની લીંબુના રસમાં બોરબોર જેવડી ગોળીઓ કરવી તેમાંથી એક એક ગોળી આપવા તેથી અજીરણ સુરલ અગ્નીમંદ એ રોગ મટે છે

૪૨ ભુખનો ઇલાજ.

ભુખ નહી લાગતી હોય તેનો ઉપાયએ છે કે—હરડેદળ ટાંક ૬ શીંધવ ટાંક ૨ ચીતરો ટાંક

ડે પીંપર ટાંક ૪ એ સરવેને ખાંડીબારીક કરી ને એની ફાકી હમેસા ફાકે તો ભુખ ઘણી લાગે ખાધેલુ પચે.

બીજુ નીમક હહડે મોટીવાનકીગ સંચળ શીં ધવ, અજમોદ. મરી, પીંપર, જવખાર. સુઠ, એ સરવે જણુશો ચાર ચાર પઇશાભાર, અજે હિંગ પઇશા એક ભાર એ સરવેને ખાંડી બારીક કરી હુયેલી ૧ ભરી। સવારે ફાકેતો માલમાંથી બ-ળગમને સાફ કરે, પેટના દુઃખને આરામ આપે, ખાધો ભુખ ઘણી લાગે દોડતાં તથા ચાલતા થાકે નહી.

અરૂનીપપર—ચંચળ, દ્રાક્ષ મરી, જીરૂ, શાહજીરૂ, વળીઆરી, કોકમ. દાડમના દાણા એ સરવેની ચટની કરી તેમાં મધ તથાં ગોળ નાખી ખાવી.

આદાનો રસ તથા લીંબુનો રસ, તેમાં દ્રાક્ષ નાખો ચોળવી પછી જીરૂ, મરીનો ભુકો

સાકર, શોંધવ એ નાખો સ્વાદીલૂં કરી આપવુ તેથી અરૂચી મટે છે.

૪૨ હીંગાષ્ટક ચુરણ તથા આમળાની થેપલીઓ.

હિંગાષ્ટક—ત્રીકટું ચીત્રક, શીંધવ અજમો જીરૂ. શાહાજીરુ અને સંચળ એ સરખે ભાગે તથા તેનો આઠમો ભાગ હિંગ, એનુ ચુરણ કરી છાશમાં અથવા જમતી વખતે પેહેલા કોળીયામાં ઘી, ભાત સાથે આપવું. એથી ગુલ્મ, આમ, અગ્નિમંદ, મોડસી એનો નાશ થઇ જઠરાગ્ની પ્રદીપ્ત થાય છે.

આંમળાની થેપલીઓ—રસદાર આંમળી શેર ૧ લાવા જરા બાફી તેમાંથી ઠળીયા કાઢી નાંખી તે વાટવું. તેમાં હિંગ, જીરૂ, મરી, પીંપર, સુંઠ, ધાણા, તજ, સિંધવ, સંચળ અને હરડે એનો ભુકો કરી નાંખવો પછી તેની થેપલીઓ કિંવા ગોળીઓ કરી સુકવી મુકવી. તે ઘણી રૂચી કરનારી તથા પાચનકારક છે.

૪૩ પેટના માદાના દુઃખનો ઉપાય.

જે કોઇનો પેટમાં દુખે તેની પેદાશ વા તથા ગરમીથી કે શરદીથી હોય છે. જો માદામા શરદી હોય તો, ખાટા ઓડકાર આવે: ખાધેલૂં પચતાં વાર લાગે તેનો ઉપાય —ચીનીકબાલા, અકલગરો સુંઠ, મરી, પીંપર એ સરવે ખાંડી ઝીણુ કરી મધ સાથે મેળવીને દીવસ એકવીશ સુંધી દરરોજ સવારે ખય તો આરામ થાય જો માદામાં ગરમીની અસર હોય તો ખાધેલુ પચે. ગરમીથી દરદ ભરેલો ઓડકાર આવે પેટમાં સોજસ થાય પાણીની તરસ ઘણી લાગે તેને ઉપાય—વાંસકપુર આલુબોરના ઠળીઆ, એળચી, સુંઠ, સમાક, સરઓખો કેસર કસ્તુરી કપુર એ સરવેને બરોબર વજને ખાંડી ઝીણુ કરીને ત્રણુ ભાગ ખાંડ ભેરી એક હથલી ભરીને સવારે ખાય તો માદાની ગરમી તમામ જાય.

૪૪ આંખ્યોના રોગનો ઇલાજ.

૧ આખ્યો દુખવા આવે છે તે ઉપર—

શીમડીઆને કપડામાં બાંધીને પછી ગધેડાનાં લીંડામાં પકવવાં ત્યાર પછી તે ઉપરથી છોડા કહાડી નાંખી ઉપરનો ગલ કહાડી ખુબ ઝીણો કરી ઝીણે લુગડે ચાળી પાપણુ ઉડાવીને અંદર ભરણુ ભરવુ પછી ઉપર રૂનુ પોહોળીયુ મુકી પાટો બાંધવો એ રીતે ત્રણ રાત સુધી ભરણુ ભરેથી આંખ્યો દુખતી રેહે બીજો ઇલાજ—

કપૂર, હળદર લોદર, ફટકડી લીંબુનાળી અફીણ અને હીરાબોળ એ સરવેને લીંબુના રશમાંખલ કરી આંખ્યો ઉપર લેપ કરવો લોઢાનો ચુરો ગરી એકઠાં કરી લીંબુની પીરી ઉપર મુકીને પીળા લુગડામાં પોટલી બાંધવી તે આંખ્યો ઉપર ફેરવતાં જવુ એટલે જે આંખ્યોમાં કણી ફરે છે તે વાને ચળ. રાતડ, વીગરે સરવે વીકાર દુર થાય છે

૨ આંખ્યો ગચમચી થઇ પાણી ગળે છે તથા બળે છે તે ઉપર—સાટોડી મધ સાથે ઘ. શીને આંજે તો આંખ ગળતી બંધ થાય બી- જુ—હરડે. આંબળાં તથા સાકર ઘશીને અંજન કરવુ અથવા તીફળા ઘશીને મહીનામાં ચાર પાંચવાર અંજન કરેથી આંખ્યોને કદીપણ વીકાર થતો નથી નજર ઇદ્રિ સાફ રહે છે,

૩ આંખ્યના નાસુરનો ઇલાજ—એની નીશાન એ છે જેઆંખ્યને જે ખુણેથી જરદાબ પીપ હમેશાં ગળે તે ઉપર મજીઠ ટાંક ૧ એળીઓ ટાંક ૧ કીંદરૂ ટાંક ૧ મુરદાશીંગ ટાંક ૧ જંગાલ ટાંક ૦॥ એસરવે વસાણાં એકઠાંકરીને ખલ કરી એમાંથી થોડુંક પલીતા સાથે વળગાવી તે પલીતો આંખ્યના નાસુરમાં દરરોજ મુકે તે આરામ થાય.

૪ આંખ્યમાં મોતીયો તથા પરવાળું થાય છે તેનો ઇલાજ—એ છે જે ખાપરીઉ રૂ૦ ૧

ચીનાઇ સાકર ૧ ભાર પૂરતગાલી તપકીર રૂ૦ ૧ ભાર અને હીમજી હરડે રૂ૦ ૧ ભાર એ સરવેને ખાંડી બારીક કરી લીંબુના રશમાં દીવસ ૭ સુધી ખલ કરવું. પછી તેને છાંયડે સુકવવું પછી તેમાંથી દરરોજ આંખ્યમાં આંજે તો મોતીયો, પરવાળુ. તથા આંખ્યના બીજા રોગો મટે છે.

૬ રતાંધળો થયો હોય તો—પીપર ગોમૂત્ર માં ઘશી અંજન કરવું એ રોગવાળાએ તેલ ખાવું નહીં.

૬ આંખ્યમાં ફુલ પડે છે તે જો આંખ્યની શીહાઇ (આંખ્યની વચલો કાળો ગોળ ભાગ) ઉપર છે તો રોશની નહી રેહે ને સફેતી ઉપર છે તો દેહેસત નથી. એનો ઇલાજ.—ફટકડી વગર બીજો નથી. ફુલુ થતાં વેત ઉપાય કરે તો આરામ થાય. જો ફુલુ નરમ ને કાચુ હોય તો, જીરાનું પાણી હમેશાં જરા જરા આં

ખ્યમાં નાંખે તો ફુલુ જતું રેહે. બીજો ઇલાજ-પોળી મુસળી સ્ત્રીના દુધમાં ઘશીને દીવસ ૨૧ સુધી આંખ્યમાં આંજે તો ફુલુ કપાય. ત્રીજો ઇ-લાજ.-સમુદરફીણ ૮ ટંકણખાર, સફેતો, બીઓડ, મોરથુથુ, સફેતચણોઠી એ સરવે દસાણાં બરાબર બે સુધી ખલ કરવું. પછી ત્રાંબાની શળીએ આંખ્યમાં અંજન કરે તો ફુલુ જતું રેહે છે. પીપર મધમાં ઘશી અંજન કરેથી આંખ્ય માં-હેલુ ફુલુ જાય છે.

૭ આંખના જખમનો ઇલાજ-દીવસ ૪૦ સુધી લીંબુનો રસ આંખમાં આંજીને આંખને બાંધેલી રાખવી કે જેથી પીપ તથા લોહી પાકી અંદર બહારથી પીપ જારી થાય જખમ રૂઝ પર આવે ત્યારે કીંદર બારીક કરીને દરરોજ જખમ ઉપર બભરાવે તો આરામ થાય.

૮ આંખમાં બળતરા થતી હોય તથા તેનું તેજ ઓછુ થયુ હોય તો દરરોજ સવારે ગયનું

માખણ, સાકર એળચીદાણા, જાયવંતરી બદામ-
ના ગર, એકઠા કરી ખાવાં એથી બળતરા મટી.
તેજ આવે છે ગૂલાબજળ આંખમાં નાંખતાં
જાવું.

૯ ધુમાડાથી આંખ્યોને વીકાર થયો હોય
તો ગોળ અથવા રાતી ખાંડ આંખમાં આંજ-
વી. તેથી પાણી નીકળી સારી થાય છે.

૧૦ આંખના તેજનો ઇલાજ ખાપરીયું
તોલા ૨ મોતી આબદાર નંગ ૨ પારો ટાંક ૧
શીશુ ટાંક ૨॥ એ ચારે ચીજ બારીક ખલ કરી
સુરમાની માફક હમેશ આંખમાં આંજે તો યો
શતાઇ જાહે થાય.

૧૧ રાતડવેદના ખીલ ઉપર સોયેતોએળી
ઓ તથા શીંધવ બારીક કરી ઝીણે લુગડે ચા-
ળી પાણીમાં મેળવી રાતરે સુતી વખત આ-
ખો ઉપર બાંધવુ એવુ ત્રણ દીવસ કરવાથી રો
રોગ મટી આંખ્યો સારૂ થાય છે

૧૨ સરગવાના પાનનો રસ તથા મધએ કઠુ કરી અંજન કરવુ એથી આંખના વાયુ વીગ રે દોષ જઇ નજર નીરમળ થાય છે.

૧૩ આંખનો પડળ--મોરથુથુ પઇશા બે-ભાર ગાયના મુત્ર શેર એકમાં ૭ દીવસ સુધી ભીંજવી પછી તે મોરથુથુ ગાયના ઘીમાં ઘશીને આંજે તો આંખના પડળ જાય.

૧૪ સાકર અને એળચીદાણા સરખે ભાગે ભેગા ખાંડવા પછી ચાર માસા તે ફાકી લઇને તેમાં તેટલુજ કાચુ એરંડીયું અથવા એરંડીમાં હેલા ધોળા મીંજ લઇ સવારે દાતણ કરયાપછી લેતા જવું માફક આવે તો વધારે વજન પણ લેવું. એ ઓસડ ખાવાથી માથા માંહેલી ગરમી મટી મગજ થંડો થઇ આંખ્ય માંહેલી ગરમી જાય છે. અને આંખ્યોમાં તેજ આવે છે.

૪૫ કમળો તથા પીંડ રોગ.

પીંડરોગ તથા કમળાની નીશાન એ છે

જે આંખ્યોના ડોળા તથા નખ પીળા થાય ત
થા કોઇ કોઇને આખું શરીર પણ પીળચટું થઇ
જાય છે. ને શરીર નબળું પડી જાય છે. તેનો
ઉપાય એ છે જે.—મોથ, ખેર, પીંપર, ચીતરો,
સડકચુરો, સુંઠ અને વાવડીંગ એ સરવે સરખે
વજને લેઇ ખાંડી બારીક કરી સરવે વસાણું ક
રતાં બમણું જે લુવ્હારની કોહોડમાં લોઢું ઘડ
તાં એકઠું થાય છે તે લેઇ વસાણું ભેગું એક
ઠું કરી પછી દરરોજ સવારે ખાય તો કમળો ત
થા પીંડ રોગ મટે.

તાંદળજાની ભાજીનો રસ શેર ૦| તથા
સાકર શેર ૦| નો ભુકો કરી એકઠું કરી પીએ,
તો હળદીયો પીતનો કમળો મટે.

કમળા ઉપર ગેરૂ, ફટકડી, હળદર, આંમ
ળાં એ સરવે ટાહાડા પાણીમાં ઘશી અંજન કર
વું. ગાયના દુધમાં સુંડની ભુકી નાંખી પાવું. દેવ
ડાંગરના ફળનું ચુરણ પા ચોખાભાર નાકમાં તાં

ણુવું તેથી નાકમાંથી પીળું પાણી પડી એ પો હોરમાં કુમળો મટે છે. ત્રીફળા, અરડુસો, કરીયાતુ, લીંબડાની શળીઓ, કડું, ગળો એ સરવેનો ઉકાળો આપવો.

ચણાની દાળને બાફી તેમાં તેની બરાબર ગોળ નાંખી વાટવી ને પુરણુ લણુ રોજ ખાવું. તરશ લાગે તો તેજ પુરણનું ઓસામણુ કાઢી મુકેલું હોય તે પાવું. બીજું કાંઇ ખાવું નહીં. હરરોજ સવારના પોહોરમાં એક રાતી શેરડી ખાવી.

૪૬ જલંધરનો ઇલાજ.

આ રોગ પેટમાં થાય છે. તેની નીશાન એ છે જે પેટ ઘણું મોહોટુ થાય ને ગાગર જેવડું દેખાય. એ રોગ ત્રણુ જાતનો થાય છે. ૧ સધ્ધએધર, ૨ જકીજલધર, ૩ કઠોધર.

સધ્ધઓધર.—આ જાતના રોગથી પાણીની તરસ બહુ લાગે ને પેટ મોહોડુ થાય, પેટ

ઉપર હાથ મારે તો ઢોલની માફક મોહોટો અવાજ થાય. એ રોગ વાથી પેદા થાય છે. તે મટવાનો ઇલાજ એ છે જે લસણને મધમાં આપીને દીવસ ૪૦ સુધી ખાય તો પેટ વાથી તથા નબળાઇથી સાફ થાય. બીજું બકરીનું—દુધ સે. ૨૧ એરંડીયું તોલા ૩ ભેળી મ[illegible] ૪ સુધી પીએ તો પેટનો વા તમામ મટે. રાઇને ખાંડી ઝીણી કરી ગાયના મુતરમાં ખાય તો આ રોગ મટે.

જકીજલંધર—આ જાતના રોગથી પેટમાં જરદાબ પીપ એકઠું થાય ને પેટ પાણીની મસક (ચાંગડાની કોથળી પાણી ભરવાની હોય છે.) માફક હાલે તે ગાસર જેવડું થાય. આ રોગને જલંધર પણ કેહે છે તેનો ઉપાય.—નાફની ડાબી બાજુ તરફથી સીકાબ મુકી જરદાબ બાહાર કહાવવો ચીરનારે ઘણો ખબરદાર હોવું એ તેથી આરામ થાય છે.

કઠોધર—આ જાતના રોગથી પેટ ઉદર

સોજો આવે, તે જગા ઉપર આંગળી દાબે તો ખાડાની નીશાની દેખાય. એથી કાળજા ઉપર ગાંઠ બંધાય છે. તેના દુખથી રાત દાહાડો જપ ન વળે. વખતે ગાંઠ બંધાય છે પણ ઘણો સોજો ન ચઢેલો હોય તેટલામાં આગળના ઉપર લખેલા ઉપાયમાંથી એક ઉપાય કરે તો મટે- પણ ગાંઠ બંધાયા પછી ઓસડથી કાયદો થતો નથી

આ ત્રણે જાતના જળધર ઉપર નીચે લખેલો ઉપાય કરવાથી તે મટે છે. એક [illegible] ખરસાણી થુવેરનું દુધ બાળવું પછી તે [illegible] ડી એક મેંદો નાખીને ખમીર કરવું [illegible] માસા ૨ ભારની રોટલીની માફક [illegible] કરવી પછે તેને દેવતામાં [illegible] ટીકડીઓ માંથી એક સવારમાં [illegible] પાણી સાથે આપે તો પરમેશ્વરના [illegible] આરામ થાય છે.

---

૪૭ ભગંદરનો ઊપાય.

ભગંદર ગુદને પડખે બે આગળમાં ઘણો વસમો ફોલ્લો થઇ ફુટીગુદ, પહેડુ તથા ભંગ એનું વીદારણ કરે છે એ માટે એ રોગને ભગંદર કહે છે. એથી કેહેડ તથા પડખાના હાડકાં દુખે ગુદને વીશે બળતરા,ચળ અને વેદના થાય.

ભગંદર ઉપર પ્રથમ લોહી કઢાવવું સોનાની જાડી તાર તપાવી તે વડે છીદ્ર કરવું. પછી ઉપાય આ કરવો થોર તથા આકડાનુ દુધ, એકઠુ કરી દારૂ હળદરની દીવેટ કરી તેમાં બોળી ભગંદરના છીદ્રમાં નાંખવી એથી મટે છે.

૪૮ અંતરગરનો ઈલાજ.

અંતરગળ ચાર જાતના થાય છે. કોઇને આંતરડું ગોળીમાં ઊતરે છે. બીજુ કોઈને પવન ગોળીમાં ઉતરે છે. ત્રીજું કોઈને રસ એટલે નઠારો સવાદ ગોળીમાં ઉતરે છે ચોથુ. કોઇને પાણી ગોળીમાં ઉતરે છે. એ ચારેમાંથી હરેક આજાર થયા

થી પેટના અંદરનો પડદો ફાટે છે. તેથી રોદા
નું શર પડદામાંથી બાહાર નીકળે છે. તેથી
ખોશીયા હરરોજ મોહોટા થાય છે ને તેમાં રસ
ઘણોઊતરતો જાય છે. જો પડદો ઘણો ફાટે તો
તે ધણીને આરામ નહીં થાય. પડદો થોડો ફા
ટયો હોય તો લોઢાનો હલકો બનાવી તે રોદાના
શરપર રાખવો અથવા લોઢાનું જંતર રાખવું
તેથી ખોશીયા મોહોટા થતા બંધ પડે જો જોર
આવે ને પડદો ફાટે તેથી ખોશીયામાં દુખ ઘ
ણું થાય તે મટાડવાનો ઇલાજ.

હાથના અંગુઠાની નીચે એક જાડી મોહો
ટી જોરાવર રગ જાહેર છે તે રગ ઉપર લોઢા
નો ડામ દે તો ખોશીયાના દરદથી છુટે ડાબી ત
રફના ખોશીયામાં દરદ હોય તો જમણા હાથની
રગને ડામ દેવો. જમણી તરફનાને દરદ હોય તે
ડાબા હાથની રગને ડામ દેવો, તેથી ફાયદો થા
ય. બીજું—કીદરૂ પૈ. ૧ ભાર તથા ખાં:

ભાર હમેશાં ગાયના દુધ સાથે ખાય તો ફાયદો છે. સુવા ૩૦ ૩ ભાર તથા મેથી રૂ. ૪ ભાર, પાણી કુવાનું મીઠું શેર ૮ માં ઉકાળી તેનું શેર ૧ રેહે ત્યારે તેને લુગડે મા બીને તેમાં મધ, અથવા બકરીનું ઘી કે ગાયનું ઘી પઇશા ૯ ભાર નાંખીને અંતરગળનો ધણી કરતા એક સુધી અથવા ઘણા દીવસ સુધી સવારે ઉભો રહીને પીયે તો અંતરગળ મટે. પણ એ ઇલાજથી જુનો અંતરગળ નહી જાય ને થતાં વેત ઉપાય કરે તો ફાયદો છે.

બીજું આતરડું ગોળીમાં ઉતરે ત્યારે ગોળી કઠણ થાય ને એવું જણાય કે જાણે એક પથ્થર ગોળી સાથે ટાંકેલો છે એ રોગવાળો એ પોતે ચતો સુઇ પોતાને હાથે ધીમે ધીમે ગોળીને દાબી આંતરડાને પાછું ઉપર ચડાવે તો ચડી જાય છે. ચઢી જતી વેળા કડકડ બોલે છે. કદાપિ એ રીતે ધીમે દાબ્યાથી ઉપર ન ચઢે તો

ગોળી ઉપર તથા પેઢુ ઉપર ગરમ પાણી રે ડવું અથવા ગરગ પાણીમા બેસાડવું ને સુવા ને બારી વાટીને તેનો લેપ ગોળી ઉપર બાંધવો કે તેથી ગોળી નરમ થાય. પછી ધામે ગોળીને દા બેથી આંતરડું ચઢી જાય છે. ચઢી ગયા પછી નીચે કહેલા ઓસડની પટ્ટી મારવી કે ફરી ઉ તરી ન શકે.

મસ્તકી, હીરાદક્ષણ, શીકોતરીઓ, એળી ઓ અને હોરાબોળ; એ સરવે બરાબર વજને લેઇ ખાંડી બારીક કરી મધની ચાસણી કરી તેમાં મેળવીને ગોળી ઉપર રેહે એવડું લુગડું લેઇને તે ઉપર મલમની પેઠે તે દવાઇ ચોપડીને પછી ગોળી ઉપરના વાળ કાહાડી નાંખી તે પટી ગોળા ઉપર વળગાડીને તે ઉપર મુજબ કછોટા ભીડાવવો દીવસ ત્રણ સુધી ચતો સુવારી રાખવો. હાલવા ચાલવા દેવો નહીં. ત્રણ દીવસ પછી ચાલવું હોય તો ધીમે ધામે ચાલવું. ધાંટો કાઢીને બો

લવું નહીં. ઉધરશ ખાવી નહીં. બને તરફની ગોળી મોહોટી થતી હોય તો એ તરફ જતર બાંધેલું રાખવું, સ્ત્રી સંગ કરવો નહીં. તે ઉપર જીરાપાક જાથુ ખાવાને આપવો સફેત જીરૂ રૂ. ૫ ભાર લેઈને તેને શેરડીના રસમાં એક રાત ને દાડો ભીંજવી રાખી પછી તેને છાંયડે સુકવી ખાંડી બારીક કરવું પછી સુંઠ રૂ૦ ૨ા ભાર ખાંડી ઝીણી કરી બને ચીજો એકઠી કરવી પછી મધની ચાસણી કરી તેમાં બને ચીજો મેળવીને પાક કરી રાખવો તેમાંથી રૂ૦ ૦ાા ભાર સવાર સાંજ ખવરાવવો જેને હમેશા ખાટા ઓડકાર ને પેટ દુખ્યા કરતુ હોય તેને એ જીરાપાક ઘણો ગુણકારી છે.

ત્રીજુ જેને પવન ગોળીમાં ઉતરયો હોય તે ગોળી દાબ્યાથી તરત પાછો ઉપર ચઢી જાય છે ચડતી વેળા કડકડ બોલે છે એ આજારવાળા ને પણ મજબુત કછો ભીડાવી રાખવો ને ઉપર

જે જે પરેહેજીઓ કરવા કહી છે તે સઘળી આ
આજારવાળાને કરવી જોઇએ તથા તેમાં કહેના
જીરાપાક પણ ખાવા આપવો જોઇએ.

ચોથુ જેને રસ એટલે નઠારો મવાદ ગો
ળીમાં ઉતરયો હોય તેની ગોળી કઠણ થાય તે
ગોળીની આસપાસ એક માંસના લોચા જેવું
વળગેલુ રહે તે રોજ રોજ વધતુ જાય તેને પ
ણ મજબુત કછો ભીડાવી રાખી ઉપર કહયા પ્ર
માણે સઘળી વાતની સાવધ રાખવી જુલાબ આ
પી કોઠાને સાફ રાખવો ઇંદરવાયણાની જડ અ
થવા રેવંચીની ખટાઇનો જુલાબ રાતે સુતી વે
ળાએ ગરમ પાણી સાથે આપવો બીજુ સેલાર
સને લઇ તમાકુના પાંદડા ઉપર ચોપડી જરા
ગરમ કરી ગોળી ઉપર મુકી કછો ભીડાવવો તે
થી ફાયદો છે.

પાંચમુ—જેને પાણી ગોળીમાં ભરાય છે
તે ગોળી દાબ્યાથી કડકડ બોલતુ નથી એ ધ.

ણીને પેશસા થોડી થોડી વારે આવ્યા કરે આ દ રદવાળાએ પાણી થોડુ પીવુ જોઇએ ને તેના ઉ પર મોથ, જવનો આટો; તથા ગાયનુ છાંણુ એ ત્રણે ચીજને મેળવી ગોળી ઉપર ચોપડવુ ગોળીમાં પાણી ઘણુ ભરાયુ હોય ને ખુશીઆ મોટા થતા હોય ત્યારે હુંશીઆર વીલાયતી ડાકતર પાસે ખુશીઆને ચીરાવી પાણી કઢાવવું જોઇએ. પછી આતશી અથવા ડામની દવા પીચકારીમાં ભરી પેલા ચીરેલા છેદમાં પીચકારી મારી દવાઇનો ડામ મુકવો એ ડામ ન મુકે તો થોડી મુદતમાં પાણી પાછુ ખુશીયામાં ભરાયા વીના રેહ નહી.

૪૯ રીંગણવાયુનો ઇલાજ.

એની નીશાની એ છે જે રદીએરને માથે થી એવુ દુખ થાય. જે પગની નળી લગી હોય એ આજારના ધણીને એકે ઓસડ માફક ન આવે. આ દરદમાં ડામ દેવો ઠીક છે. ડામ દે·

થાની જગાએ છે જે કઠીગોરને માથે તથા પગની નળીની વચ્ચે ડામ દેવો. ઉસ્તાદ બેઉ જગાએ ડામ દેતા એ રોગ કદી પેદા થાય નહી જો એમ ચાહે જે ડામ દીધા વગર એ રોગ જાય તો એ બેઉ જગોપર પાછડાં પાડે પછી તે પાછડાં ઉપર મોચીયાં ટાંક ૧ મોરથુથુ ટાંક ૧ નોસાર ટાંક ૧ વછનાગનો ગર ટાંક ૧ એ સરવને લીંબુના રસમાં ખલ કરી પાચડાં ઉપર સાંજે ચોપડે તો આરામ થાય.

૫૭ ધનુરવાયુ (ધનકવા) નો ઇલાજ.

ધનુરવાયુ ઉપર કાળી તળસી, કાંદો, આદુ તથા લસણુ એનો રસ ભેળો કરી ત્રણ માસા પીવા આપવો. અને બાકી રહેલો અંગે ચોળવો. ધનકવા બે જાતનો થાય છે. તે બેઉની જગા માથાના મગજમાં હોય છે. એક માદા ને બીજો નર છે. જે માદા છે તે ખુશક છે એ દરદથી આદમીનુ શરીર કમાનની પેઠે પેચસ ખાય છે.

તમામ રંગો ખેંચાય, કમર, પીઠ, તથા ઝાંધ-તુટે. એ આજારને હિંદુસ્થાનમાં ધનક વા કહે છે.

૫૧ કોલેરા અથવા કોગળીયુ ઈઆને મરકીના ઈલાજો.

આ ભયંકર દુષ્ટ રોગ હજારો મરણુ નીપજાવે છે, હજારો કુટુંબોનો નાશ કરી નાંખે છે, એમાં મુખ્ય એ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે. એક તો એ કે જે ઝાડો થાય છે તે સાધારણુ ઝાડો છે કે કોલેરાનો છે. સાધારણુ ઝાડો બે જાતનો થાય છે. એકનો રંગ પીળો માટીના જેવો હોય છે તેમાંથી ગંધ ઘણી નિકળે છે અને સાથે થોડું પીત પણુ હોય છે. બીજાનો રંગ પીળો ચકચકીત હોય છે. ઝાડો થતી વખતે બહુ લાહ્ય બળે છે, પેટમાં દુખે છે, અને તેમાં પીત્ત પણુ વધારે હોય છે, એને પીત્તનો ઝાડો કહે છે.

કોગળીઉ બે રીતે હુમલો કરે છે. એક

તો, પહેલાં એક બે દીવસ સુધી થોડા થોડા ઝાડા થયા કરે છે, અને જો તે બંધ કરવામાં નથ આવતો તો બીજો તબક્કો પડે છે. ઝાડાનો રસ્તે જે પડે છે તે ગંધાતું નથી, પણ ધોયલા ચોખાના પાણી જેવું હોય છે, ઝાડો કબજ થતો નથી, દરદ હોતું નથી, આંતરડાં ખેંચાતાં નથી, સખત ગોટલા ધાલે છે અને થોડી વારમાં બધું જોર જતું રહે છે આખું શરીર, જીભ અને શ્વાસ તદન ઠંડા પડી જાય છે. નખ આશમાની રંગના થઇ જાય છે, પાણીની તરસ ઘણી લાગે છે, અને ઉલટી ઉપરા ઉપરી થાય છે. લાંબા મંદવાડથી આંખમાં જેટલા ખાડા પડતા નથી તેના કરતાં આંખમાં વધારે ખાડા આ દરદને લીધે થોડા કલાકમાં પડે છે, અને અવાજ બદલાઇને નવાઇ સરખો થઇ જાય છે.

બીજી જાતના કોળીયામાં બીલકુલ ચેતવણીજ મળતી નથી. એમાં ઉલટી, ઝાડા કે ગો

દેલા કાંઇ પણ થતું નથી. ઘણીવાર બીમારને ગા
લમ પણ પડતું નથી કે મને કોગળીઉ થયું છે,
પણ માત્ર એમજ કહે છે કે મને નબળાઇ દાખ
વે છે. અને નબળાઇ ઘણી ઝડપથી વધી જઇ
બીમારનું શરીર ઠંડુ થઇ જઇ બીમાર તરત મ
રણ પામે છે.

આ બીમારીમાં જેને પેટમાં દુખાવો થતો
નથી તેઓ ઘણું કરી મરી જાય છે. પણ જો
પેટમાં દુખી દુખીને ઝાડો થાય તો તેની હાલત
સુધરવાની નીશાની છે. એવી વખતે ઝડો થતા
કરયાથી માણસ મરી જાય છે એમ ધારવુ એ
જુઠ છે એથી ઉલટુ જેને ઝાડો થતો નથીઅગ
ર ઓછો થાય છે તઓ વેહેલા મરી જાય છે.

આ દુષ્ટ રોગ ઉપર હજારો દવા અપાય
છે તો પણ તેને માટે ચોકસ ઇલાજ નથી તેમ
તેનુ ચોકસ કારણ પણ માલુમ પડયુ નથી.
જુદા જુદા ડાકતરો અને વઇદોના જુદા જુદા મ

ત છે તોપણ ધીરજ રાખવાથી ઘણા જણ સાજા થઇ શકે છે.

ઇલાજ ૧ લો—શરૂઆતમાં જેવો ઝાડો થાય તેવોજ મોટા માણસને ત્રીસ ટીપા કલોરોડાઇન અડધા વાઇનગલાસ બ્રાંડી અને પાણી સાથે આપવુ અને જરૂર પડે તો દર બબે કલાકે આપવું.

ઇલાજ ૨ જો—પાંચ ઘંઉ બાર જનાવરના હાડકાનો કોયલો એક ચમચા બ્રાન્ડી સાથે મેળવીને તે પાવો અને જરૂર હોય તો દર એકથી બે કલાકે આપતા રહેવું.

ઇલાજ ૩ જો—પાંચ ઘઉં બાર કવીનાન દર બબે કલાકે ફકાડવું. જો ઉલટી બંધ ન થતી હોય તો બંધ થતા સુધી અડધી ચમચી સલફયુરસ એસીડ આપવો.

ચેતવણી—કોલેરાના આ અગર બીજા તબકામાં અફીણની કોઇ પણ દવા બીલકુલ આ

પવી નહીં. કારણ કે બીમાર તેથી વધારે બીમાર થઇ તરત મરણ પામે છે.

ઇલાજ ૪ થો—કલકતામાં પાંચથી દસ ધણી ભાર કાળા ધંતુરાનાં સુકાં ફુલનો ભુકો, કાળાં મરી અને મધ આ ત્રણે ચીજો મેળવીને ઝાડો બંધ થતાં સુધી આપવામાં આવે છે.

ઇલાજ ૫ મો—સૂકાં મરચાં તથા મીઠું પાણીમાં ઉકાળીને દર અડધા કલાકે પાવું,

ઇલાજ ૬ ઠો-બીમારના બીછાનાની પાસે

પુષ્કળ કપુર બાળવું. અને તમાકુની બીડીની પેઠે કપુરની બીડી કરી બીમારને પાવી, હાથે પગે શેક કરવો. બીમારને બીછાનામાંજ સુવાડી રાખવો, અને ઊઠવા બેસવા દેવો નહી. જો શરીર ઠંડુ થઈ જતુ હોય તો ગરમાવો રહે એવાં ઓસડો ચાલૂ રાખવાં નળીયાં. બાટલી, અથવા ઇટનો શેક કરવા કરતાં એક સેહેલો અને જોઇએ

એટલી ગરમી ગળે એવો ઇલાજ એ છે કે જે વડી ચોવડી ફલાલીની ગડી તે ઉપર હોટ વોટરપ્લેટો (ગરમ પાણીની રકાબીઓ) મુકી લુગડું ઢાંકવવું એથી જોઇએ એટલી ગરમી મળી શકે છે.

ઇલાજ ૭ મો—આકડાનાં મુળીયાની છાલનો ભુકો અને કાળાં મરીનો ભૂકો સરખે ભાગે મેળવીને ગોળી વળી શકે તેટલા આદુના રસમાં ચનોખડી જેવડી ગોળીઓ વાળવી અને તેમાંથી એકથી બે ગોળીઓ ઉલટી થયા પછી આપવી. આપવા પછી ઉલટી કરી નાંખે તો ફરીથી એજ પ્રમાણે ઉલટી તદન બંધ થતાં સુધી આપતા રહેવી. એ ગોળી ઉપર બીજી કંઇ પણ દવા વાપરવી નહીં, કેમ જે તેથી એનો કશો ગુણ જણાતો નથી. બીમારની તરસ મટાડવાને ધાણા અને વાળાનું પાણી ઉકાળીને આપ્યાં કરવું; અથવા લવીંગ, જાયફળ કે નાગરમોથનું પાણી

ઊકાળીને તે પાવું, અથવા મોળી ચાહ આપવી.

ઇલાજ ૮ મો—જેગી કાપરૂ જેને કેટલાક લોક દરીઆઇ કાપરૂ કહે છે તે ના ગે ભારી ભાર ભુકો થોડા બ્રાન્ડી અને પાણી સાથે આપવું. જો આ દવા ઉલટી થઈ નીકળી જાય તો બીજી બીજી વાર આપવી. પણ દવાનો ટકાવ થાય તો ચાર કલાક સુધીમાં બીજી વાર એ દવા આપવી નહીં.

૫૨ ઓકારી મુરછી.

ઓકારી ઉપર લિંબુ રસમાં આપવો. પીતપાપડાનો ઉકાળો મધમાં નાખી આપવો.

મુરછી ઉપર—દ્રાક્ષ, ગળો, સુંઠ, મુશકર મુળ પીપરીમુળ. એનો ઊકાળો કરી તેમાં પીપર તથા મધ નાખી આપવો. ધમાસાનો ઊકાળો, ઘીમાં નાંખી આપવો. નવસાગર, તથા ચુનો એક શીશીમાં ભરી તેનું મોઢો બંધ કરી મુકવું, ને તે શીશીનુ મોઢો ઉઘાડી સુંઘાડવી.

૫૨ પેટના કરમનો ઈલાજ.

પેટના કરમની નાસાનાતથા ઉપાય નીચે પ્રમાણે છે;—એક જાતના કરમ દુધીના બીના જેવા હોય તેની જગો પેટના રોદામાં હોય છે. બીજી જાતના કરમ અળશીયાના જેવા હોય તેની જગો પેટના માદામાં હોય છે. ત્રીજી જાતના ઘણુાજ ઝીણુા હોય છે તેની જગો સફરામા હોય છે. એ ત્રણે જાતના કરમનો નાશ કરવાને આ પ્રમાણે ઓસડ કરવુ—કપીલો તોલા ૨ ખાંડા ઝીણો કરી ખાટા દહીમાં મેળવી ખાય તો તમામ જાતના કરમ હકે થાય પણ જે દીવશે એ ઓસડ ખાવું હોય તેની આગલી રાતના ગોળ ખાવો કે જેથી ગોળને તમામ કરમ જઇ લાગે. પછી દીવશે એ ઓસડ ખાય તો કરમ મરે બીજુ—દાહાડમનૂં ઝાડ જે ઘણુ જુનુ હોય તેની ચાલ ટાંક ૪ પાણી શેર ૬ માં ઊકાળી તેનુ શેર ૧ રેહે ત્યારે ઊતારી લુગડે ગળી તે પાણી.

દરરોજ સવારે પીયે તો ગાદામાં કરમ હોય તે મરી જાય. શણુનાં બો તોલો ૧ ગાયના પેસા બમાં માસ ૪ સુધી પીએ તો, નાશ થાય. મિ ઠાશ તથા પ્યાજની પરહેજી રાખવી. કરમાણી તથા ખાખરાનાં બીજ બરાબર વજને લેઇ ખાં ડી ઝીણુ કરી ઘણા દીવસ સુધી ખાય તો ભાત ભાતના કરમનો નાશ થાય. નળીયાને ખાંડી ભુકો કરી સવારે ખાય તો કરમ દફે થાથય. મૂરદાસીંગ માસા ૩ ને વજને ભુકો કરી તેલ સાથે ખાયતો કરમનો નાશ થાય છે.

૫૩ હાડચુરનો ઇલાજ.

માણુસનું કોઇ જગાનું હાડકૂં ઓચીતું ભાગે ત્યારે તે ભાગેલા હાડકાને પાછું તેની જ ગા ઉપર એક બીજા સાથે સાંધો મળે તેમ ગો ઠવી તે ઉપર રાતી મટોડનો લેપ કરવો. પછી, તે ઉપર પાટા બાંધવો. મજીઠ, મહુડાંની છાલ આમલીનાં પાન એ ભેળાં વાટી ગરમ કરી લેપ

કરવો સોત્રાર વાણીએ ધોએલુ ઘી ચોખાના લોટમાં મેળવી ઉપર બાંધવુ બાવળની છાલ ૧ ભાગ ત્રીફળા ૩ ભાગ અને ગુગળ ૭ ભાગ એ એકઠાં ખાંડી ગોળીઓ કરી આપવી.

૫૪ ઝીણી વરસોળી.

માણુસના શરીરમા વરશોળી ઘણુ કરીને કપાળ ઉપર હાથ ઉપર કે પગની પાટલી ઉપર થાય છે નાની વરસોળો ચણીબોર જેવડી કે નાહાની સોપારી જેવડી થાય છે તેને આંગળી થી દાબ્યાથી તેમાં ખાડા પડે ને પથરાઈ જાય આંગળી ઉચક્યાથી તરત પાછે ખાડો ભરાઇ જાય ને પથરાયેલી પાછી ઉડે એથી કોઇને દુખ થાય છે ને દુખ ન થતૂ હોય તો તેને આંગળાએ રગડી પાટીયાનો કડકો લેઇ તેથી કુ ટી બેસારવીને ઉપર તાબાનો અથવા શીસાના પ તરાનો જાડો મજબુત કકડો બાંધી રાખવો કે ફરી તે થશે નહી વરશોળીથી દુખ થતુ હોય

ને ચાંપ્યાથી દુખતી હોય તો તે ઉપરકંઠમાળનાઉ પાયમાં કહેલાં ઓસડ ચોપડવા.

૫૫ દીલે મસા થયાનો ઉપાય

સંચોરો દેવતામાં ફુલાવી સફેત થાયત્યારે બહાર કહાડી સંચે.ળા બરાબર કળીચુનો લેવો. એ બેઉથી ત્રીજે હીસ્સો પ્યાજ લેઈ એ સરવેને પાણીમાં ખલ કરીને મસા ઊપર ચોપડે તો મસાની જડને કાપે બીજુ—નીમક તથા કુવાનુ પાણીએ બેઉને મેળવી ચોપડવાથી પણ મસાને જડમાંથી કાપે છે.

૫૬ પગ અને શરીરનુ ફાટતું

રાલ ટાંક ૧૦ મીણ ટાંક ૩ ગેર ટાંક૧ ગાયનુ ઘી ટાંક ૧૮ એ સરવેને દેવતા ઉપર મુકી ગરમ કરી પાછી જયાંહાં બદન ફાટયુ હોય ત્યાં મસળે તો આરામ થાય બીજુ મીઠુ તેલ તથા રાર એ મેળવ ગરમ કરીને ગસરે તો એવોજ નફો આવે ત્રીજુ-સફેત મીણ તોલો ૧ મીંઠુ

તેલ તોલા ૨ એએઉને ગરમ કરીને બદન ઊપર મસળે તો આર.મ થાય,

૫૭ હરસનો ઉપાય.

હરસનો રોગ ઘણી જાતનો થાય છે હ રસ કોઇને નાકમાં ને સફરાના (ગાંડના અથવા કુલાના) મોં આગળ પેદા થાય છે ને તે રસ વી કાર, વા, તથા ગરમીથી કે લોહીથી પેદા થાયછે પેહેલી જાતના મસા લોહીના હોયછે. તેમાં મસા જ્યારે જોર કરે ત્યારે તે ફાટીને તેમાંથી લોહી વં હેછે. બીજી જાતના મસા રસ વીકારના હોય છે. ને સુકા હોય છે તેમાંથી લોહી અથવા પરૂ કાંઇ આવતું નથી પણ તે એકલું દરદ કરે છે.

પેહેલો લોહી તથા જળસનો ઊપાય જેને લોહી તથા જળસના મસા હોય, ને તે માણસ શરીરે જાડો હોય તો તેણે લોહી તથા પરૂ (જ ળ.ત) આવતું બંધ કરવું નહી કેમકે એ મારગે લોહી તથા જળસ આવવાથી કાળજાની ગરમી

તથા રોગ મટે છે. આ જાતના દરદ ઊપર હલ
કા જુલાબ આપતા રેહેવું તેથી એ દુખ નરમ
પડશે, જો રોગથી ઘણું દરદ થતું હોય, તો ની
ચે પ્રમાણે ઓષડ કરવું.

ગુગળ તોલા ૫, મોટી હરડેલ તોલા ૩, હીમજીહરડે તોલા ૩, સફેત રાઇ તોલો ાા, એ સરવે જણસ લાવી તે મધે ગુગળ ઘણો સાફ ચોખો લઇને તેને મીઠા પાણીમાં ગોળવો. પછી બીજી દવાઓને ખાંડી બારીક કરીને ગુગળ ગોળે લામાં મેળવીને તેની ગેળીઓ વટાણા જેવડી બ નાવીને સુકાવી એક શીસામાં ભરી મુકવી, પછી કોઇ માણસને હરેક જાતના હરસનું જોર ઘણું થાય ત્યારે તેમાંથી પોણા રૂપીઆભારને આશરે ગોળીઓ દરરોજ ઉના પાણી સાથે ગળાવવી તેથી ગૂણ થશે, ને કદાપી ફેર ન પડે તો નીચે મુ જબ કરવું.

બીજો ઉપાય–ગુગળ તોલા ૧૦) મધ અ

થવા સાકર તોલા ૨૫) મોટી હરડેદલ તોલા ૪,
હરડાની છાલ તોલા ૪) એ સરવે જણસો સારી
જોઇને લાવી તે મધે ગુગળ ધણો ચોખો અને ચ
ળકતો લેવો ને તેને ઉના પાણીમાં નાખવો પછી
તેમાં મધ અથવા સાકર નાંખવી, પણ ગુગળ
નું પાણી પ્રથમ ગાળીને પછી નાખવી ને તેને
ચુલે મુકી ચાસણી ઉપર લાવીને તે મધ્યે બીજી
દવાઈ બારીક કરીને નાંખવી. પછી એક રસ
કરી તેનો પાક કરીને કાચના વાસણમાં ભરી મુ
કવો પછી તેમાંથી દરદીએ દરરોજ સવારમાં
રૂ ૦ાા ભાર થી તે રૂ ૦ાાા ભાર સુંધીના બે
ત્રણ ગોળીઓ વાળીને ઉના પાણી સાથે ગળવી
તેથી હરસનુ દરદ મટશે.

ત્રીજો ઉપાય-હરેક જાતના મસા ઉપરમ

લમ ચોપડવો તેની રીત ગીણુ તોલા ૧, માંજુફ
ળ (માયા) નો ભુકો તોલો ૦ાા મીઠું તોલો ૧
એ ત્રણે વસ્તુને ઉની કરીને તેનો મલમ બનાવ

વો અને તેને મસા ઉપર ચોપડા કરવો.

વળી એ મસા ઉપર ગળી વાટીને ચોપ ડે તો પણ ગુણ કરે છે.

જેને સુકા હરસ હોય એટલે મસા દુઝ તા નાહોય ને દરદ કરતા હોય ને નીચેપ્રમાણે ઓસડ કરવાથી મટી જશે.

કાળાં મરી તોલા ૧૫ સુવા શેર ૧ મધ શેર ૧ એ ત્રણે જણસ લાવીને તે મધ્યેથી મ- રી તથા સુવા બેઉને બારીક ખાંડી તે મધમાંના ખી ચાટણ કરી રાખવુ તેમાથી દરરોજ સવાર સાંજ તોલો ૧ બે વખત બે તોલા ચટાડવુ ને ઉપર લખેલો મલમ ચોપડવો તેથી મસા વ રત મટી જશે.

ચોથો ઉપાય–બાવળીઆના ઝાડની પાળી લાવીને તેને સુકવીને ઉંદરની સુકી લીંડીઓ બા રીક વાટી તેને એક વાસણમાં ભરી મુકવી પછી એક માટાનુ મજબુત કુંડું લાવવું. તે એવું કે

ઉપર બેશી શકાય તેવું લાવીને તેને નળીઓ વચ્ચોવચ બે આંગળા ફરે તેવુ ગોળ કાણુ પાડવુ પછે એક વાસણમાં દેવતા ભરીને તે ઉપર પેલો ભુકો ભભરાવીને એ ઉપર માટીનુ કુંડું ઊંધુ વાળીને જેને હરસ થયો હોય તેણે લુગડું દુર કરીને તે કુંડાના ઉપર બેશીને ગસાને ધુણી લાગવા દેવી એ પ્રમાણે એક દીવસમાં બે ત્રણ વાર કરે, એવુ એક અડકાડીયુ કરે તો બધી જાતના હરશ મટી જશે

૫૮ વાળાનો ઉપાય.

વાળો જેને દક્ષણીં લોકો નારૂ કહે છે તે રોગ ઘણું કરીને ગરમ હવાના દેશોમાં વધારે નીકળે છે. તેમાંના મુખ્ય નામ હીંદુસ્તાન, શીંહલદ્વીપ, મકા તેમજ હીંદુસ્તાનની દક્ષણ તરફના દેશોમાં એ દરદ વધારે થાય છે પણ થંડી હવાના દેશમાં એ રોગ થતો નથી. એ રોગ માણસને કમરથી તે પગ સુધી ઘણો થાય છે.

ને માથાથી તે છાતી સુધી થોડો થાય છે. તેની નીશાની એ છે જે હરેક જગોએ અગન બળીને એક ફોલ્લો થાય છે ને તે ફુટે છે ત્યારે તેમાંથી બારીક રૂપાના તાર જેવો સફેત અને બેઉ કોરે અણીઆળો અને સવાગજ લાંબો હોય છે ને તે જીવતો હોય છે. તે એકદમ બહાર નીકળતો નથી. થોડે થોડે સાચવીને ખેચ્યાથી નીકળે છે, તે જો એક દહાડે નીકળી જાય તો પછી ઇજા કરતો નથી. પણ નીકળતાં તુટી જાય તો બહુ હેરાન કરે છે માટે એને કહાડવાનો ઇલાજ એવો છે. કે જ્યારે વાળો નીકળવાની જગાએ ફોલ્લો ના થયો હોય ને વાળો તરેલો દેખાય, તેને આંગળી દબાવી જોતાં, માલમ પડે ત્યારે કોઇ દક્ષણી હજામ, વાળો કાહાડી જાણતો હોય તેને બોલાવી કહડાવવો. તે હજામ સોએથી ચામડી ઉચકીને, અસ્રાથી કાપે છે. એમ ત્રણ ચાર પડદા કાપેથી તે બહાર દેખાય, એટલે સોયથી ઉચકીને, તેને

આસ્તે આસ્તે ખેંચીને કાઢે છે, કદાપી તે નીક-ળતાં હરકત થાય તો બાજુ ઉપરની જગોએ આંગળીઓ વતી ચોળીને ફીસબી હોય તો આખો બાહાર કાડે છે. ને તેના મો ઉપર સીંદુર દાબેથી ઘા રૂઝાઇ તરત સારૂ થાય છે. ને એમ કરતાં પણ તુટે તો પોતાનું નશીબ સમજવું હવે તુટેલો વાળો નીકળવાને તે જગોપર પાક આવે, એવાં ઓસડ ચોપડવાં જોઈએ અથવા ઘઉની પોટીસ બાંધી પકવેથી વાળો નીકળી જશે. અથવા તેમ ન નીકળે તો અંગરેજી દાકતર પાસે નસતર મુકાવી કઢાવવો કેમકે તે બહાર નીકળ્યા વગર સુખ થતુ નથી. કદાપી દાકતર જળો મુ-કાવવાને કહે તો તે પણ મુકાવવી.

એ દરદને કહાડનાર મુંબઇમાં દક્ષણી હજામો ઘણા હુંશીઆર છે તેમ બીજા દેશમાં પણ હશે.

વાળા ઉપર ઓસડ—હશબગુલનાં બી ગુ-

છાળમાં કે દુધમાં મેળવી વાટીને ચોપડવાં અને શીકોતરી એળીઓ કાસનીના (ગળીના પાંદડાના પાણીમાં વાટીને પાય તો વાળો જળમુળથી નીકળી જાય પણુ એની તલબીર એવી વી કરજે પેહલે દીવસે શીકોતરી એળીઓ માસા ૨ લઇને કાસનીના પાંદડાના રસમાં ભિજવી મુકવો તે રાત્રીએ ભીજાવો ને તેને સવારે ધોળીને એ દરદીને પાઇ દેવો બીજે દીવશે ચાર માસા અને ત્રીજે દીવશે રૂ૦ ૦ાા ભાર ઉપર કહયા પ્રમાણે પાય તો વાળાનુ દરદ મટે.

એ દરદ મુદ્દલ કોઇ દીવસ થાય નહી તેવો ઉપાય કરવો હોય તો નીચે મુજબ પાક કરી ખવરાવવો.

મોટી હરડેનુ દળ, બેહુડાની છાલ, આમળાની છાલ સુંઠ અને ભુંગળીઓ નસોતર એ સરવેને બરાબર વજને લેઇ બારીક ખાંડીને હવાલે ચાળી મધ અથવા સાકરના શીરામા મેળવી પા

ક કરી રાખવો. પછી દરરોજ સવારમાં માસા ચાર ખાવો એ પ્રમાણે ૨૦) દીવસ ખાય તો વાળાનુ દરદ કદાપી થાય નહીં પાક ખાઇને ઉપ ૨ ઉનુ પાણી પીવુ તેથી ઘણો ફાયદો છે.

ઉદાહરણ કઇકુબાદપાદશાહને પગે વાળો નીકળ્યો હતો તે મટવાને તેણે નાના પ્રકારના ઓસડ કરયાં પણ તે લાગુ ન પડયા કેમકે કહે વત છે કે એક નારૂના સો દારૂ એટલે એકવાળાની ઉપર સો જાતના ઓષડ કરતાં કોઇક લાગુ પડે અથવા ન પણ લાગુ પડે માટે બાદશાહે કુટાળીને વઇદ્દોની સભા કરી તેમાં સારા હોશાબાર સાતસે વઇદ એકઠા થયા. તેમણે વિચાર કરી કહ્યું કે એની ઉપર નસ્તર મુકવા શીવાય મટનાર નથી પછી તેમાંથી એક હુશીઆર વઇદે તેના પગને સાત જગોએ નસ્તર મૂકી ચીરાને તેમાંથી વાળો બહાર કાઢાડયો. વાળાનો દોરો કાળો નીકળે તો તે માણુસ જીવતો રહે નહીં

પણ હાલના કાળમાં તો વાળાનો દોરો સહેલ નીકળે છે માટે તેને મરણની ચીંતા નથી પણ જેને વાળો નીકળ્યો હોય, તેણે એક જગાએ બેશી રેહેવું ઘણું ફરવું નહી, કારણ કે ઘણું ફરવાથી પગે જોર કરે છે. માટે ન ફરવું તેથી વહેલો આરામ થસે.

૫૮ પાઠાનો ઉપાય,

પાઠું ઘણું કરીને બને ખભાની વચે વચલા મોહોરાની ઉપર થાય છે. એ રોગ સ્ત્રી અથવા પુરૂશ બંનેને થાય છે એ પાઠુ ઘણુંજ ઘાતકી છે. પાઠુ કાચૂ હોય ત્યારે ચીરાવે તો ફાયદો થાય છે. કેમકે તે મોટુ થયું હોય તો તેની દેહેશત ઘણી છે પણ પીઠ વગર બીજે ઠેકાણે થયુ હોય તો તેની દેહેશત નથી એ પાઠાના રોગને ફાસલ કરીને પણ કહે છે એનું કારણ એ છે જે એની નીશાન કાચબા જેવી છે. પાઠાનો રોગ સ્ત્રીઓને ઘણો ખરો છાતી ઉપર તથા

કુમરમાં થાય છે. વળી એમ પણ કહેવાય છે કે સ્ત્રિને કમળપાઠુ થાય છે. એ કોઈને વારસાથી થાય છે એટલે જેની માને કમળમાં પાઠુ નીકળ્યુ હોય તેની છોકરીને નીકળે છે ને પુરૂષને પેટ કે મોહેડા ઉપર કે ઇંદ્રીના ઈંદ્રર ઉપર પણ થાય છે પણ ઊપર લખલુ પાંઠુ તો વાંસામાંજ નીકળેછે એ સઘળી જાતના પ ઠાંનો ઊપાય નીચે પ્રમાણે છે

પીઠ વગર બીજાં જે પાંઠાં પુરૂષ તથા સ્ત્રીને થાય છે એ પ્રથમ તો એક નાની સોપારી અથવા બદામ જેવડુ થાય છે એ વધે છે તેમાં કોઇને દરદ થાય છે અને કોઇને નથી થતુ એ પાઠાવાળાને એ રોગ થતાં ફસ ખોલાવવી અથવા હલકા જૂલાબ આપવા તથા આ ચોપડીમાં કહે લાં ઓસડો એ પાઠા વાળાને ખાવાને તથા ચોપડવાને સારૂ આપવાં જો ઘણું જોરમાં ઉઠેલું માલમ પડે તો તરત ઉપર જળો મુકાવવી અને

માફ ઉપર આવે તો પાકની લેપડી કરી બાંધવી સારી પેઠે પાકવા પછી નસ્તર ચીરી અંદરથી એનો મવાદ (રગયરશી) ઝરીને સાફ થાય ત્યારે રૂઝવાની પટી મારવી. એ રોગ વાળાને સારી હવામાં રાખવો એ જાતના પાહાને દરીયાના પાણી સાથે ધોતા રેહેવું અથવા દરીઆંનું પાણી ન મળે તો ઉના પાણીમાં મીઠુ નાખીને તે પાણીથી ધોતા રહેવું કદાપી આના કમળમાં પાકુ થયું હોય તો એને કડણુ દવા ખાવા ના આપવી હલકી દવા આપવી, જેવું કે ગુલેનેન ફ્સાનું શરબત, લીલેફૂરજે સરબત કે પરેસીયાવસાનનું સરબત એવી દવાઓ આપતા રેહેવુ, ને ખાવા સારૂ હલકો સુતરૂ ખોરાક આપવો જેવી કે જવની કાંજી, એમાં દુધની તર કાઢીને દુધ નાંખવું. તથા ચોળાઇની (તાંદળજાની) ભાજી, એવી હલકી વસ્તુઓ આપવી.

રાખવુ એટલે ઠરીને મલમ થશે એ મલમનું નામ ઈંગરેજીમાં "બીજલેકનઆનમેંટ" કરો ૨૧ ખેલુ છે એ મલમ એદાની જરદી સાથે મેળ-વીને તેમાં જુના લુગડાનો કટકો અથવા દોરડાનો કુચો ખરડીને તે જખમમાં મુકી પછી એજ મલમની પટી બનાવીને એ ઉપર મુકવી ને આજુ બાજુ કઠણુ હોય તો એ ઉપર પાકની લે પડી બાંધ્યા કરવી ને દીવસમાં બે વાર એ પટી ઉખેડીને કાકડો કાઢીને ઉના પાણીએ અથવા મેથી અને કાંચકીની જડને ઉકાળી એ પાણીએ ધોઇ સાફ કરી નવો કાકડો તથા પટી મુક-વી જ્યારે રૂઝ ઉપર આવે ને પરૂ અથવા પાણી આવતુ બંધ થાય ત્યારે પેલો કાકડો મુકવો નહી ને એના ઉપર સફેત કાચુ મીણુ તથા તેલને ગરમ કરીને તે સાદા મલમની પટી મારવીને રૂઝવવું. ને એ ધણીનો ઝાડો કબજ રહેતો હોય તો હલકો જુલાબ આપવો. અગતા જુલાબની

વા ભરી ઝાડાની વાટે પીચકારી આપવી તેથી જૂલાબ થશે જેથી પેટ હલકૂ પડશે ને રોગની કસર નીકળી જશે ઉપર લખેલી બેરંજી રાજન ના મલમથી ઘણોજ ફાયદો છે ત્રીજે નાની સરખી બદ કે દુબલ થયું હોય તો એના ઉપર એ મલમની પટી મારી હોય તો એ દરદને વેરી નાંખે છે. ને બદ પીંગળી જાય છે તુરતનો અથવા થોડા દહાડાનો અંતરગળનો રોગ હોય તેના ઉપર એ મલમની પટી મારી હોય તો તેથી ફાયદો થાય છે માટે એ મલમ બનાવવાની રીત ઉપર લખી છે તે પ્રમાણે બનાવી ઘરમાં તઇયાર રાખવો કે જ્યારે જોઇએ ત્યારે તરત કામ આવે.

૬૭ સંગ્રહણીનો ઉપાય.

એ રોગ બે જાતનો થાય છે તેમાં એક આબી અને બીજો આતસી એ રોગથી ઝાડો થાય છે જો આબી હોય તો તેથી તરસ થોડી

હોય કદી પેટ ચાલે ને કદી બંધ થાય તેનો ઉપાય એ છે જે—રાળ પઇશા ૭ ભાર બૂરા ખાંડ પઇશા ૩ ભાર બાબચી પઇશા ૨ ભાર સુંઠ પઇશા ૩ ભાર કંતાન બી પઇસા ૩ ભાર એ સરવેને એકઠું કરીને ઝીણુ ખાંડીને દરરોજ સવારે તથા સાંજે બબે પઇશા ભારની ફાકી મારે તો આં બો સગ્રહણીનો રોગ મટે એ દરદમાં ભાંગ પીએ તો ઠીક છે.

બીજુ ખસખસના પોસ બારીક ખાંડીને દરરોજ સવારે હાથેળી ભરીને ફાકે તો તેથી પણફાયદો છે એ રોગવાળો અફીણ ખાય તો ફાયદેમંદ છે. જો આતસી હોય તો તેનુ દીલ પાણીને વાસ્તે તરફડે દીલ તથા છાતી દેવતાની માફક બળે પાણીની માફક રાત દીવસ પેટ ચાલે એ રોગને ઓષડ ફાયદો ન કરે.

૬૧ મોઢા ઉપર ખીલ થાય છે તેનો ઉપાય.

ઘણા ખરા જવાન માણસનાં નાક તથા

કપાળ તથા ગાલ ઉપર ખીલ થાય છે તેથી મા
ણસનુ સોહામણુ મોહુ બીહામણુ દીસે છે તે
ખીલને દાબીને કાઢે ત્યારે અંદરથી ચીકણો
બીઓ અથવા પરૂ જેવુ ચીકણુ નીકળે છે તે
ખીલ થાય ત્યારે પ્રથમ તો એળીઆની મેળવ-
ણીના ગોળીઓનો જુલાબ લે પછે મઠનો આટો
સરકામાં ભીજવીને મોહડા ઉપર ચોપડવો અ-
થવા મરઘીના એંદાના કોચલાં અથવા મરઘીના
હાડકાં બાંળીને તેને સરકામાં મેળવીને ચોપડે
અથવા કડકા વળનો આટો સરકામાં મેળવીને ચોપડે
તેથી મટે ને એ સરવેથી ગૂણ નહી થાય
તો પછે દ્રાખના ઝાડનુ લાકડુ બાળીને,
તેની રાખ સરકામાં મેળવીને ચોપડે તેથી મટે

બીજુ આદમીનુ માથુ એવુ ખીલાઇ આવેજે
તેમાંથી તરી તથા જરદાબ નીકળે ને જખમ
થાય તેમાંથી નીકળે તે પાણીની માફક નાહના
છેદ પડે તેનો ઉપાય એ છે જે શરાબ (દારૂ)

તથા સરકો, દાડમની છાલ, મધ, નીમક એ સરવે એકઠું કરીને માસ ચાર સુધી માથા ઉપર ચોપડે તો આરામ થાય.

---

૬૩ ગુમડાનો ઉપાય.

ગુમડા થાય તો નીચલા વસાણાનું પાણી પીએ, તો ગુમડા મટી જાય હરડાં, બેહેડાં આમળા, ધાણા. સુખડ. એ પાંચ ચીજને માટીના વાસણમાં નાંખીને તેમાં કૂવાનુ મીઠુપાણી રેડવુ પછી તેને ભીજવી રાખીને તે પાણી ગાળીને જેને ગૂમડા થયા હોય તેને પાવું અને જ્યારે તરસ લાગે ત્યારે તેજ પાણી પાવુ તેથી ગૂણ થાય છે પણ ગુમડા થયા હોય તેણે તેલ આંબલી, મરચુ, અને બીજી હરેક ગરમ ચીજ ખાવી નહી કેમકે તેમાંથી ઝાડો આવે અથવા મરડો થાય તેથી હેરાનગતી થાય માટે એ દરદ વાળાએ એ ચીજો ખાવાનો વીચાર રાખ-

નહી.

૬૪ શોજા ઉતારનો ઉપાય

માણુસના શરીર ઉપર સોજા આવે છે તે ગરમી, નબળાઈ કે લોહીથી આવે છે એ ચારેનો ઉપાય એ છે જે એરંડાની જડ ઈંદ્રજવ સુઠ, પીપર, સાજી જવખાર, હળદર, દેવદાર. એ સરવે બરાબર વજને લેવું ને તેને બારીક ખાંડીને પછે રીમેહાઇન એટલે લુવારની કોડમાં ધડતાં જે લોહાનો ભુકો મેલ પડે છે તે સરવે દવાના ત્રીજા ભાગનો લઇને બારીક વાટી દવામાં ભેળવવો પછી તેમાંથી દરરોજ સવારે પઈશા ૧ ભાર હપતા ૪ સુંધી ખાય તો ઘણોજ ગુણ થાય ને સોજા રોગ મટી જાય પણ ખટાસ વાળી સરવે ચીજ તથા ખાંડ તથા વાયુ કરે તેવી વસ્તુ ખાવી નહી પરેજી પાળવી શોજા ઊપર એરંડીઊ તેલ મસળે તો ઘણોજ શોજો ઉતરી જાય છે પણ જો ગરમી ન હેય

તો નહી ચોપડવુ કેમકે વધારે થાય માટે ન ચોપડવુ,

બીજો ઉપાય—નવા વાંસનો ફકડો શીધવ હળદર એ સરવને ધશીને સોજા ઉપર ચોપડે તો સોજો ઉ-રી જાય જો સોજો લાલ રંગનો હોય તો લોહીથી થયો હોય એમ જાણવુ સોજા માં બળતરા બળતી હોય તો રૂમડી મુકાવવી અથવા જળો મુકાવવી, ને લોહી કમી કરાવવું ને નીચે લખેલો મલમ તે ઉપર ચોપડવો. મ હુડાં શેર ૦।, હળદર પૈસા ૨ ભાર, નીમક (મીઠુ) પૈસા ૧ ભાર, એ સરવે મીઠા તેલમાં ઘુંટીને મલમ કરવો, પછી તે દરદ ઉપર ચોપડવો અ થવા તે ઉપર પટી મારવી, તેથી લોહી વીકારનુ દરદ મટી જશે. પંદર દીવસ એ ઉપાય લાગટ કરેથી જરૂર ફાયદો થશે. લોહી વીકારનું દરદ હોય તોજ લોહી કઢાવવુ ને ન હોય તો ન કઢા વવું કેમ જે ઉલટુ નુકશાન થાય છે; તે ઉપર

કુંવારનો લેવાબ મસળે તો સોજો ઉતરી જાય.

ત્રીજો ઉપાય—જેહરકચોર, સુરીજન, સુંઠ, સાટોડી, આંબાહળદર, તથા એરંડાની જડ, એ સરવે ગાયના મુતરમાં ઘશીને થોડું ઉનુ કરી ચોપડે તો સોજો ઉતરી જાય

૯૫ સંધીવાનો ઉપાય.

સંધી વા એને કોઇ સંધવા પણ કહે છે. એ દરદની રીત એવી છે કે તે માણસના શરીરના સાંધાઓમાં થાય છે તેથી શરીરના સરવે સાંધાઓ દુખે છે, અને કોઇને સાંધાઓમાં સોજા પણ થાય છે ને ગાંઠો ઘાલે છે. એ રોગ બે જાતનો થાય છે. એકની સાથે તાવ આવે છે ને રાત દીવશ ઇજા કરે છે પણ એની ઉપર ઓસડ લાગુ પાડીને ગુણ થાય છે. બીજી જાતનાને તાવ આવતો નથી ને દહાડે દરદ ઓછુ થાય છે ને રાત્રીએ ઘણું થાય છે ને તાવ સુદલ આવતો નથી માટે એ જાતના રોગ ઉપર ઓસડ

લાગુ પડવુ કઠણ છે, તો પણ કહ્યા પ્રમાણે એ
સડ કરતાં કોઇને ગુણ પડે છે તો તેથી સારો
થાય છે.

સંધી વાયુની સાથે તાવ આવે છે તેનો
ઉપાય નીચે મુજબ.

સાંધાઓમાં લાલ સોજો હોય તો એ રોગ
ની ફસ ખોલાવી લોહી કઢાવી કમી કરાવવું તેથી
આરામ થશે, અને આજાર વાથી હશે તો તેનું
ઓસડ પીપર ટાંક ૧ દેવદાર ટાંક ૧ એ બે
ખાય ને દેવદારનું તેલ સાંધા ઉપર મસળે તો
આરામ થાય ટાંકના વજની સમજ એ છે જે
તે કુંપની સીકાના એક પાઇશા (ઢાલીયા) ભાર
હોય તેને ટાંક સમજવો.

વગર તાવનો સબંધી વા મટવાનો ઉપાય
એ છે કે 'સીકોતરી એબીઓ રૂ૦ ૧ ભાર
રેવંચીની ખટાઇ રૂ૦ ૨ ભાર એ બેઉને એકઠાં
કરીને બારીક વાટીને દરરોજ ઉના પાણી સાથે

ફુકાવવો અથવા ગોળીયો વાળી રાખવી એથી હલકો જુલાબ આવશે વળી એ આજારવાળાને એક મોટા પીપમાં ગરમ પાણી છાતી સુધી પા હોચે તેટલુ ભરી તેમાં બેસાડી નવરાવવો પાણી ઠંડુ પડતાં બહાર કહાડવો કોઈ ઠેકાણે ગંધ કની ખાણુ હોય છે ને તેની ઉપર ઉના પાણી-ના હિંદુ લોકોને નાહાવાના કુંડ હોય છે ને તે-માંસદાય હુનુ પાણી રહે છે તેમાં નવરાવેતોબહુ ફાયદો કરે ને દરદ મટી જાય એ ખાણુ સુરત જીલ્લામાં દેવકી ઉનાઈની જાત્રા દર વરસે ચઇત્ર સુદ ૧૫ મે ભરાય છે ત્યાં છે જયાં ઘણા લોકો જાત્રાએ જાય છે તે પાણી ઉપરના રોગવાળાને નવરાવવાને ઘણુ ગૂણકારી છે માટે જેનાથી બને તેણે એ ઉપાય કરવો

૬૬ દેવતા વાગેરેથી દાજેલાનો ઉપાય

કોઇ માણસ દેવતાથી ગરમપાણી ઘી તેલ અથવા બીજી હરેક ગરમ વસ્તુ શરીરપર

પડયાથી દાઝે અથવા બળે તો તેજ વેળા તે માણસને હરેક જાતનો સરકો છાશ કે દહી હોય તે દાઝેલી જગા ઉપર ચોપડવુ અથવા તેમાં લુગડુ ભીનુ કરી તે જગા ઉપર મૂકયાં કરવુ અથવા લખવાની સાહી કે ખડી ચોપડ વી તેથી આરામ થાય છે જે વેળા દાઝે તેજ વેળા ગળી કે ખડી પાણીમાં વાટીને ચોપડ્યા- થી ફોલ્લો ઉઠતો નથી ને આરામ થાય છે.

કદાપી ચામડી ઘણીજ બળેલી હોય ને અંદરથી માસ ખરાબ થઈને દરદ હોય તો નીચે કહેલો ચુનાનો મલમ બનાવી ચોપડવો. કળીચુનો ગમે તેટલો લેઇને તેને થોડીવાર પા- ણીમાં પલાળવો, તે ઉપરનું નીતરયુ પાણી કાઢી નાંખી ફરીથી બીજુ પાણી રેડી પલાળવો. એ રીતે સાત વાર તે ચૂનાનું પાણી બદલવું. પછી તે ધોએલો ચૂનો કાઢી સુકવી તેને લુગડે ચાળવો. પછી તેમાંથી થોડોક ચૂનો લેઇ ામી ઠ

તલના તેલમાં અથવા અળશીના તેલમાં કે ગાયના ઘીમાં મેળવી નરમ મલમ જેવો કરી તે મલમ દાઝેલી જગાપર કુકડાના પીંછાથી ચોપડવો. અથવા જૂના રૂનાં પોહોળીયાં કરી તે ઉપર મલમ ચોપડી દાઝેલી જગાપર મુકવાં, દાઝેલી જગા પર પુરૂ થાય તો દરરોજ ગરમ પાણીએ ધોઇ સાફ કરી ઝીણા લુગડા વડે વાણી હોય તે ઉચકી લેવું. પછી તે ઉપર મલમ ચોપડવો. અથવા સારી ઊંચી જાતની ગળી થોડીક વાટીને એ મલમમાં મેળવી ચોપડે તો વધારે ફાયદો છે. કેટલાક વઇદો વગર ધોએલો ચુનો પણ એ મલમમાં વાપરવાને ફરમાવી ગયા છે વાળ બાળી તેલમાં ખલ કરી તે મલમ લગાડે તોપણ મટે છે.

૬૭ ફરાંમોશીનો ઈલાજ.

ગફલત અથવા ફરાંમોશી માથાના મગજમાં વાથા પેદા થાય છે. તેથી ગફલત ઘણી થાય. ગયા દાહાડાની વાત યાદ ન રેહે માટે યાદદાસ્ત

લાવવાનો ઉપાય વૈદોએ લખ્યો છે તે નીચે પ્રમાણે.

મોથ ટાંક ૩ા, છડ ટાંક ૩ા, સુંઠ ટાંક ૩ા ખેર ટાંક ૧૦ અને મધ શેર ૫ એ સરવે વસાણાં મધમાં ભેળીને એક લખોટા વાસણમાં ઘાલી દીવસ ૪૦ સુધી જવની કોઠીમાં રાખવું ઘરમાં જવ નહીં હોય તો ઘોડાની લીંદ જે જગોએ નાંખતા હોય તેની નીચે તે વાસણ દાટવું. ચાળીસ દીવસ પુરા થયા પછી ત્યાંહાંથી તે વાસણ કાઢી એ આજારના ધણીને કઉઅત હોય તે માફક તેમાંથી ઓસડ દરરોજ સવારે માસ ૪ સુધી ખવરાવે તો ગફલતનો રોગ મટે ને યાદદાસ્ત ઘણી વધે.

૬૮ ઓથારનો ઉપાય.

ઓથાર એટલે લોક ઉંઘમાં એમ જાણે છે જે તેના ઉપર ભારે બોજ પડયો છે તેનો દમ બંધાય મોઢે બોલાય નહી દમ લેવાય નહીં દમ

બંધ થાય તો જીવ નીકળી જાય એ આજારના ધણીની બાસલીક રગ મુકાવે, એ રગ છોટી આં ગળીની મુકાબલ હોય છે ત્યાર પછી તેને ગીદ્ધ ળ ટાંક ૧ મધ સાથે આપી તેથી છાતીપરનો કફ બાહાર નીકળે ત્યાર પછી પેટના બલગમને વાસ્તે નીસોતર ટાંક છ આપે ત્યાર પછી હફ્તા બે સુધી મસ્તકી ટાંક ૧ ખાય તો એ આજાર મટે જેને ઓથાર હમેશાં થતો હોય તેને તેલ અડદ, લસણ તથા બાકળા એ ખાવુ નહીં

૬૯ કરણ મુળનો ઈલાજ.

કાનની નીચે થડમાં સોજો આવી ગૂમડા જેવુ થાય છે તેને કરણમુળ કહે છે માટે એ ઉ ઉપર જળો મુકાવી લોહી કઢાવવુ તેથી ગલાની આવી ઘણોજ આતુર થાય તો ઘી પીવાં આપવુ રાસણા સુડ, બીજોરાનુ મુળ, દારૂ, હળદર. કોવાડીઓ ને ગોસડનો લેપ કરવો ઉપર પોટીસ બાંધી પકવવુ અને એના સુરાખમાં જૂના ઘીની

અથવા મલમની દીવટ કરી હૂરરોજ નાંખતાં જવી એટલે પરૂ તમામ નીકળી જઇ માંસ ભરાય છે એવુ ન કરીયે તો અંદર પાકી હેઠે છાતીમાં ઉતરે છે કીંવા કાનમાંથી વેહ્વા લાગે છે.

૭– ઊંદરીનો ઉપાય.

મોઢાના વાળના થડમાં ખુજલી થાય તેથી વાળ ગરી પડે તેનો ઇલાજ એ છે જે જ્યાં ખુજલી થાય ત્યાં એરંડોઉ એવું ઘસે તે જેથી તે જગાએથી લોહી નીકળે પછી તે ઉપર દુધ તથા ગોળ એકઠું કરી મસળવુ તેથી ઉંદરી જાય ને દાઢી તથા મુછને એવા વાળ આવે કે ફરીથી ગરે નહીં બદામનું તેલ ચોપડે તો કદી ગરે નહીં બીજું–જે જગા ઉપર ઉંદરી હોય તે જગા ઉપર એરંડોઉ ઘશી પછી તે ઉપર પ્યાજ તથા લસણ, મસળે તો ખુજલી તથા વાળનું ગરવુ બંધ થાય.

૭૧ પેટમાં લાગ હોય તેનો ઉપાય

પેટના રોદામાં કાંઇ લાગ વળગી હોય તેથી ડુટી નીચે વાહાડ. કાપ જેવું થાય, રાત દીવસ કરાર ન પડે, પેટથી લોહી ચાલે એનું ઓસડ બેરડના દુધ વીના બીજુ નથી. જો બેરડના દુધથી ન મટે તો ઈંદરવાયણાની જડ ખાંટી બારીક કરી એક હથેલી ભરીને ફાકે તો આરામ થાય, સતાવરીની જડી પણ એવોજ નફો આપે.

દહીં રોદામાં વળગી રહ્યું હોય તો લીલા ધાણા ગરમ કરીને તે પાણી પીવાથી ફાયદો થાય. રાઈ ખાંડીને ફાકેથી પણ આરામ થાય છે

૭૨ તલીનું દરદ એટલે બરોળનો ઈલાજ.

માણસના પેટમાં તલી છે તે ડાબા હાથની તરફ પાંસળાં નીચે હોય છે. એ તલી કોઈ વેળાએ ફુલે છે. તેને બરોલ કરીને કેહે છે. એ

બરોળ વધે છે ત્યારે ચાંપી જોવાથી દુખે છે ને તાવ પણ આવે છે ને માણસ પીડાયાં કરે છે તાહાડીઆ તથા ચોથીઆ તાવવાળાને ઘણુ કરી ને એ બરોળ ફુલે છે તેનો ઇલાજ.

રેવંચીની ખટાઇ વાલ ૬, એળીઓ વાલ ૪ હીરાબોળ વાલ ૪, શેરડીનો સરકો તોલા ૨ાા પાણી તોલા ૫ એમાંથી પેહેલાં ત્રણ ઓસડ ને ખાંડી ઝીણે લુગડે ચાળી સરકા તથા પાણીમાં મેળવીને સવારે પાવુ. એ રીતે બે ત્રણ દીવસ સુધી પાતાં બરોળ નરમ નહી પડે તો, સાત દીવસ સુધી સાંજ સવાર લાગટ પાવું બીજું ચંદરૂસ ખાંડી ને ભુકો કરી દરરોજ એક માસા સુધી સરકામાં મેળવી ચટાડે તો તે પણ ગુણ કરે છે એથી પણ ન મટે તો સરવેથી સરસ ઇલાજ એ છે જે તે માણસની ડાબી બાજુએ પાંસળાની નીચે બરોળની ઉપર દોરાનુ પોત મુકે એથી પણ ન મટે તો છેવટે

જળો મુકાવી લોહી કઢાવવું પણ એ રોગવા-ળાને કદાપી મોંહોડુ આપવું નહી, એથી નુક-સાન છે.

૭૩ બરોળ તથા અભેતરીનો ઉપાય.

પેહડુના દરમીઆન વચમાંથી લોહી કઢાવે. અથવા હાથની રગ ઉપર નસ્તર મારે. જો લોહી કમ કીધાથી આરામ ન થાય તો ડામ દીધાથી આરામ થાય. બીજો ઈલાજ—રાઇ ટાંક ૮ ગા-યના મુતરમાં એકઠી કરી દરરોજ સવારે પીએ તો આરામ થાય.

૭૪ ઢીંચણ ઉપર કીડીયારૂ અથવા રાફડો.

એ ઉપર લોહી કઢાવવું, પછી ડામ દેવો. મનસલ હરતાલ, ભીલામુ, અગર, ચંદન લીબ-ડાની છાલ, જાઇના પાન, ઝીણી વેલચી, મુરદા શીંગ એ સરવે ઓસડો કુટી તેલમાં ખદખદા-વી તે તેલ લગાડવુ ઘણું જુનું ઘી લેઇ તેની દીવટી તે કાડીઆરાના છીદ્રામાં મુકવી.

૭૫ અડગલીનો ઉપાય.

ફટકડી ફુલાવેલી રતી ૪ ખાય તો અડગલી ટળે. બીજુ—સુંઠ, ગોળ સાથે ખાય તો એવોજ નફો આપે. કુંવારનો રસ તથા સુંઠ ચાટે. તો અડગલી સમે. કુલીંજન ગોળ સાથે ગોળી કરીને પાણી સાથે ગળે તો અડગલી સમે.

૭૬ મંબારખીનો ઈલાજ.

તરાએમન ટાંક ૨, મરી ટાંક ૨, પીપર ટાંક ૨, કરીયાતાની પાંદડી ટાંક ૨ એ સરવેને ખાંડીને ગોળ સાથે ગોળી ટાંક ૨ ભારની કરીને દીવસ ૫ સુધી આપે તો આરામ થાય. સુરોખાર ટાંક ૧, મરી ટાંક ૧, હળદર ટાંક ૧, લીબુનો રસ ટાંક ૨॥ લેઈને તેની સાથે ચાટે તો આરામ પાય. બીજુ—ફુટેડી કાંટાની વાડ ઉપર થાય છે. તે ફુટેડીનાં પાંદડાં ચોળીને પછી ગોળ સાથે તેનો રસ ટાંક ૧ ગોળ ટાંક ૨॥ એ બેઉને ભેળીને

પાય તો આરામ થાય. એ પાંદડાં ઊપર ઊવા કાંટા થાય છે.

૭૭ દવાલીનો ઉપાય.

દવાલીની નીશાની એ છે જે પગની રગો જાડી રશીની માફક નજરે દેખાય તેવી થાય તે ને ઓસડથી ફાયદો નહીં થાય વઇદ લોકો અ રચની પથર આપે છે તેણે કરીને ઘણુ કરીને લોકોની રગો સારી થાય છે જો એ તમામ ર ગોનુ લોહી કઢાવે પછી તેને છરતાવર બાંધે તે તેથી રગો દુરસ્ત થાય હેવી નરમ પડે જે તે રગો ઉપર હાથ ફેરવે તો જાઠી માલમ ન પડે

૭૮ દાઅેઉલફીનો ઉપાય.

એથી પગ ઉપર સોજો આવે પગની પા ટલીથી તે પગની નળીની આસપાસ સુધી સોજો આવે તેથી પગ હાથીના પગની માફક ભારે થાય. ચાલવુ મુસ્કલ પડે. એ આજાર લોહીથી હોય તો પાંચડાં પડાવી લોહી કમ કરાવે તો

નફો છે. જો વા તથા બલગમથી હોય તો સુંઠ, મરી પીંપર, કચુરો, અજમોદ, સવાદ દેવદાર, વાવડીંગ, ચીતરો અને નેતરની જડ, એ સરવેને ખાંડી બારીક કરી મધમાં મેળવીને પગના સોજા ઉપર ચોપડે ને એજ વસાણાની ફાકી માસ ૧ સુધી ફાકે તો આરામ થાય નફ્તેલ (ટરપેનટાઇન) થી પણ ફાયદો થાયછે

૭૯ દુરાનેસરનો ઇલાજ.

એથી આંખમાં એવું અંધારૂ થાય જે રાતની માફક દહાડો નજર આવે તેનો ઉપાય એ છે જે—ખસખસ શેર ૬ કુવાનૂ મીઠુ પાણી મણ ૪ માટીના વાસણમાં ખસખસ નાંખી ગરમ કરી અડધુ પાણી રેહે ત્યારે લુગડે ગળીને તેમાં સાકર શેર દસ નાંખી ફરી બીજીવાર ગરમ કરવુ. જ્યારે ચાસણીપર આવે ત્યારે નીચે ઉતારી ઠંડુ પાડી લાખોટા વાસણમાં ભરી તેમાંથી એ રોગના ધણીને દરરોજ સવારે આપે તો ગરમી

થી દરદ થયુ હોય તો મટે જો શરદીથી હોય તો કબાબચીની તથા અકકલગરો બરાબર વજને લઇ મધમાં ચાટે તો મટે તેલની તથા ખાટી ચીજની પરેહજી કરવી.

૮૭ નજલાનો ઈલાજ.

એ રોગ ઘણો ખરો પુરૂષનેજ થાય છે. તે અગત્ય કરીને ગરમીમાંથી થાય છે. એનું જોર જવાની કરતાં ઘરડપણમા વધારે હોય છે. તેની નીશાની એ છે જે એ રોગ પગના અગુઠામાંથી ઉત્પન્ન થઈ પગની પાટલી તથા ઘુંટણુ સુજે છે, ને તેમાં કઠણુ દરદ કરે છે. તે ઘણી મુદ્દત થયાથી હાથના પોંચામાં તથા આંગળામાં દાખલ થઇ સાંધાઓ રહી જાય છે. પછી તે સાંધાઓ પોતાની મેળે ફાટી તેમાથી પરૂને ઠેકાણે સફેદ ચુના જેવો સુંકો મવાદ નીકળે છે. માટે એ રોગવાળાને જુલાબ આવે એવું ઓસડ આપવું. બીજુ—મહુડા શેર ૧ અને સાજીખાર

તોલા બે બેઉને બારીક કરી તેમાં માખણ નાંખી મલમ જેવું કરવું, પછી ગરમ કરી તેનો પાટો બાંધવો, એથી આ રોગ મટે છે. એ આજારવાળાને ગંધકની ખાણના ગરમ પાણીમાં નવરાવેથી તથા બેસારવાથી ઘણો ગુણ થાય છે એ ખાણનું પાણી સુરત જીલામાં લાંસદા તથા નવસારીની હદમાં હુનાઇની જ્યાં જાતરા ભરાય છે ત્યાંહાના કુડમાં, તથા વજરાબાઇમાં તથા મલબાર કોસ્તામાં છે. કદાપી ત્યાંહા જવાને ન બને તો તેમાંનુ પાણી ઘેર મંગાવી ગરમ કરી નવરાવેથી ફાયદો થાય છે,

૮૧ લકવો તથા અંધ અગનો ઉપાય.

લકવો જને લોક પંખીઘાત કરીને કહેછે વળી તેને કંપવાયુ તથા લકવા કહે છે. અ-ધ અંગ એટલે જે અરધા અંગનો રોગ તેની પરીક્ષા એ છે જે એક તરફનો હાથ, અ-થવા હાથને પગ બંને, અથવા અરધું અંગ

રહી જાય, ને લુલુ થઈ જાય, તથા કોઈનું મો-
હોડું બંધ થઇ જાય છે. બોલાતું નથી. ને કો-
ઇનું એકલું ડાચુ ફરવાના રોગને લકવો કે છે.
એ લકવો તથા અધ અંગ બે પ્રકારથી થાય છે.
એક તો હવામાં ખુલ્લું સુવા અથવા બેડાથી અને
નઠારો વાયુ શરીરને લાગવાથી પેદા થાય છે.
એ રોગવાળાને ઝાડો કબજ હોય છે. બીજી
જાતનો અધઅંગ મગજમાંથી રસવીકારના ઉપ-
દ્રવથી થાય છે એ બે જાતના રોગના ઊપાય
એકજ રીતના છે તેની વીગત

રેવંચીનો સીરો માસા ૪ તજનો ભુકો
માસા ૪ શીકોતરીઓ એળીઓ માસા ૪ અને
વીલાયતી સાબુ માસા ૮ એ સરવેને ખાંડી
કપડછાણુ કરી તેમાંથી ૬૦ ગોળીઓ વાળવી.
પછી દરરોજ ૨ થી ૭ સુધી રાતરે સૂતીવેળા
ગળાવવી કદાપી એટલાથી ઝાડો સાફ ન આવે
તો વધારે ગળાવવી તેથી ઝાડો સાફ આવી ફા

મદો થાય છે તથા આ ઓસડો શરીર પર ચોપડવાં— રાઈ છાલાં કાડેલી રૂ૦ રાા ભાર તલનુ તેલ. રૂ૦ ૧૦ ભાર અને ટરપનટાઇન એટલે નફ્તેલ રૂ૦ રાા ભાર એ તણેને મેળવી જે હાથ પગ રહી ગયા હોય તે ઉપર દીવસમાં બે ત્રણ વાર ખુબ જોરથી મસળવુ ઉપર કહેલાં ઓસડોથી હવાથી તથા અંગરોગથી થયેલો અ-ધઅંગ તથા લકવો મટે છે.

૮૨ દુબળ

દુબળ થવા માંડે તે જગોએથી લોહી બેં ચાવે તો પાકે નહી ને દરદ થોડુ થાય તે થવા માંડે કે તે ઉપર ચુનો મુકે તો કદી પરૂ તેમાં થાય નહી બીજુ—કશાલો માંઢળ, તથા વાંસની ગાંઠ. એ સરવેને પાણીમાં ઘશી કાચા દુબળ ઉપર ચોપડે તો નીચે તથા ઉપરથી પાકે નહી. જો દાવાની અસર પોંહોંચે તો દરદ મટી જાય બીજુ—મોહોટી છીપ બાળીને રાખ કરી તે બ

શાબર ટંકણખાર મેળી ઘીમાં મેળવી ગરમ કરી જે જગા ઉપર દરદ થયું હોય તે જગા ઉપર પટી કરીને મારે તો દસ અથવા બાર પટીમાં દરદ બેસી જાય છે.

૮૩ બગાશુ તથા ઓડકાર

બગાસુ તે છે કે મોહો પોળુ કરીને આહા એવો અવાજ કાડે. ઘણા બગાસા આવે તો માંદગીની નીશાની છે માટે એ રોગવાળાને હલકો જૂલાબ તથા ઓડકારના ઉપાયમાં કહયા પ્રમાણે ઓસડ આપવાથી ફાયદો થાય છે.

ઓડકાર ઘણી જાતના હોય છે તેમાં મુખ્ય બે જાતના છે એક તો ખાધા પછી તરત આવે છે તે ખાધેલુ પચવાની નીશાની છે બીજુ અણપચો થયો હોય તેથી ખાટાઓડકાર ઉપરા સાપરી આવે છે તેનો ઉપાય અજીરણના ઇલાજમાં કહયા પ્રમાણે કરવો.

૮૪ સનેપાતનો ઉપાય.

સનેપાત કોઇને ગરમીનો ને કોઇને શરદીનો હોય છે તેનો ઇલાજ એ છે જે વછનાગ ટાંક ૨ ટંકણખાર ટાંક ૨, મરી ટાંક ૩ પીપર ટાંક ૩ અકલગરો ટાંક ૨ પારો ટાંક ૨ ગંધક ટાંક ૪ ચીતરો ટાંક ૧, સુંઠ ટાંક ૨ અને ચીનીકબાબ ટાંક ૨ એ સરવે વસાણામાંથી ખાંડવાના હોય તે ખાંડી ઝીણું કરી લૂગડે ચાળી તથા બીજી જણસો સરવે ખલમાં એકઠી કરી ભાંગરાના રસમાં ખલ કરવુ પછી તેની ગોળીઓ ચણોઠી ચણોઠી જેવડી કરવી. તેને છાંયડે સુકવી રાખી મુકવી. પછી જે કોઇને સનેપાત થયો હોય ને જીવવાનો કીનારો હાથ લાગતો ન હોય તેને ગોળી ૧ ખવરાવવી તેને ગળે તે ગોળી ઉતરે તો આરામ થાય.

બીજો ઇલાજ--સોનાનો વરખ ૧ પીપર ટાંક ૧, કાળાં મરી ટાંક ૧ તથા પાન ૪ એ

સરવે ફુદીનાના રસ સાથે મેળવો ઘુંટી લુગડે ગ

ળી તેમાં સોનાનો વરખ મેળવી ચોળી નાંખી

સવાર સાંજ સનેપાતના રોગવાળાને પાય તો

આરામ થાય.

૮૫ મલમ બનાવવાની રીત.

બદ, પાઠું, ગડગુમડ. શડો જખમ છાગલો

અને એવુંજ બીજુ શરીર ઉપરનુ દરદ પકવીને

ઝેરવી કાઢવાને માટે આ મલમનો ઉપયોગ કરવો.

આ મલમ ઝેરવી કાઢવાના તથા કાકડાને

ચોપડીને હરેક ઝખમમાં ઝેરવવા સારૂ મુકવાના

કામમાં આવે છે તથા નઠારો મવાદ ખેંચી લા-

વવાને તથા પકવવાને ઘણો સારો છે તે બના-

વવાની રીત.

પીળી બેરજી, જેને રાજન કરીને કહે છે.

તે શેર ૧, તથા પીળુ કાચું મીણુ શેર ૧ અને

તેલ શેર ૧. પ્રથમ મીણુ તથા બેરજીને એક

વાસણુમાં નાખો ધીમા દેવતાના અંગારા ઉપર

મુકી હલાવ્યા કરવું. તે એક બીજા સાથે મળીને એક રસ થઇ જશે. પછી પેલું તેલ તે ઉપર રેડીને હલાવી તૂરત લુગડાથી ગાળી લઇને વાસણમાં ભરી મુકવું. કદાપી મલમ કઠણ કરવો હોય તો તેલ થોડું નાખવું. પછી પાકું, તથા બદ થવા માંડે એટલાગાં એક મલમની પટી મારે તો તે આજારને પીગરાવી બેસારી દે એ મલમનું નામ ઇંગ્રેજીમાં "બીજલકીન આઇન્ટમેન્ટ" કરી કેહે છે એ મલમ ઇંગ્રેજી છે. બીજો મલમ શરીર ઉપર જખમ, ચાંદી, છાગલો તથા સડો લાગેલો હોય એ સરવેને રૂઝવવા તથા અંગુર લાવવાના કામમાં આવે છે તે બનાવવાની રીત

તેલ શેર ૧ા અને સફેત કાચુ મીણ શેર ૦ાા એ બંનેને મેળવીને ધીમા દેલતાના અંગારા ઉપર મુકવું. પછી પેલું મીણ તેલ સાથે મળી જાય એટલે ઉતારી ગાળી લેઈ ભરી મુકવું.

કદાપી પટિ મુકવા જોગ કઠણ કરવું હોય તો તેલ થોડુ નાંખવું. એ મલમને ઈંગરેજીમાં સાદો મલમ મીણ તેલનો કરી કહે છે. એ મલમ પણ ઠીક એજ છે.

બીજી જાતનો મલમ-મોરથુથુ તોલા ૨ પારો તોલો ૦।, સફેત મીણ તોલો ૦॥. બોરડા શીંગ તોલો ૦॥ એ સરવેને ખાંડી બારીક કરીને કાંશાની થાળીમાં નાંખી તેમાં ગાયનુ ઘી નાંખીને લીંબડાના સોટાએ ઘુટી મલમ કરવો પછી તેની પટી જખમ ઉપર મારી હોય તો ગમે તેવું સખત દરદ હોય તે મટે.

ખરસવાનો મલમ—હીરાદક્ષણ શેર ૦।, મીણ શેર ૦।, રસકપુર તોલા ૨ અને ઘી શેર ૦।. પ્રથમ મીણ તથા ઘીને ગરમ કરી પછી બીજી વસ્તુઓ ખાંડી બારીક કરી તેમાં નાખવી. પછી એક રસ થાય ત્યારે ઉતારી લઈ કામમાં લેવું.

સોંદુર તોલા ૩ ગેરૂ તોલો એક મૂરદાર

સીંસ તોલો ૧ મોરથુથુ તોલો ૦ાા અને મીણુ તોલો ૧ પ્રથમ તલનુ તેલ લઇને તેમાં મીણુનાંખી ગરમ કરી પાતળુ થાય એટલે સીંદૂર નાંખવો અને ધીમા તાપથી ઉભરો આવવા દેવો તે તર આવી ચીકણુ થાય એટલે બાકીના ઓસડો તેમાં નાંખી એક વાસણુમાં ભરી રાખવુ પછી તેની પટી આપી હોય તો ચાય તેવુ ગડગૂમડ બદ, પાકુ જખમ હોય તે મટે,

૮૬ હરેક જાતના ચાના રોગ ઉપર મસળવાને તેલ કાહાડવાની રીત.

કંટાળા થુવેરના પાનડા. ધંતુરાના પાનડા આકડાના પાનડા કરેણુના પાનડા લીંબડાના પાનડા શરસવના પાનડા કાળા ભાંગરાના પાનડા એરંડાના પાનડા અરણીના પાનડા બેઉ ભોંયરેગણીના પાંનડા અને ખાખડાના પાનડા એ સરવે જાતમાં લીલાં પાનડા લાવીને હરેક જાતના પાનડા નોર સ શેર ૧ કાઢી પછી કુલ પાનડાના રસ બરા-

શેર દુધ તેમાં ભેળવવુ પછી કાળા તલનુ તેલ શેર ૩ તેમાં નાંખી થોડોક કુવારનો લુવાબ તેમાં નાંખવો પછી તેને ચુલાપર ચઢાવીને તળે બળતુ કરવું જ્યારે એ રસ તથા દુધ બધુ બળી જાય ને ફકત તેલ રહે ત્યારે લુગડે ગાળીને લેવુ અને તેમાં કસ્તૂરી તથા કપુર નાંખવુ પછી જેને હરેક જાતના વાનો રોગ થયો હોય તેના શરીરને મસળે તો તમામ વા મટે.

બીજુ નખતેલ દેવદારનુ તેલ એરંડીઉ અળશીનુ તેલ શરશીયુ અને મીઠું તેલ એ સરવે જાતેના તેલથી વા મટે છે કુસંબીનુ તેલ જેને ગરમી હોય તેને મસળે તો શરદી પેદા કરે.

૮૭ શીતળા બળીઆ કાકા) નો ઈલાજ.

બીગડેલા લોહીથી શીતળા થાય છે જે વરસમાં માણુસના તનમાં ખરાબ લોહી વધે છે તે વરસમાં શીતળ પેદા થાય છે. પણ તેમાં ઘણુ કરી નાનાં છોકરાને શીતળા બહુજ નીકળે

છે વૈદોયે કહયુ છે જે તે વરસમાં બચ્ચાંનુ લોહી કમ કરાવે એ આજાર સરવે કોઇને એક વાર બદનપર પ્રગટ થાય છે પરમેશ્વરનો એવો હુકમ છે જે બીજી વાર સીતળા ન નીકળે શીતળાથી શરીરપર મોહોટા ફોલ્લા નીકળે તાવ આવે શરીર ગરમ રહે જેને શીતળા કાળા રંગના ને પાસે પાસે એક એકમાં ભેગાં નીકળે તેના કરતાં ઊજળાને છેટે છેટે ફોલ્લા હોય તેને દરદ થોડું થાય.

એ દરદ ઉપર કડાછાલ તથા જીરૂ પાણી માં ઘુંટીને જેવાર શીતળા નીકળવા માંડે ત્યારે તે પાણીપાય તે પાણી પાયા પહેલાં ચણા ખાવાને આપે ને આખરમાં ઊતરતી વેળા મગને જુવારની રોટલી ખાવા આપે તો આરામ થાય છે,

સરવેથી સરસ ઇલાજ એ છે જેબાળકની ઊમર આશરે એક વરસની થાય ત્યારે સીતળા

કહાડનારને બોલાવી શીતળાનો ચેપ મુકાવે તો પછી નીકળવાની ફીકર રેહેતી નથી માટે તેમ કરવું

૮૮ સાપના જેરનો ઈલાજ.

સાપ ઘણી જાતના હોય છે તેમાં કેટલા એક તો એવી જેરી હોય છે કે માણસને ડસે કે સવા ઘડીમાં જેર ફરી વળે માટે તેનો તથા બીજા હરેક જેરી જનાવરના ડંખનો નીચે કહયા પ્રમાણે ઉપાય કરવો.

૧ જે વેળા ડશે તેજ વેળા તેની એક આંગળ ઊપરથી દોરી અથવા પાટી કે પાટાએ ખુબ તાણીને બાંધવુ કે માંસમાં પેસી જાય ને જેર ચઢી શકે નહીં અથવા બળતુ લાકડુ કે અંગારો લેઇને ડસેલી જગોને સારી પેડે બાળી નાખવી કે તે જગાનુ માંસ કાપી કહાડવું અને તે જગોનુ લોહી વહેતું કરવું કે તેથી જેર નીકળી જશે અથવા તે ન બને તો બીજા

પાસે તે ડસેલી જગો ખુબ જોરથી ચુસાવવી તે માણસે ચુશી ચુશીને મોહોડુ પાણીએ ભરી તે થુકી દેવુ. એમ સારી પેઠે અડધા કલાકથી તે એક કલાક સુધી ચસાવવું એક ચુસનાર થાકે તો બીજા પાસે ચુસાવવુ ચુ માં પાણી ગળી જવું નહી. ચુસનાર જમેલો હોય તેને ઘણો ફાયદો છે. તેને સરકો તથા ઘીના કોળળા કરાવતા રેહેવું. ચુસનારના મોહોમાં ચાંદીઓ હોય તો તેણે ન ચુસવું બીજુ પાસે ચુસાવવું. આ ઇલાજ તુરત કરવાને ઘણો સારો છે. ને એમ કરેથી ઝેર નીકળી જશે. ને માણુસને કાંઇપણ ઇજા નહી થાય.

૨ બીજો ઇલાજ—જો રૂમડી હાજરહોયતો તેજ વેળા ડંખ ઉપર ખાલી રૂમડી મુકાવવી કે ઝેર બાહાર ખેચાઇ આવે. પછી તરત ઉલટી કરાવવાનું ઓસડ આપવું. ત્યાર પછી કઠણુ જુલાબ આપવો. સાગરશીંગાનો ભૂકો રૂ૦ ૩ ભાર

ક્રીને તેને પાણીમાં ખુબ ઉકાળી તે પાણી પાવું. અથવા સાબરશીંગાના પાણીમાં ઘશી તે ગરમ કરી પાવું અથવા તો બીજોરાના બી ૩૦ ૧ભાર લેઇ ખોખરાં કરી ખળખળતા પાણીમાં ભીંજવી પછી ઠંડુ પડે એટલે તે ચોળી તેને લૂગડે વળી પાવું. એ બીજોરાનાં બી તમામ જનાવરોના ઝેર ઉપર ઘણા ગુણકારક છે.

૩ લસણને છુંદી ગાયના ઘીમા મેળવી ડંખ ઉપર બાંધવું. અથવા અમલસારો ગંધક નહા ના બાળકના મુતરમાં મેળવી ડંખ ઉપર ચોપડવો. તેથી તે ઝેર ઉતરી જશે.

૪ વજ, આકડાની જડ, તથા શીંધવ એ ત્રણે બરાબર વજને લેઇ વાશી પાણીમાં ઘશી પાય ને ઉપર ગાયનું દુધ ઘણું પાય. અથવા મરી પૈસા ૫ ભાર ખાંડી ઝીણું કરી ગાયના ઘી શેર ૧ માં નાંખી પાય. એ ઉપાગોથી પણ ઝેર જલદી ઉતરે છે.

૫ કાળો વછનાગ માશો૦ ૧ ઘશીને ગળામાં રેડે તો વછનાગના ઝેરે કરી સાપનુ ઝેર ઉતરે પણુ કરડતી વેળા તુરત પાય તો ફાયદો કરે. ઝેર ફરી વળ્યા પછી આ ઈલાજ ફાયદો નહી કરે. કાળા શીવાય બીજી જાતનો વછનાગ કામમાં નહીં લેવો.

૮૯ વિંછીના ઝેરનો ઈલાજ.

વિંછી કરડયો હોય તે ડંખ ઊપર માખણ મસળે તો ઝેર ઊતરે, લસણુ મસળેથી પણુ એ વોજ ગુણુ થાય. મુળાનો રસ પણુ ફાયદાકારક છે બીજું ઉજળા આકડાની જડ વીંછી કરડતા વેંત બેઉ કાનમાં ખોસે તો ફાયદો છે. ત્રીજુ- ડંખને ચુશી ચુશીને થુકી નાંખે તો ફાયદો છે. ને ઝેર તેથી જતુ રેહે છે. પણુ મોહોમાં ચાંદી થઇ હોય તેવા માણુસે ચુસવું. નહીં. કેમકે ચાં દીમાં ઝેર ઉતરે કરડતાં વેંત તરત ડંખથી બે આંગળ ઊંચે તાણીને દોરો બાંધવો કે ઝેર ઊંચુ

ચઢી ન શકે પછી ચુશી ચુશી ઝેર કાઢી નાંખવું

ઘોડાવજને ચાવીને જે માણસને વીંછી કરડયો હોય તેના કાનમાં ફુંક મારવાથી વીંછી ઉતરી જાય છે અથવા મીઠાનુ અગર ફટકડીના પાણીનું ટીપું આખમાં તથા કાનમાં મુકવું તેથી વીંછી ઊતરી જાય છે.

ધોળો સહદેસરો અથવા જેને માળવી સંદેસરા કહે છે તેનું મુળીઉ રવીવારને દહાડે બપોરે ત્રણ વાગે ખોદી લાવીને તે પાણીમાં ઘસી ડંખ ઉપર ચોપડવું. આ ઇલાજ સૌથી ઉતમ છે.

૯૦ અફીણના ઝેરનો ઉપાય

કોઇએ અફીણ ખાધુ હોય ને તે ઉપર તલનું તેલ પીધુ હોય, અથવા તેલમાં અફીણ ઘોળીને પીધું હોય તેનું ઝેર ઘણું કઠણ છે. જો અફીણ ૮ માસાને વજને ખાધામાં આવ્યું હોય તો કઠણ ઝેર ચઢે તે એવું કે તેને સુસ્તી ને બેહોશી થાય જીભ ખેચાઇ જાય, બોલાય

નહીં, હેઃઠ કાળા થાય, હાથે પગે ઝાઝણીને ગોટ લા ચઢે, આંખ્યોમાં ફુલા પડે, ટાહાડો પરશેવો થાય, આંખે દેખાય નહીં, એ રીતે માલમ પડે તો નીચે કહેલું ઉલટીનું ઓસડ આપવું.

સુવા તથા મુળાનાં બીજ, નીમક, અને મધ એ ચાર ચીજ બબ્બે તોલાને આશરે લેઇને તેમાં પાણી આશરે શેર ૦ાા રેડી ઊંકાળવુ તેનું શેર ૦ા રહે ત્યારે તેને ચોળી ગાળી લઇને પાવુ કદાપી ઓકારી ન આવે તો કુકડાનુ પીંછુ ગળામાં મુકાવી ઓકાવી કાઢવુ એ માણુસને ઇલટીનુ ઓસડ પાયા પછી તેના પગ ઘુંટણ સુધી એક વાસણમાં મુકીને ગરમ પાણીએ ઝાંરવા અથવા ઊનના લુગડા પગે લપેટવા ચોખી હીંગ માસો ૧ લઈને પછી મધ ને પાણી ઉકાળો તેને ઘોળી પેલી હીંગ સારી બારીક કરી મધ પાણીમાં નાંખી પાય તો આરામ થ.ય.

૯૨ ત્રાંબા વીગેરેના કટાણા ઝેરનો ઈલાજ.

કોઇ સખશે ત્રાંબાના વાસણમાં કટાણ થયેલી વસ્તુ ખાધી હોય અથવા પીતળના વાસણમાંની કે જંગાલ જે ત્રાંબામાંથી બને છે તેવી વસ્તુ ખાવામા આવી હોય ને તેનુ ઝેર ચઢયુ હોયતો ગળામાં બળતરા બળે, પેટમાં વાઢ કાપ થાય, તાવ આવે ને ઓદારી થાય એવુ થાક કે તરત તે માણસને અફીણના ઝેરના ઉપાયમાં લખ્યા પ્રમાણે ઉલટીનુ ઓસડ આપવું અથવા તે હાજર ન હોય તો ગરમ પાણી પાઇ ઉલટી કરાવવી અથવા તો ગરમ પાણી બદામનુ તેલ, માંખણ ગાયનુ ઘી એ સરવે એકઠું કરી ઉપરા સાપરી પાતા જવુ ને ઉલટી કરાવતા જવું ઉલટી થયા પછી બાવળનો સકહત ગુંદર તોલા ૩ છ ખાંડી ઝીણો કરી ગરમ પાણી શેર ૧ માં મેળવી એક કલાકમાં દસ બાર વાર પાવું. બીજે ૪ બીજ અળશીના બીની ચાહા કરા ટાહાડી પાઠી

પાવી ત્રીજૂ ગાયનુ ઘી માખણુ કે દુધ ઘણુ પાનુ જે માણસના ખાધામાં મારેલો પારો કે હરતાલ આવી હોય તેને પણ આ ત્રાબાના ઝેરમાં કહેલાં ઓસડોથા ફાયદો થાય છે.

૯૨ ધંતુરાના ઝેરનો ઈલાજ.

નવા વાસ કપાસને ખાંડી દુધમાં ગરમ કરી તે દુધ ઘણુ પાય તો ધંતુરાનુ ઝેર ઉતરી જાય ને આરામ થાય.

૯૩ વાળ વિશે.

વાળની મજબુતી—દાઢી તથા માંથાના વાળા ઝાડનાં પાંનડાંની માફક ખરી પડે તેનો ઉપાય એ છે જે—આંમળાને રાત ત્રણ સૂધીપાણીમાં પલાળી રાખીં પછી તેમા ગાયનુ ઘી નાખી દેવતા ઉપર ગરમ કરવુ જ્યારે પાણી તમામ બળી રહે ને ઘી બાકી રહે ત્યારે તે ઘી લેઇને વાળ ખરતા હોય તે ઠેકાણે મસળે તો ફરી વાળખરે નહી વધારવાની ઇછા હોય તો એ.

જ આમળાનુ તેલ બસછે.

વાળ કાળા કરવા—કાળા ભાંગરાનો ભુકો એક હથેળી ભરીને સવારે ને એક હથેળી ભરીને સાંજે સુતી વેળા વરસ ૨ સુધી ખાય તો કદી વાળ સફેત થાય નહી બીજુ—લાલ મેંદી દીવસ પંદર સુધી મસળે તથા ત્યાર પછી કાળી મેંદી દીવસ પંદર સુધી મસળે તો વાળ કાળા થાય

વાળ ઓછા કરવા—ચુનો પઇસા ૨ ભાર હરતાલ પીળી પઇશા ૨ ભાર છાશમાં ખલ કરી ને વાળને મસળે તો વાળ ખરી પડે બીજુ—કોસબીનુ તેલ તે જગો ઉપર મસળે તો ફરી તે જગાએ વાળ ઉગે નહી હરતાલ એક ભાગ રાળ બે ભાગ અને ચુનો ચાર ભાગ એ સરવેને એકઠુ કરી તેમાં પાણી નાખી જરા ગરમ કરી લેપ કરે તો વાળ ખરી પડે છે.

૯૪ ઓરતને પેહેડુમાં દરદ તથા તાણુ થાય તેનો ઇલાજ

કોઈ ઓરતને દસ્તાનના દહાડા નીજીક આવે છે ત્યારે અથવા દસ્તાન બેસે છે ત્યારેતેને પેહેલે દીવશે પેહેડુમા ઘણુ દુખે છે અથવાદસ્તાન બરાબર ન આવતાં રોકાયા કરે છે તેથી તે દરદ થાય છે માટે તે ઉપર ઇંદરવયણાની જડને દુધમા અથવા પાણીમાં ઘશીને ગરમ કરોતેપેહેડુ અથવા પેટ ઉપર ચોપડવું ને નીચે લખેલી દ. વાની ગોળીઓ જાતમાં રાખવી સુવા લોધર, માયાં, ધાવરીનાં ફુલ, લજામણીનાપાનડા શીંધવ અને ગૂગલ એસરવે એક એક ટાંક લેઇ શીંધવ તથા ગુગળને ઠીબમાં મુકી ગરમ કરવુ પછી સરવે એકઠું કરીને ખાંડી બારીક કરી મધ સાથે ગોળીઓ વાળવી. તે ગોળીમાંથી એક ગોળી લુગડે બાંધી દાવેલમાં બોળી ઓરત પોતાની કૂસ માં રાખે તો તમામ દરદ જોય. અગર કમળ

ઉંધુ હોય તો તે પણ ચતું થાય. એ શિવાય તેમાં હરએક આજાર હેય તે મટે.

તાણનું જોર બહુ હોય તો સોનાનો વરખ ૧, પાન ૪ ફુદીનાનો રસ ટાંક ૪ અને મરી ટાંક ૧ એ સરવે ઘુંટી તેમાં મધ નાંખી પાવુ. એથી ફાયદો ન માલમ પડે તો સાંજસવાર બે વાર પાવું તેથી દરદ મટી આરામ થાય છે.

૯૫ ઓરતના કમળમાં સોજો હોએ તેનો ઇલાજ.

તેનો ઉપાય એ છે જે ઇસબગુલ તથા કંતાતના બીજ બરાબર વજને ખાંડી બારીક કરી મધમાં મેળવી અંદર ચોપડે તો કમળનો સોજો મટે. હળદર ગાયના ઘીમાં ઘશીને ચોપડેથી પણ આરામ થાય છે.

૯૬ ઓરતને અધુરે મહીને બચું પડતું હોય તેનો ઉપાય.

બાળક અધુરે મહીને પેટમાંથી પડે છે તેનો

ઇલાજ એ છે જે સ્ત્રીયોને હમેલ રહયા પછી પેટમાં એવો રોગ થાય જે હમેલ તુટી પડે તો જે વર્ષમાં હમેલથી પેટ ખાલી હોય તે વર્ષમાં ઓસડ કરવું પેહેલાં સખત જુલાબ આપવો ત્યાર પછી કેહેરૂવાલ રંગનુ લોહી ખવરાવે, ત્યાર પછી નીચેનું ઓસડ ખાવું.

મેંદી રતાંજલી કોસંબી એલચી, મોથ, જીદુ, કપુર અને કસ્તુરી એ સરવે એકઠું કરીને પછી ખલ કરવું. ને ચણા બરાબર ગોળીઓ કરવી તેમાંથી ગોળી એક સવારે ને ગોળી એક સાંજે દરરોજ માસ ૨ સુધી ખાય તો ઓરતને હમેલ પડે નહી ને આરામ થાય. બાધાની પરહેજી રાખવી.

૯૭ ઓરતને લોહીવાનો ઇલાજ.

હિરાદક્ષણ તોલો ૧, લોધર તોલો ૧, એખરો તોલો ૧ અને સાકર તોલા ૨ એસરવેને ખાંડી બારીક કરીને દીવસ ૪ સુધી માંજ સવાર

ચોખાના ધોવણુ સાથે ફાકે તો ફાયદો થાય ને નીચે લખેલાં ઓસડની પોટલી જાતમાં રાખવી

માયા ટાંક ૧ લોધર ટાંક ૧ ધાવરીનાફુલ ટાંક ૧ અને ફટકડી ટાંક ૦ાા એ સરવેને ખાંડી બારીક કરીને પછી પોટલી બાંધી દીવેલમાં બો-ળી ઓરત પોતાની કુસ ઇયાને જાતમાં રાખેતો આજાર મટે.

૯૮ દસ્તખુલાસે લાવવા વિશે.

એક પ્યાલા ઠડા પાણીમાં એક ચમચી મીઠુ નાખીને પંદર વીસ દીવસ સુધી પીવાથી ઝાડાની કબજીયત રહેતી નથી,

ઇલાજ બીજો—સવારમાં નયણે કોઠે એક સેર પાણી પીવાથી કોઇ પણ જૂલાબ લેવાની જરૂર પડતી નથી.

૯૯ મોઢામાં થતા અવારૂ મટાડવા

બાવળની છાલ ઉકાળીને તે પાણીગાંથોડી

ફટકડીનો ભુકો નાખી કોગળા કરવાથી સારો ફા
યદો થશે.

૧૦૦ સ્ત્રીના ગર્ભ વિશે.

તલ સાકર અને કમળનો કંદ એ ત્રણ વસ્તુઓ મધ સાથે નીરંવર ગરભણી સ્ત્રીએ શેવન કરાવી તેથી પડતો ગર્ભ સ્થિર રહે છે.

૧૦૧ ગર્ભ પુષ્ટી વિશે.

જાસુકીના ફુલ ઠંડા પાણી પાસે ગેર્ભિણી સ્ત્રીને આપવાથી ગર્ભની પુષ્ટી થાય છે.

૧૦૨ યોની સંકોચ વિશે પહેલો ઉપાય.

કડવી તુમડીના બીજ અને લોધર એઓ નેનેખલ કરી તેની ગોળી વરી યોનીમાં રાખવાથી યોની સંકોચ થાય છે.

૧૦૩ યોની સંકોચ વિશે બીજો ઉપાય.

ત્રિફળા, ભાંગ, લોધર, દુધેલિ અનેડાડમની છાલ એ સમાન ભાગે લેઈ અરણીના રસ સાથે ગોળી કરી રાત્રીને વિશે સ્ત્રીયોનીમાં રાખે તો

યોની સંકોચ પામે છે એટલે તે સાંકડી થાય છે.

૧૦૪ સ્ત્રીના ધાતુ રોગ વિશે.

આમળા. ધમાસો, વાળા, સાકર અને જીરૂં એ સમાન ભાગે લઇ તેનુ ચુરણુ કરી ફાકવાથી સ્ત્રીઓના ધાતુ રોગને જલદીથી મટારેછે

૧૦૫ સ્ત્રીના લોહીવા વિશે.

કેતકીનુ મુળ પાણી સાથે ઘસી સાકર સાથે પીવાથી સ્ત્રીને લોહીવા મટે છે.

૧૦૭ સ્ત્રીના પુસ્પ વિશે.

હીંગ. સંચલ, વ્યોસ (મરી સુઠ, પીંપર) ભારંગ એ સમાન ભાગે લઇ તેનુ ચુરણુ કરી ઉના પાણી સાથે ફાકવાથી સ્ત્રીનુ મએલૂ પુષ્પ ફરીથી આવે છે.

૧૦૭ શુળના નાશ વિશે.

સાટોડીના પાનનુ બીડુ કરી યોનીમાં રાખવાથી પ્રસવથી થએલા શુળનો નાશ કરે છે.

૧૦૮ સુવાવડવાળી સ્ત્રીના બધા રોગોના નાશ વિશે.

કઠ્ઠ, દેવદાર, વજ, સરગુઓ ત્રીકટુ અને આકડાનુ મુળ તેની સાથે દશમુળ એનો કવાથ કરી પીવાથી સુવાવડી સ્ત્રીના બધા રોગો નાશ થાય છે.

૧૦૯ વિસ્ફોટકની ચાંદીઓ મટવા વિશે.

ઇલાયચી જાશફળ અને શેકેલૂ મોરથુથુ એ સમાન ભાગે લઇ ગાયના ઘીને સો વખત ધોઇ તેમાં કાલવી ચોપડવાથી વિસ્ફોટકની ચાંદીઓ મટે છે.

૧૧૦ વિસ્ફોટકનો મહાન વ્યાધી મટવા વિસે.

થોરના દુધ સાથે જીરૂ તથા ચોખા વાટવા તેમાં હરડે મેળવી ખાવાથી વિસ્ફોટક નામનો મહાન વ્યાધી મટે છે.

૧૧૧ ખસ મટવા વિશે.

સિંદુર, ગંધક, મોરથુથુ, પારો અને આંબળા એ સરખે વજને લઇ ગાયના ઘીમાં કાલવી ચોપડવાથી ખસ મટી જાય છે.

૧૧૨ કુતરાનુ ઝેર નાશ કરવા વિશે.

ઓડીઓ કલાર પંચાગ સહીત ગાયના મુત્રમાં વશી પીધાથી જેમ પરમેશ્વરનું સ્મરણ કરવાથી પાપ માત્રનો નાશ થાય છે તેમ ઉપરનું ઓષધ કરવાથી કુતરાના ઝેરનો નાશ કરે છે.

૧૧૩ ધંતુરાનું ઝેર ઉતરવા વિશે.

સુણીના ફુલ જળમાં ઊકાળી પાવાથી ધતુરાનું ઝેર ઉતરે છે. તે ઊપર મીઠું પાવું.

૧૧૪ શરીર ઉપર કરોળીઆ થાય છે તેના ઉપાય વિષે.

કલાલમું બાળી રાખ કરી માખણમાં ચોપડે તો કરોળીઆ જાય.

૧૧૫ માકણના ઉપાય વિષે

રવીવારે ગરમાળાની શીંગ લાવીને ખાટલા માં ખોશી રાખે તો માકણ જાય.

૧૧૬ કંઠમાળાના ઉપાય વિષે

કાચલાની હીબનું ફડચુ કુટી બરીક કરી તે તેનો ભુકો ટાંક ૯ તથા તેલ શેર ૦ાા અગર જેની દે હ પાતળી હોય તો ઘી શેર ૦ાા માં ઉકાળતાં ઉકાળ તાં સર્વ એકલ થાવ ત્યારે તેને ઊતારવું અને કંઠ માળા ઉપર ચોપવું જેથી પાકે નહીં તથા આરામ થાય

૧૧૭ રતવાના ચાઠાં મટવાના ઉપાય વિષે.

બાટાજી જોટાંના પાંદડાંનો રસ કાઢીને ચાઠા ઊપર લગાડે તો રતવાનાં ચાઠાં મટે છે.

૧૧૮ કરમીયાના ઉપાય વિશે

ધાણા ભુજીને વાટીને પીએ તો કરમ મટે (૨) સુખડ ઘી સાથે પીએતો કરમ મટે.

૧૧૯ આંખના અંજન વિષે.

સાકર, હાંમજી હરડે તથા સાટોડીનું મુળ એ ત્રણે જણસ પાણીમાં ઘસીને આંખે અંજન કરે તો ગમે તેવી દુખતી આંખ મટે. તથા ગરમી તથા પાણી ઝરતુ હોય તો મટે.

૧૨૦ સંકોચનની ગોળી વિષે.

ફટકડી ટાંક રાા, પડત્રાસ ટાંક, ૨, આવળ પાંદડાં ટાંક ૨, ઓખરો ટાંક ૨. માયા ટાંક ૨ આમળા ટાંક ૨, બેડા ટાંક ૨, હીરાકશી ટાંક ૨ એ સર્વે ખાંડી કપડછાંણુ કરીને એરડીનાં રસમાં ગોળી ચણીબોર જેવડી કરી યોનીમાં રાખે તો સંકોચ થાય.

૧૨૧ ખીલના ઉપાય વિશે.

તલનુ મુળ ખાડી ખીલને બાંધીએ તો મટે.

૧૨૨ સાપ ઘરમા આવે નહી તેના ઉપાય વિશે.

વડનું મુળ રવીવારે લાવીને ઉમરા હેઠળ દા·

ટીએ તો સાપ ઘરમાં આવે નહી.

૧૨૩ મેમુદીના ઉપાય વિશે.

ઘોડાવજ ઘશીને મેમુદી ઉપર લગાડવું. પછી ઉપર રૂ દાબવુ જેથી આરામ થાય.

૧૨૪ સંગ્રહણીની ગોળી વિષે.

અફીણુ તોલા ૨, ધંતુરાના બીજ તોલો ૧, જાયફળ તોલો ૧ ટંકણખાર તોલો ૧, અંબરમ તોલો ૧ આ બધી દવાને ઘુંટી તેની આદુના રસમાં બએ ઘઉભારની ગોળી કરવી. આ ગોળી સંગ્રહણી ઉપર અપાય છે. એ ઝેરી છે.

૧૨૫ મીઠા પરમા વિસે

જાવંતરી તોલો ૧ અફીણુ તોલો ૧ કસ્તુરી તોલો ૦। કપુર તોલો ૦। આ દવા ગૂટી ઝીણા લુગડાથી ચાળી પાનના રસમાં દરેક બે ઘઉંભારની ગોળી કરવી આ ગોળી મીઠાપરમા ઉપર આપવામાં આવે છે.

૧૨૬ ઝાડો, ઉલટી, ચુંક, અને કોગળીઓ વિશે.

અફીણ ૨૦ ઘઉંભાર. તજ ૩૦ ઘઉંભાર. લવીંગ ૩૦ ઘઊંભાર કપુર ૬૦ ઘઉંભાર. આ સઘળાને મેળવી તેની ગુદરના પાણીમાં ૪૦ગોળી કરવી માત્રા ૧ થી ૨ ગોળીઓ ઝાડા ઉલટી ચૂંક અથવા કોગળીઓ ઉપર આપે છે.

૧૨૭ દમ તાવ તથા સસણી ઉપર દવા આપવા વિશે.

કાકડાશીંગ દરાખ પીપર કાયફળ અને શુંઠ આ બધી સમભાગે લઇ તેનુ ચુરણ કરી મધ સાથે ખાંશી દમ તાવ તથા સસણી ઉપર આપવુ માતરા ૩૦ ઘઉ ભાર

૧૨૮ ઝીણાતાવ અને અજીરણ વિષે.

કાળીજીરી તોલા ૨, આમલી તોલો ૧, જીરૂં તોલો, ૧, કાળાંમરી તોલો ૧, દરાખ તોલો ૧, દાડમનો રસ તોલો ૧, સંચળ તોલો ૧

ગોળ તોલા ૪, મધ તોલા ૪ આ સઘળી દવાને મેળવીને તેમાંથી ૦॥ તોલો ઝીણું ંતાવ અને અ જીરણ ઊપર ખાવી.

૧૨૯ સંગ્રહણી ઉપર કપીત્થાષ્ટક ચુરણ વિશે

કોઠ ૮ ભાગ, સાકર ૬ ભાગ, ખાટા ડા ડમનો રસ ૩ ભાગ, આમલી ૩ ભાગ બોલી ૩ ભાગ, ધાવણીના ફુલ ૩ ભાગ, અજમોદ ૩ ભાગ પીપર ૩ ભાગ, જીરૂ ૧ ભાગ ધાણા ૧ ભાગ, સંચળ ૧ ભાગ એલચી ૧ ભાગ, તજ ૧ ભાગ તમાલપત્ર ૧ ભાગ. કેસર ૧ ભાગ, સુંઠ ૧ ભા ગ મરી ૧ ભાગ આ બધી દવાનો ભુકો કરી ચા ળી લેવો માત્રા ૧ દ્રામ. એ સંગ્રહણી ઉપર સારો ફાયદો કરે છે.

૧૩૦ સંધીવા, પક્ષઘાત, કટીસુળ વિષે.

યોગરાજ ગુગળ ચીત્રકમુળ દેવદાર, કો-લીંજન, મરી. પીપર, ચવક, ગોખરૂં, તજ.

સુંઠ, અજમો, કાળીજીરી, એલચી, ધાણા જવ ખાર, સીંધવ; ત્રિફળ, તાલીસપત, જીરૂ. રાસ્ના, મોથ, તમાલપત્ર, આ સત્રળી દવાનો અકેક તોલો લઇ ઘીની સાથે મેળવવું, માત્રા ૦ાા તોલો સં ધીવા, પક્ષઘાત કટીશુળ વીગેરે ઉપર ઘણી સારી અસર કરેછે,

૧૩૧ ચામડીનાં રોગો તથા રકત દોષ વિષે શાર ગુગળ,

ગૂગળ શેર ૧૦ ગળો શેર ૧૦, ત્રીફળા શેર ૧, પાણી શેર ૯૬, ગળો અને ત્રીફળાને પાણીમાં ઉકાળી તેનુ અડધુ પાણી રહે તેને ગળી તેમાં ગુગળ ઉમેરો અને ફરીથી લોઢાના વાસણમાં ઉકા ળાવું, નરમ ગોળ જેવું થાયત્યારે નીચેની દવા મેળવવી.

ત્રીફળા ૩ાા તોલા ગળો ૮ તોલા સુંઠ ૬ તોલા મરી ૬ તોલા, પીપર ૬ તોલા, દાં તી મુળ ૨ તોલા માત્રા ૦ા થી તે ૧ તોલો એ

ચામડીના દરદો તથા રક્તદોશને લાગુ પડે છે.

૧૩૨ સંધીવા, બીજા વાયુનાં દરદ તથા ત્વચા રોગને ફાયદો થવા વિષે

રાસના, સુઠ એરંડાનું મૂળ દેવદાર ગ ળોનું સતવર આ બધી દવાનો એકેક ભાગ અને સઘળાંની બરોબર ગૂગળ મેળવી ઘી અથવા મધની સાથે નાના બોર જેવડી ગોળીઓ વાળ વી. સંધીવા બીજા વાયુના દરદ તથા ત્વચા રોગને ફાયદો કરે છે.

૧૧૩ પરમા તથા પેશાબના બીજા રોગ વિષે

ચીકણી કબાલ ૮ દ્રામ, સોનામખી ૮ દ્રામ એલચીદાણા ૩ દ્રામ, પાખાણભેદ ૩ દ્રામ, સુરો ખાર ૩ દ્રામ, આ બધી દવાને ઘુંટીને ચુરણ કરવું માત્રા ૧ થી ૨ દ્રામ. પરમા તથા પેશાબના બીજા રોગ ઉપર આપવું.

૧૩૪ અજીરણ, સંધીવા તથા વિસ્ફોટ વિષે.

ચીત્રકછાલ ૧૦ ઘઊભાર, ખોરાસાની અ

જમો ૧૦ ભઊભાર, ગોળ જરૂર જેટલો આ દવા ને મેળવી આઠ ગોળી કરવી-

આ બંને દવા અજીરણ સંધિવા ત વિસ્ફોટક ઉપર ઉપાય છે.

૧૩૫ અજીરણ ઉપર અખાતી દવા.

અગની કુમારરસ.

ટંકણખાર ૧ તોલો. પારો ૧ તોલો ગંધ ક તોલા, વછનાગ ૩ તોલા, કોડી ભસ્મ ૩ તોલા સંખભસ્મ ૩ તોલા, મરી ૮ તોલા આ બધી દવાને લીંબુના રસમાં બાર કલાક ઘુટી દસ ઘ ઊં બારની દરેક ગોળી કરવી. આ દવા અજીર ણ ઉપર ઉપાય છે.

૧૩૫ તાલીસાધ ચુરણ વિષે

તાલીસ પત્ર તોલો ૧, મરી તોલા ૨, સુંઠ તોલા ૨, પીપર તોલા ૪. વંશલોચન તોલા ૪, તજ તોલા ૨, એલચી તોલો ૧, સાકર તોલા ૧૬, આ બધી ચીજોનું બારીક ચુરણ કરવું એ ખાસી,

દેમ, અજીરણુ તથા તાવ ઉપર મધ અથવા માખણુ સાથે ખાવું. માત્રા ૦।। તોલો.

૧૩૭ ખાંસી વીશે.

પીપર ૨ તોલા. તમાલપત્ર ૦।। તોલો તજ ૦।। તોલો એલચી ૦।। તોલો, સાકર ૪ તોલા દરાખ ૪ તોળા જેઠીમદ ૪ તોલા ખજુર ૪ તોલા આ બધી દવાને એકઠી કરવી અને બારીક કરી નાના બોર જેવડી ગોળીઓ કરવી એ ગોળી મોંમા રાખવાથી ખાંસીને બહુ ફાયદો થાયછે.

૧૩૮ અજીરણ ચુંક વાયુ અથવા હેડકી ઉપર અપાતા ઓસડ વિસે.

ફુદીનો ૨ ડ્રામ અજમો ૨ ડ્રામ એલચી ૨ ડ્રામ કાળામરી ૧ ડ્રાંમ સુંઠ ૧ ડ્રામ આ સઘળાનુ બારીક ચૂરણ કરી તેમાં મધ મેળવી અજીરણુ ચુંક વાયુ અથવા હેડકી ઉપર આ'વુ માત્રા ૧ થી ૨ ડ્રામ.

૧૩૯ ઝાડો સાફ ઉતરવા વિષે અને ચામડીના દરદોને ફાયદો કરવા વીષે

મજીઠ હરડાં બેહડાં આમળા અને સોનામખી આ બધી ચીજો સમભાગે લઇ તેનુ કપડછાણ ચુરણ કરવુ તેમાંથી એકેક તોલો રાતરે સુતી વખતે સાકર સાથે ખાવો તેથી ઝાડો સાફ ઉતરશે અને ચામડીના દરદોને પણ ફાયદો કરશે.

૧૪૦ મેથી મોદક વીષે.

ત્રીફળા, કાળીજીરી, તાલીસપત્ર સુંઠ જીરૂ તજ. નાગકેશર, પીપર. ધાણા એલચી મરી, કાયફળ, જાવંત્રી, મોથ, કાકડાસીંગ, સુખડ, જાયફળ સાધવ, કપુર આ બધી દવા સરખે વજને તથા તે દરેકના વજન બરોબર મેથી લઇ ચુરણ કરી ગોળ સાથે મેળવવી. માત્રા ૧ થી ૪ ડ્રામ ઘી સાથે.

૧૪૧ સાલમ પાક વીષે.

શાલમ ૫ તોલા ધોળી મુસળી ૫ તોલા

કઉવચ ૧ તોલો, ગોખરૂ ૨ તોલા, એખરો ૧ તોલો અસોધ ૧ તોલો સતવારી ૨ તોલા બળ બીજ ૨ તોલા લાડીપીપર ૧ તોલો મરી ૦। તોલો અકલગરો ૦ાા તોલો વંશલોચન ૦ાા તોલો જાયફળ ૦ાા તોલો, એલચી ૧ તોલો, જાવંત્રી ૧ તોલો ખસખસ ૫ તોલા પસ્તાં ૧૦ તોલા, ચારોલી ૫ તોલા કેસર ૧ તોલો, સાકર ૫ શેર ઘી રાા શેર દૂધ ૫ સેર, બદામની મીચ ૨ શેર સાલમ અને ધોળી મુસળીને બારીક છુંદી ઝીણા લુગડાથી ચાળી સારી પેઠે ઘી તથા દુધમાં કર મોવવી, પછી તેને એક કોથળીમાં નાંખી પકાવવુ દુધ માવા જેવુ થાય ત્યારે કોથળી કાઢી નાંખી એક કઢાઇમાંઘીમૂકી તે દવા નાખીઘીમાં તાપથી હલાવતા જુદી પડીને બાજરીના દાણા જેવો દાણો પડે એટલે ઉતારી લેવી દુધ રૂપ યોગમાં લેવુ નહી કેમકે તેથી મરડો થાય છે. એ પ્રમાણે તઇયાર કરેલી શાલમ તથા ધોળી

મુશલી તથા બીજી દવાઓનુ ચુરણ તથા કેસર. સાકરની ચાસણીમાં નાખી બદામની છાલ કાઢો નાંખી ઝીણા ભુકો કરી તે નાંખી તે ઉપર ઘી નાંખવુ અને પછી એક વાસણમાં તેને ઠારવુ તેથી તેના ચોસલા પડે છે તે દરરોજ સવારમાં ખાવું આ સાધારણ સાલમ પાક છે તેમાં બીજી પણ ધાતુઓ નાંખ્વામાં આવે છે.

૧૪૨ વાળો અને નારૂ વિસે ઈલાજ

ઇલાજ ૧ લો—હીંગ તથા અરીઠાની મા હેનો ગર એ બેને ગરમ કરી વાળાઉપર બાંધવુ

ઇલાજ ૨ જો-કાચા માંસનેછુંદી તેબાંધવુ,

ઈલાજ ૩જો--ઇસપગોલના બીઆં (ઉપતા જીરાં)ને છુંદીને ગુલાબના પાણીમાં મેળવી તે બાંધવું.

ઇલાજ ૪ થો—સરકો ગુલાબ અને હીરા બોર આ ત્રણેને મેળવીને તે લગાડવુ-

૧૪૩ તાવ ખાશી તથા કરમ ઉપર અપાતી દવા વિસે.

અતીવીસ ૧ દ્રામ કાકચીઆના ગોળા ૧ દ્રામ ગળો ૧ દ્રામ મોથ ૧ દ્રામ આ સઘળાને મેળવી ચુરણ કરવુ માત્રા ૨૦ થી ૪૦ ધઉભાર તાવ ખાંશો તથા કરમ ઊપર અપાય છે.

અતીવીશ કડાચાલ મોથ સુઠ ગળો આ દરેકનો અડધો તોલો લઈ તેને પોણોશેર પાણીમાં ઉકાળી બાકી પાશેર પાણી રેહે એટલે ઉતારી લેવું. તાવ ઉપર દિવસમાં ત્રણવાર આપવું.

૧૪૪ હેડકીનો ઉપાય.

કુંઆરનો રસ ટાંક ૪, સુંઠ ટાંક ૨॥, મધ ટાંક ૨ એ સરવે એકઠું કરી પીએતો આરામ થાય.

૧૪૫ ઝેરકચોલા વિસે.

ઝેર કચોલાના ઝાડને ફળ થાય છે, તેની

અંદરના બીયને ઝેરકચોલાં કહે છે. એ દવામાં વપરાય છે. કેટલાકને અફીણ તથા ભાંગની પેઠે એનું પણ બંધારણ હોય છે. એને ઘશીને ખીલ ગુમડાં અથવા સોજા ઉપર લગાડવાથી તે મટી જાદ છે. તેને ઘીમાં તળીને પેટની ચુક, દુખાવો. કરમ, ઝાડા તથા ઉલટી ઉપર ખાવાંમાં આવે છે અને એનું ચુરણ તથા ગોળી એ વાજ ઉપયોગમાં આવે છે. માત્રા ૫ થી ૧૦ ઘઊભાર, ઝેરકચોળા, ગંધક પીપર, મરી હીંગ, સીંધવ, સુંઠ અને હરડે આ બધી દવાને સરખે ભાગે લઇ તેની ચણા જેવડી ગોળીઓ; કરવી અને દિવસમાં બે ત્રણ આપવી તથી જુના પક્ષઘાત વાયુ તથા ગુલ્મને ફાયદો થાય છે.

૧૪૭ મરડાનો પેહેલો ઉપાય.

બીલી ૧ાા દ્રામ, વળીઆરી ૧ દ્રામ, સુંઠ ૦ાા દ્રામ, સાકર ૧ દ્રામ એ બધાને મેળવટ ચાળી નાખી મરડા ઉપર આપવું માત્રા અડધાથી ૧ દ્રામ.

૧૪૭ મરડાનો બીજો ઇલાજ.

બીલી ૨ દ્રામ, મોથ ૧ દ્રામ, સુંઠ ૦ાા દ્રામ, મોચરસ ૧ દ્રામ એ બધાંને એકઠાં કરી ચાળી નાંખી થોડી સાકર સાથે દિવસમાં બે ત્રણ વાર ઝાડા તથા મરડા ઉપર આપવું માત્રા ૦ાા થી ૧ દ્રામ.

૧૪૮ અર્શ સ્વાસ પથરી પાડુ તથા જ્વર વિષે.

કાળાતલ, ભીલામુ. હીમજ તથા જુનો ગોળ તે સમભાગ લઇ ગોળી કરી શક્તી અનુસાર ખાય તો અર્શ સ્વાસ પથરી પાડુ તથા જ્વરને મટાડે છે.

૧૪૯ વીશુચીકા કમળો તથા પાંડુરોગનો ઉપાય.

મીઠુ સંચળ શીંધા, જવખાર અજમો હરડે, પીપર સુઠ હીંગ, વાવડીંગ. એ સરવે સમભાગ લઇ ચુરણ કરવુ તે ચુરણમાંથી શક્તી

પ્રમાણે લેઇ જમવા વખત ઘી સાથે મેળી પાંચ કોળીઆ પહેલા ભરવા તો અજીરણ વાત ગુદ વાત. ગુલમવાત વાતપ્રકોપ વાતપ્રમેહ વીશવાત વિશુચીકા કમળો પાંડુરોગ સ્વાસ તથાકાશએને મટાડે છે.

૧૫૦ વીશુચીકાનો પહેલો ઉપાય

સુઠ. મરી પીપર કરંજનાબી હળદર એ લીંબુના રસમાં મેળવી નસ્ય અને અજન કરાવવું ને અંગ માથે પાણી રેડાવતું તો વી· શુંચીકા મટે છે.

૧૫૧ વીશુચુકાનો બીજો ઉપાય

લસણ, જીરૂ, શીંધાલુણ, સંચળુ સુંઠ, મરી પીપર તથા વધાણી એનુ ચૂરણુ લીંબુના રસ સાથે મેળવી ખાય તો વીશુચીકાને મટાડે

૧૫૨ કમળો તથા પાંડુરોગ નાશ પામવા વિશે

૧ લો ઇલાજ—હરડાં, બેડાં આમળાગળો

આરડુસો કડુ કરીઆતુ તથા લીમડો એટલાનો કઢો મધ નાખી પાવાથી કમળો તથા પાંડુરોગ નાશ પામે છે.

૧૫૩ કમળો તથા પાંડુરોગ નાશ પામવા વીસે ૨

૨ જો ઇલાજ—હરડાં બેડાં આબળા એનો કાઢો અથવા દારૂ હળદરને અથવા લીમડાનો કાઢો મધ સાથે કમળાવાળાને તથા પાંડુરોગવાળાને પ્રાતઃકાલમાં પાવો.

૧૫૪ હેદ્રાગ કોઢ અર્સ તથા પ્રમેહ નાશ કરવા વીસે

સુઠ મરી પીપર ચીતરક વાવર્ડીંગ હરડાં બેહેડાં. આમળાં તથા નાગરમોથ એટલાંના ચૂરણ સમાન લોહભસ્મ લઇ એકત્ર કરી છાશ, મધ, ઘી અથવા ઉનુ પાણી એ ચારમાથી એક ની સાથે ખાય તો કમળો પાંડુરોગ, હેદાગ, કેઢ, અરશ પ્રમેહ એનો નાશ થાય.

૧૫૫ ભયંકર રકતપીત નાશ પામવા વીષે

અરડુસાનો રસ, મધ તથા સાકર એકત્ર કરી પાય તેથી ભયંકર રકતપીત નાશ પામેછે

૧૫૬ સ્વાસ તથા રકતપીતનો નાશ પામવા વીષે-

અરડુસો, દ્રાખ મધ હરડાં એનો કાઢો સાકર ને મધ અથવા પીપરનુ ચુરણ નાંખી પાય તો સ્વાસ તથા રકત પીતનો નાશ થ.ય.

૧૫૭ ક્ષયથી થએલી ઉધરસ મટવા વીષે.

ચંદન, જેઠીમધ, સાલવણ, પટાડમુલ્ક કડવાખીસોડી, ઇંદ્રજવ બેઠીરીંગણી મોરવેલ, ગળો, તથા કડુ એમનો ઉકાળો પીપરના ચુરણ સાથે પાય તો ક્ષયથી થએલી ઉધરસ મટે છે.

૧૫૮ ઉધરસ વીસે.

લવીંગ, મરી, બેહેડાં એ સરખાં ને તેની

સમાન ખેરસાર લઇ તે સરાનુ ચુરણ કરી ના વળીના પાનના ઉકાળામાં ખરલ કરી તેની ગોળી શેવન કરવાથી ત્રણ ઘડી સ્વરસ રહે છે.

૧૫૯ વીર્યંત્રસ્થક તથા રક્તપીત વીશે.

તજ અરધો તોલો, તમાલપત્ર અરધો તોલો એલચી અરધો તોલો, પીપર ૨ તોલા સાકર ૪ તોલા -દાખ, ૪ તોલા જેઠીમધ ૪ તોલા ખારેક ૪ તોલા એ પ્રમાણે બધુ લઈ બારીક ખરલ કરી ગોળી કરવી ને યથાશકતી ખાવી આ ગોળી વીર્યસ્રવક તથા રકતપીત સ્વાસ, કાસ અરૂચી, ઉલટી સુરછા હેડકી મદ ભ્રમ ઉરક્ષત ક્ષય સ્વરનાશ પથરી શોપ વાયુ ગલામાંથી લોહી પડતુ હોય તે, -હૃદયનુ શુલ, પડખાનુ શુલ, તાપ તથા જવર કરે છે.

૧૬૦ કફથી કંઠ બગડે ત્યારે સ્વર સારા થાય તે વીશે.

પીપર, પીપળીમુળ, મરી, તથા સુંઠ એનું

ચુરણ ગૌમુત્રમાં નાંખી પાય તો કફથી કરીને બગડે-લ સ્વર સારો થાય,

૧૬૧ પીતથી અએલ સ્વર ભેદ મટવા વિશે.

કાસુંદરી, રીંગણા, ભાંગરો એમનો અંગરસ ઘીં નાંખી પાય અને માથે દુધ પીએ તો પીતથી થ એલ સ્વરભેદ મટે છે.

૧૬૨ સ્વર સારો થવા વિશે પેહેલો ઉપાય.

જેઠીમધના ચુરણુનો દુધમાં પાક કરી માંહી ઘી નાંખી ખાવાથી સ્વર સારો થાય છે..

૧૬૩ સ્વર સારો થવા વીશે બીજો ઈલાજ.

જેને ઉંચે સ્વરે બોલવાથી ગળું બેશી ગયું હોય તેને સાકર, મધ તથા બીજા મધુર પદાર્થો નાં-ખી કટેલ દુધ પીવું તેથી સ્વર સારો થાય છે.

૧૬૪ સ્વરભેદ મટાડવા વીશે.

જેને સ્વર ભેદ મટાડવાની ઇચ્છા હોય તેને

દુધમાં એક તોલો આમલાનુ ચુરણુ નાંખી પીવું જેથી મટે છે.

૧૬૫ અરૂચી શાંત થવા વીશે.

સાકર, સુંઠ, મરી પીપર, કોઠ એનુ ચૂરણુ કરી તેની ગોળી મધમાં વાળી મોઢામાં રાખવાથી અરૂચી શાંત થાય છે

૧૬૬ ઊલટી બંધ થવા વીશે.

૧ તોલો ચંદન લઇ તેનૂં ચૂરણુ કરી તેમાં આમલાનો રસ મધ મીશ્ર કરી પાય તો ઉલટી બંધ થાય છે.

૧૬૭ અતીસાર દાહ તથા જવર નાશ કરવા વીશે.

મગની દાલનો ઊકાળો કરી ધાણી સાલ, મધ તથા સાકર નાંખી પાય તો ઉલટી, અતીસાર, દાહ તથા જવરનો નાશ કરે છે.

૧૬૮ ઉરૂસ્ત ભનાશ પામવા વિશે.

શીલાજીત અથવ ગુગળ અથવા પીપરા

અથવા સુંઠ ગૌમુત્ર સાથે અથવા દશમુળના કાઢી સાથે પીવાથી ઉરૂસ્તંભ નાશ પામે છે

૧૬૯ શુળ ઉપર દવા વિશે પેહેલો ઇલાજ.

એરંડ મુલ, બીલુ ઉભી રીંગણી બેઠી રીંગણી. પાષાણભેદ, બીજોરાના મુલ, સુંઠ, મરી. તથા પીપર એટલાનો કાઢો, જવખાર હીંગ સીંધવ તથા એરંડ તેલ ફકત કરી સાથલ હૃદય તથા સ્તન એ લા ઠેકાણાના શુલ ઉપર પીવો

૧૭૦ શુળ ઉપર દવા વીશે. બીજો ઉપાય

હરડાં, બેડાં, આમલાં એટલાનો કાઢો ગોમુત્ર. મધ ને ધી એટલામાંથી એક પદાર્થ એક ભાગ ને એરંડ તેલ બે ભાગ એકત્ર કરી પીવાથી શૂલ નીવારણ થાય છે.

૧૭૧ શુળ ઉપર દવા વીશે ત્રીજો ઇલાજ.

માહોળ અને કડુ પાણીમાં વાટી તેનો ક.ધ

લેપ નાભી ઉપર કરવો તેથી શુળ સામાન થાય.

૧૭૨ શુળ ઉપર દવા વીશે ચોથો ઉપાય.

હરડાં, બેડા, આમળા, લીંમરો જેઠીમધ કુટુંકી કડુ. તથા ગરમાળાનો ગોળ, એટલાનો કાઢો મધ મીશ્રીત કરી પીવાથી શુલ તવા દેહ શાંત થાય.

૧૭૩ શુળ ઉપર દવા વીશે પાંચમો ઇલાજ

હીંગ ૧ ભાગ. બેડાં ૨ ભાગ, સુંઠ ૩ ભાગ સંકચીઓ ૪ ભાગ, એ પ્રમાણે લઈ ચુરણ કરી ગેના પાણી સાથે પીવાથી સુલ નાશ પામે ગોળ તથા હરડાં અને લસણ તથા ધી એ બે યોગ શૂલ નાશક છે.

૧૭૪ સોજાના નાસ વીશે.

સુંઠ અને સાટોડીના મુળને બકરીના ઘી સાથે ઘશી સ્ત્રીની યોની ઊપર ચોપડવાથી સંભોગ થકી એવા સોજનો નાશ થાય છે.

૧૭૫ સોમલનુ ઝેર ઉતારવા વીસે,

સાકર સાથે તાંદળજાની ભાજીનો રસપી વાથી શોમલનુ ઝેર ઉતરે છે તે ઉપર જાંબુનો રસ પાવો.

૧૭૬ રોજન્દો આંતરીઓ અથવા ચોથીઆ તાવ વીસે ઉપાય

જો ટાઢ વાય તો શેક કરવોઅથવાગરમ આછુ પાઇ ગરમ ધાબળી ઓઢવી તાજી હવા ઓરડામાં આવવા દેવી અને નીચેના ઇલાજો કર વા ઇલાજ ૧ લો અતીવીશ...દ્રામ ૧

કરીઆતુ...દ્રામ ૧

મોથ........દ્રામ૧

એ સધળી દવાને એકઠી કરી જયારે તાવ ન હોય ત્યારે આપવી માત્રા ૨૦થી૪૦ ધઉભાર.

ઇલાજ ૨ જો કરીઆતુ...દ્રામ ૨

ગુલવેલ...આંસ ૨

આમળા... દ્રામ ૧

જદવાર... -દામ ૧

આ બધી દવાને એકઠી કરી જ્યારે તાવ ન હોય ત્યારે પાણી સાથે દહાડામાં તણવાર આપવી માતરા ૨૦થી૪૦ ઘઉંભાર,

ઇલાજ ૩ જો જ્યારે તાવ ન હોય ત્યારે કવીનાંઇન આપવુ નહી તો તેના બદલામાં કાચકા (સાગરકોટા) અને કાળામરી સરખે ભાગે એકઠા કરી ૧૫ થી ૩૦ ઘઉંભાર દીવસમાં તણ વાર આપવુ એ દવા પીને ઊપર કંઈ ખાવુ એથી ચોથીઆ આંતરીઆ એને રોજીંદા તાવ ઉપર સારી અસર થાય છે.

ઇલાજ ૪ થો અતીવીશ....દામ. ૧

મોથ......-દામ. ૧

ગુલવેલ... -દામ ૧.

સુંઠ........-દામ ૦ાા

એ બધાને એક કરી તેમાંથી ૧૨ થી૩૦

ઘઉંભાર જ્યારે તાવ ન હોય ત્યારે દર કલાકે આપવું.

ઈલાજ ૫ મો—અતીવીશ -દ્રામ ૧ કાકડાશીંગ દ્રામ ૧ મોથ -દ્રામ ૧ આ બધાની માત્રા ૧૫ થી ૩૦ ઘંઉંભાર તાવ ન હોય ત્યારે દીવસમાં ત્રણવાર આપવી.

૧૭૭ મરડાની દવા વીંશે.

અક્કલગરો તોલા ૨ જાયફળ તોલા ૨ શુંઠ તોલા ૨ લવીંગ તોલા ૨ કેશર તોલા ૨ રતાંજળી તોલા ૨ લીંડીપીપર તોલા ૨ અફીણ તોલા ૮ આ સઘળી દવાને ઘુંટીને ઝીણાં કપડાથી ચાળવી. પછી તેના વજન જેટલી તેમાં સાકર ઉમેરવી આ દવા મરડાઇ ઉપર ઘણી સરસ છે માત્રા ૭ થી ૧૨ ઘંઉંભાર.

૧૭૮ મુત્રાઘાત નાશ પામવા વીશે.

પેહેલો ઉપાય

સહાભદ્રા (જેને મરાઠીમાં રકત શીવણ

કહે છે ! પાશાણભેદ, સતાવરીનુ મુળ ચીત્રક ટકો એખરો કમળાક્ષ તથા મોટાં ગોખરૂ એટલાનુ ચુરણ કરી મધ સાથે પીવાથી મુત્રાઘાત નાશ પામે.

૧૭૯ મુત્રાઘાત નાશ પામવા વીશે. બીજો ઉપાય.

રીંગણીનો અંગરસ છાશની સાથે પીવો અથવા રાતરે કેશર પાણીમાં ભીજવી સવારે મધ નાંખી મેળવીને પીવાથી મૂત્રાઘાત મટે.

૧૮૦ મંદાગ્નીનુ દીપન થવુ તે વીશે.

ચીત્રક, પીંપળીમુળ સાજી ખાર જવખાર મીઠું, સીંધાલુણ, સંચળ, સુંઠ મરી, પીંપરહીંગ અજમોદ તથા ચવક આ સરવે ઔષધ એકઠા કરી કૂટી બીજોરાના રસમાં અથવા ડામડના રસમાં ગોળી કરી શકતીને અનૂસાર ખાય તો આમનુ પાચન થઇ મંદાગ્નીનુ દીપન થાય.

૧૮૧ અજીરણ તથા અરશનો ઉપાય.

સુંઠ પીંપર. હીમજ તથા દાડમની છાલ એમાં એક એકગાં ગોળ ભેળવીને ખાય તો આમ, અજીરણ, અરશ તથા મલાષ્ટમનો નાશ થાય છે.

૧૮૨ વીસૂચીકાનો ઊપાય.

પારો, ગંધક, તથા વછનાગ એ સમભાગે લઇ એકત્ર સરખાં મરી લેવાં આ સરવે એક જગ્યામાં ખલ કરી રીંગણાના રસની એકવીશ ભાવના દેવી. ને પછે ભણુ ચણોઠી જેવડી ગોળી કરી ખાવી તો સરવે પ્રકારના અજીરણ અને સરવ ઊપદ્રવે કરીને યુકત એવી વીસુચીકા નાશ પામે.

૧૮૩ સુવરણ માલીની વસંત ક્ષયરોગ ઉપર

સોનાનાં પાનાં ૧ ભાગ, હીગળોક ૩ ભાગ, ખરપર ૮ ભાગ, મોતી ૨ ભાગ, મરી ૪ ભાગ, આ બધી દવાને ઘુટીને માખણ અને લીંબુના

રસમાં જ્યાં સુધી સોનાના પાનાનું પરમાણું ન દેખાય ત્યાં સુધી ખુબ ઘુટવું. એ દવા ક્ષયને માટે બહુજ પ્રખયાત છે. માત્રા ૨ થી ૮ ઘઊં ભાર મધ તથા પીપર સાથે.

૧૮૪ સરપ ઘરમાથી જાય તેનો ઉપાય.

કપોત પક્ષીની વિષ્ટા. મનુષ્યના કેસ, આયનુ શીગડું, મોરપીછનો અગૃભાગ, સાથવો. ધાણું, ફોતરાં, કપાસીઆના બી, ઉસીતમાલા એટલા વાનાનો ધુપ ઘરમાં કરવો. તેને કરી સરૂપ ભાગી જાય.

૧૮૫ કોઇ માણુસ પુરૂષાતનથી ગયો હોય તેનો ઊપાય

આદુ શેર ૧ છોલાને કડકા કરવા. પછી ઘી શેર ૦ા મુકી તળીએ, તેને ડુબતા મધમાં દીવસ ૭ રાખે પછી તેમાંથી કાઢી પાછી ઘીમાં તળે તેને બીજા મધમાં દીન ૭ સુધી બૂડતા રાખે પછી તે રોજ ટાંક ૫ ખાય ત્યાં સુધ

ખાટુ ખારૂ ખાવુ નહી જેથી મરદાઇ વધશે.

૧૮૬ ધાતુપુષ્ટની દવા વીશે

દૂધ સાથે ચણોઠીનું મુળ સાત દિવશ પીવાથી સો સ્ત્રીઓ ભોગવે એટલી પુરૂષનામાં શકતી આવે છે.

---

૧૮૭ નપુશક અવસ્થામાં આવી ગએલ પુરૂશને પુરૂશાતન લાવવાનો ઊપાય.

હીંગળોક એક પલારવ તેને વંતાકમાં ઘાલી પકવવો તે હીંગળોક રોજ એક વાલ લઇ માખણ સાથે ખાવાથી નપૂશકને પુરૂષારથ આવે છે.

૧૮૮ લીંગની વૃધી થવા વીશે.

વજ, આસન અને ગજપીંપર એ સમાન ભાગે લઇ ભેંસના માખણમાં કાલવી લીંગે લેપ કરવાથી લિંગની વૃધી થાય છે.

૧૮૯ ધોળા વાળને કાળા કરવાનો ઊપાય.

લોહચુરણ ભાંગરો, ત્રીફળા તથા કાળી

માટી એટલા વાના શેરડીના રસમાં માસ પરયંત રાખી પછી તેનો લેપ કરવો તેથી ધોળા કેશ કાળા થાય

૧૯૦ ઊદર મીંદડુ સર્પ વીંછીના ઝેરનો ઈલાજ

વાંઝણી કંકોટકીનો કંદ પાણીમાં ઉકાળી પીવો ને લેપ કરવો તેથી સરપ ઉંદર મીંદડું તથા વીંછી ઈત્યાદીનુ વીશ નાશ પામે.

૧૯૧ જેરી ઉદરનો ઊપાય પેહેલો,

મનશીલ, હરતાલ તથા કાષ્ટ, કોલીંજન એટલા વાના નગોડના રસમાં ખલ કરી પીવાથી ઉંદરનુ તીવ્ર વીશ હોય તોપણ નાશ પામે

૧૯૨ ઝેરી ઉદરનો બીજો ઊપાય.

આંબલાના કલાઆ અને ગેહવુગ બે તોલા જૂના ઘીમાં ખલ કરી સાત દીવસ ખાવાથી ઉંદરનૂ વીશ ઉતરે.

૧૯૩ ઊંઘ નં આવતી હોય તેનો ઊપાય.

માંખની હગાર માન સાથે ઘસી આંખે આંજે તો ઉંઘ આવે.

૧૯૪ કાનમાં જીવ જંતુનુ જવું.

જો કાનમાં મછર કાનખજુરો અગર એ વું કંઇ જીવ જંતુ ગયુ હોય તો તેમાં સાબુના પાણીની પીચકારી મારવી કાનમાં થોડાં કોલન વોટરના ટીપાં નાખવા અથવા દીવેલમાં એળીઓ કકડાવીને તે નાંખવુ વારંવાર બચ્ચાં રમતા રમતા કાનમાં દાણો વટાણો રૂનો કાકડો વીગેરે નાંખે છે તે કાઢવા માટે પાણીની પીચકારી કાનમાં જોરથી મારવી અને જો બને તો તે ચીપીઆ વડે બહાર ખેંચી કાઢવી ઘણી વાર ગાલ ઉપર જોરથી તમાચો મારયાથી પણ કાનમાંની ચીજ બહાર નીકળી પડે છે.

૧૯૫ ગરમીથી મોમાં છાળા પડવા વિશે.

નીશાની—આ દરદમાં મો આવે છે અને જીભ તાળવુ અને ગાલ પાકો આવે છે અથવા રાતા થાય છે અને તેઓ ઉપર ગોળ ઝીણી ધોળા રંગની છાંટ અગર ડાઘા દેખાય છે આ દરદ પુકત ઉમરના માણુસો કરતાં બાળકે માં વધારે જોવામાં આવે છે.

ઇલાજ ૧ લો—ાા આંશ મધ તથા ૧ ડ્રામ ટંકણખાર આ બંને ચીજો મેળવીને પીછાવડે દીવસમાં બે ત્રણ વાર મોમાં ચાપડવું.

ઇલાજ ૨ જો—૬ આંસ કાથાના ઉકાળામાં ૨ ડ્રામ ટંકણખાર મેળવી કોગળા કરવા કોઇવાર બાળકોના સફરમાં આ જાતની ગરમી જણાય છે તે વખતે પહેલા ઇલાંજમાં લખેલી દવા ચોપડવી ધાવણા બચ્ચાંની માએ ખાંધાપીધાની પરેજી રાખવી અને દાક્તરની સલાહ

લઇ જરૂર પડે તો પોતે પણ ઓસડ લેવાં.

૧૯૬ બહેરાપણું

કાનમાં ધુપેલ અગર મીઠા શેલેડના તેલનું ટીપું મુકવું અને કાનમાં ગરમ પાણીની પીચકારી સવાર સાંજ મારવી.

ઈલાજ ૨ જો—૫ રૂપીઆ ભાર છુંદેલા કે લસણને એક શેર મીઠા બદામના તેલમાં ઉકાળી ગાળી લઇને તેમાંથી થોડાં ટીપાં કાનમાં રેડવાં તથા તેજ તેલમાં રૂનું પુમડું બોળી કાનઆગળ બાંધી રાખવું

ઇલાજ ૩ જો—તમાકુની બીડીની ધુમાડી મોંમાં સારી પેઠે ભરી મોં તથા બંને નસકોરાં મજબુત બંધ કરી [illegible]ડી નાક રસ્તે કાઢવાને કોશશ કરવી લાંબા વખતમાં. કરાપણાને આ થી ઘણો ગુણ થાય છે.

૧૯૭ આંખમાંપડતા ફુલાનો ઇલાજ

હળદર, લીંબડાના પાન, પીપર મરી,

વાવડીંગ મોથ, હરડેદળ, એ સરવે બારીક પ્રતિ. દીન ત્રણ અજા મુત્રમાં ખળ કરી છાંયડે સુકવી ગૈ.મુત્રમાં ઘસી બાંધે તો તીમીર મટે. પાણીમાં ઘસી આંજે તો અખાંનાં કાચ મટે. મદમાં ઘસી આંજે તો પડળ મટે. રગાના દુધમાં ઘશી આંજે તો ફુલુ મટે.

૧૯૮ છીંક ઘણી આવે તેના ઉપાય.

ઘી ગુગળ, મીણુ એનો ધુપ નાકમાં દે તો દીંક બંધ થાય.

૧૯૯ નાકમાં મસા થાય તે ઉપર તેલ

ધમાસો, પીંપરો, દારૂ, હળદર અગેડીનાં બી, જવખાર, ગરમાળાના ગોળ અથવા છાલ, સિંધવ, એમાં તેલ, પકવી એ તેલ નાકના મસા એ લાગાવે તો મસા દુર થાય.

૧૯૯ દાંતમાથી લોહી નીકળે તેના ઉપાય

સિંધવ. ખેરસાર, કોષ્ટ જીરૂ ફુકેલુ, ઘા

ણુા. સુંઠ એની છીકણી કરી દાંતમાં ઘસે તો લોહીબંધ થાય.

૨૦૦ ગળસુંડીના ઉપાય.

કોષ્ટ, મરી, વજ; સિંધવખાર, પાઠ, નાગરમોથ એ સરવેને બારીક વાટી ગળસુડીએ ઘસે તો જાય.

ઇલાજ (૨) પીંપરો, અતિવિખની કળી, કોષ્ટ. વજ, સુંઠ, કાળીમરી, સિંધવખાર, એ સરવેને ઝીણા વાટી ગળસુડીએ મધમાં લગાવે તો જાય.

૨૦૧ ગળાના સર્વે રોગના ઉપાય

કડુ. ત્રીગડુ વાવડીંગ, દંતી, સિંધાલુણ એનો ઉકાળો કરી તેલ પકવી એનો નાસ દે તો કેના ગળાનો રોગ જાય.

ઇલાજ (૨) તેજબળ પાઢય રસોત, દારૂહળદર, પીપર એને ઘુંટી મધમાં ગોળી બાંધી મોઢામાં રાખે તો ગળાના સરવે રોગ જાય.

૨૦૨ વાંજણીં સ્ત્રીને પુત્ર થવાના ઉપાય.

ખરેટી, ગંગેટીની છાલ, મહુડા, વડની કુંપળો નાગકેસર, એ સરવે સરખું લેઇ બારીક વાટી ગાયના દુધમાં પાંચ ટાંક મધ નાખી એ ચુરણ દિવસ પંદર ખાય તો વંજાને પુંતર થાય.

૨૦૩ સ્ત્રીને અટકાવ ન આવતો હોય તેનો ઊપાય.

કાળાતલ, મરી, સુંઠ, પીપળો, ભારંગ ગોળ, એ સરવે ટાંક એક એક ભારને ભેગા ખાંડી કઢો કરી પંદર દિવસ પીએ તો સ્ત્રી ધરમ જરૂર થાય.

ઈલાજ ૨ જો—પારસ પીપળાનું મુળ અથવા બીજ, સફેતજીરૂ, (સંખજીરૂ) સરપંખો એ બરાબર લઇ ટાંક ૨॥ અઢી દૂધની સાથે પાએ તો સ્ત્રી ધરમ થાય અને ગરભવંતી થાય. અથવા ગર્ભવંતી થઇ ખાખરાના એકેક પાનને

ગાયના દુધમાં પીએ તો પુતર પરાક્રમી થાય.

૨૦૪ ગરભ નહીં રેહેવાની ઓષધી.

પીપરો, વાવડગીં ટંકણખાર, રૂતુ સમે પાંચ રોજ પાણીથી ધ્રુંટી પીએ તો કદી ગરભ રહે નહી.

ઇલાજ ૨ જો—જુાંગોળ તોલા પાંચ ભાર લેઇ તે ઉકાળી રૂતુ સમયથી દિવસ પંદર સુધી પીએ તો ગરભ ધારણ થાય નહી

ઇલાજ ૩ જો-લાંબોલીના તેલના પોળવાં રૂતુ સમયે યોની . [illegible] પા . સુક તો ગરભ કદી રેહે નહી

૨૦૫ સ્ત્રીસંગ પ્રકાર.

૭ રૂતુમાં સ્ત્રી સંભોગ કરવાની વિધી:— હિમત રૂતુમાં તથા શશ્ર રૂતુમા પોતાના શરીરની શકતી માફક સંભોગ કરે તો રોગ થાય નહીં શરારમાં આનંદ રહે વસંત રૂતુમા ત્રીજે દહાડે શરદ રૂતુમાં ચોથે દહાડે શકતી માફક

સ્ત્રી સંગ કરે તો રોગ થાય નહી વરષા રૂતુમાં પાંચમે તથા ગ્રીષ્મરૂતુમાં છઠે યા પક્ષ (પંદરમે દીન) શકિત માફક સંભોગ કરે તો રોગ થાય- નહી અને શીતરૂતુમાં તો રાતરીમાં સંભોગ કરવો.

ગ્રીષ્મરૂતૂમાં દીવસના સંભોગ કરવોઅને વરષા રૂતૂમાં દીન તથા રાતરીમાં જયારે વીજળી ઓ તથા ગરજના અને વ્રષ્ટી થતી હોય તે વ ખત સ્ત્રી સભોગ કરે તો રોગ થાય નહી સર દરૂતુમાં કામ જાગે ત્યારે સભોગ કરવો તો રોગ થાય નહી.

૨૦૬ કોઢના ઊપચ.

કોષ્ટ, મુળા ।। બીજ, સરસવ, હળદર, કેસર અને સીરસના પાણીમાં પકવા લુપ કરે તો ઘણા દીવસનો કાઢ જાય.

ઇલાજ [૨) કેળના ખાર અને હળદર

મુળાના બીજ હડતાળ દેવદાર, શંખનુ ચુરણ એ સરવે સરખા ભાગે લઈ નાગરવેલના પાંદડાના રસમાં ધુંટી લેપ કરે તો વિભુતી કાડ જાય.

૨૦૭ પેટમાં પડતા કરમનો ઊપાય.

પલાસપાપડો પલાસ (ખાખરો, લીંબડા ની છાલ, સરગવાનુ મુળ, મોથ, દેવદાર વાવડીંગ બરાબર લઈ ખાંડી ટાંક બેનો ઉકાળો દીન સાત સુધી આપે તો પેટના કરમ મટે બાળકને સારૂ થાય તેમજ મોટાને પણ તે લાગુ પડે છે

૨૦૮ ભુત કાઢવાનો ઊપાય.

હીંગને લસણના પાણીમાં વાટી નાશ દે તથા અંજન કરે તો ભુત તરત નાશી જાય.

૨ જો ઇલાજ તળશીના પાંદડા આઠ કા ળામરીના દાણા આઠ, શેહુદેવી દેવડીની જડ ૨ અથવા વધારે લેવી બાજુ જણસો મેળવી કંઠે બાંધે તો ભુત જાય.

૨૦૯ શીતભ્રમનો ઊપાય

શામી શામી ન મળે તો અરણી જાણી વજ ત્રીફળા કડુ ખરેઠી(ગંગેટી) ધરમાલાનો ગળ લીંબડાની છાલ નાગરમોથ કડવા તુંબીઆની જડ કાળી-દાક્ષ સાલપ્રપોટી [સાલ પરણી) બંને રીંગણી ગોખરૂ બીલાનો ગરભ અરણી અરલુ કૂભેર પોઢય સરવે બરાબર લેઇ બે વખત ઉકાળો દીન અગીયાર આપે તો ચીતભ્રમ સનિપાત જાય ન ઉકાળો ટાંક બેનો કરવો.

૨૧૦ શીતાંગ સનેપાતનો ઉપાય.

વીછી કરડાવીએ તથા વછનાગ તેલમાં મેળવી શરીરે મરદન કરાવીએ વછનાગ લસણ રાઇ ગાયના મુતરમાં પીસી રોટલો કરી માથે વટુ કરાવી બાંધીએ ગરમ ગરમ જયાં સુધી ગરમી થાય ત્યાંસુધી રાખીએ જો ગરમ શરીર ન થાયતો રોગી મરી જાય એમ જાણવુ

ઇલાજ ૨—પારો ટાંક ૫ વછનાગ ટાંક ૫ કાળામરી ટાંક વીસ તથા ચાલીશ ધતુરાના જીડવાનો રસ ટાંક ૪૦એને બારીક પીસી શરીરે મરદન કરેતો શીતંગરોગ દુર થાય.

૨૧૯ વાયુના સરવે રોગનો ઉપાય.

યોગ્યરાજ ગુગળ સુઠ પીપર ચવક પીપરીમુળ ચીતરક શેકેલીહીંગ અજમોદ જીરૂ શાહા જીરૂ સરસવ નગોડ ઇંદ્રજવ પાઢક વાવડીંગ ગલીડી પીપર કડુ અતીવીખની કળી ભારગવજ મરૂઆ આ સઘળાં ઓસડો ચાર ચાર માસા લેવા અને સરવે ઓસડોથી બમણુ તીફળા પછી એ સરવેને ઓસડમાં ચુરણ કરી લુગડે ચાળી તેની બરાબર સુધ કરેલો ગુગળ લેઇ સરવેને એકજીવ કરી માસા ચાર ભારની ગોળીઓ કરી ઘીના ચીકણા વાસણમાં રાખી મુકવી પછી ગોળીએક રાસનાદીકના ઉકાળાથી લે તો બહુ ગુણ કરે તે ઉકાળો લખીએ છીએ.

ઉકાળો—રાસના સાટીનુ મુળ સુંઠ ગળો એરંડાનુ મુળ એના ઉકાળાથી યોગરાજ ગુગળ લે તો સર્વે વાયુના રોગ નાશ પામે

૨૧૨ નીદ્રા લાવવાનો ઉપાય

શેકેલી ભાંગનું ચુરણ કરી બારીક વાટી રાતમાં અનુમાન માફક મધમાં ચાટે તો નિશ્ચે નિન્દ્રા આવે,

૨૧૩ અપતન્ત્ર રોગના લક્ષણ

બાવડી વસ્તુના સેવનથી કોપને પ્રાપ્ત થયો જે વાયુ તે પોતાના સ્થાનને છોડીને હઇયામાં જઇ માથુ અને લમણાના પીડા કરે છે અને કમાન માફક શરીર નમાવે છે. તથા તે મોહને પ્રાપ્ત થઇ વડા કષ્ટથી ઊંચેના શ્વાસ લે અને નેત્ર ફાટી વાચઇ જાય કંઠ કબુતર માફક થઇ જાય આ લક્ષણ જેના હોય તેને "અપતંન્ત્ર રોગ" જાણવો તેનો ઉપાય.

૨૧૪ અપતંત્ર રોગના ઊપાય.

મરી, સરગવાનાં બી, વાવડીંગ અફીણુ મહુડા એ સર્વે બરાબર લેઇ બારીક વાટી નાશ લેતો અપતંત્ર રોગ જાય.

ઇલાજ (૨) હરડેની છાલ, વજ, રાળ, સિંધવખાર, અમલવેલીને વાટી ટાંક અઢી ઘીની સાથે અથવા આદાના રસની સાથે લે તો અપ તંત્ર રોગ જાય.

૨૫૧ કીડીથી ઊપજતા માથાના રોગના ઉપાય

ત્રીગડુ ધરમાળાનુ મુળ સરગવાના બીજ એને બકરાના મુત્રમાં ધુટી નાશ દે તોંમસ્તકના કીડા જાય.

ઇલાજ (૨) કંકોડીના પાનના રસનો નાશ લે તો કપાળના કીડા જાય.

ઇલાજ (૩) પાંપરો. અંઘેડી. સરસવ. આકડાના બી એનો ડંડા પાણીમાં લેપ કરે તો

માથાના કીડા જાય.

૨૧૬ આદ્ધાસીનો ઉપાય.

દુધ અને ઘીના નાળથી જાય અથવા માલપૂવા ખાવાથી જાય અથવા ખીરખાવાથી જાય અથવા જળ ભાંગડાનો રસ. બકરીનું દુધ બરાબર લઈ તડકામાં ગરમ કરી નાસ લે તો જાય

ઇલાજ (૨) વછનાગ; અફીણ, અકમળ કનકમુળ સુંઠ, કોષ્ટ, લસણ, હાગ એ સરવેને ગાયના મુતરમાં ઘશી મસ્તકે લેપ કરે તો આધા-શીનો રાગ જાય.

૨૧૭ ખસ લુખસનો ઊપાય.

લોઢાના વાસણમાં લોઢાના કટાથી આમલ-સારો ગંધક અક ભાર, મોરથુથુ ત્રણ ભાર ખુબ ધુટી લેપ કરે તો ખસ યા લુખસ જાય

૨૧૮ ખોરાક કેવો અને કેવા નીયમો પ્રમાણે ખાવો,

ખોરાક સાદી ને સારી રીતે જો- પકાવેલો

ઇએ તેને મેળવી દાણા અને ગરમ મસાલાથી ઘણો સ્વાદદાર નહી કરવો, એવો ખોરાક એક ચોકસ વખતે ખાવો. એમ એમ નથી કેહેતા કે ૧૦ અથવાં ૧૨ વાગતે ખાવો એ તો જેમ જે-ના ધંધાની ફુરસદ રજા આપે તેમ કરવુ પણ તે વખત મુકરર કરવો જોઇએ આજ સવારના જે વખત ખાવું તેજ વખતે કાલ દીને પણ ખાવું કારણ કે એમ કીધાથી માદાને ખોરાક પર અમલ કરવાને તેની મેળે વખતસર ટેવ પ-ડે છે. દરએક ભોજનની વચમાં ઓછા-માં ઓછા ચાર કલાક જવા દેવા જોઇએ. જો સવારના સાત વાગતે ખાધું તો પછી બપોરના બાર વાગે ખાવું અને રાતના છ કે સાત વાગ-જમવું જોઇએ, પણ એમ ન કીધું અને સ-વારના નવ વાગતે નાસતો કીધો અને વળી બાર કલાકે જમવાની ટેવ રાખી તો પાચન શક્તીનાં અવયવો ઉપર ઘણો બોજો પડે છે. અ-

ને ધીમે ધીમે બગડવા માંડે છે. દીવસમાં ઘણા ખરા લોકો ત્રણવાર જમે છે. અને કેટલાક બેજ વાર પોતાનો રોજગાર ચલાવવાને પુરતો અવકાશ મળવા માટે ખાય છે. એક ભોજન પર ઘણી વાનીઓ ખાવી નહી અને વારે ઘડીએ એકજ જાતનો ખોરાક ખાવો નહી, અલબત રોટલી આપણુંથી બદલાએ નહી કારણ કે જીંદગીનો એ તો જાણે ટેકો છે; તો પણ ઘટતો ફેરફાર કરવો એ ઠીક છે.

ખાતાં ખાતાં પાણી પીવુ નહી જોઈએ કારણકે પાણીથી પેટના માદાની ગરમી ઓછી થાય છે અને ખોરાક પચાવવાને જે રસ પેદા થાય છે તે પાતળો થઈ જાય છે તેથી પાચન બરાબર ચાલતુ નથી આપણા લોકોમાં જમતા જમતાં લોટો ભરી પાણી પી જવાની ટેવ હોય છે તે ખોટી છે ખાધા કેડે આસરે ૧૦ કે ૧૫ મીનીટે પાણી પીવુ જોઈએ.

ઘણી કસરત કીધાથી અથવા અભ્યાસ પર દીલ લગાડવાથી થાકી ગયા હોઇએ તો તરત જમવા બેસવુ નહી થોડો વાર રહી થાક ઉતારી પછી જમવા બેસવુ.

ચાહા સઘળા સુધારેલા દેશોમાં પીવામાં આવે છે પરંતુ આપણા ગુજરાતી ભાઇઓમાં એ ચાલ જાઝો નથી પણ પારસીઓમાં દીવસમાં બેવાર ચાહા પીધા વગર ચાલતુ નથી ચાહા પીવી એ સારી છે બારનલીબીગ કહે છે કે એમાં થોડી પોષણુ શકતી છે જો થાકી ગયા હઇએ અને ચાહા પીધી તો તેથી શરીરમાં હુસીયારી આવે છે જમ્યા પછી આશરે ત્રણ ચાર કલાકે પીધી તો ખોરાકનો પોષણુ લાએકનો ભાગ નકામા જથામાંથી દુર થાય છે અને જો બીજા કચરો હોય છે તે માહામાંથી સાફ કરી નીચે ધસડી લઇ જાએ છે કાફીમાંપણુ ચાહાના જેવો ગુણ છે.

૨૧૯ ખોરાકની બીનાને લગતા નીયમો,

૧ ખોરાક ઝાડ પાન અનાજવીગરેનો ખાવો

૨ ભુખ પ્રમાણે ખાવુ

૩ બાંધેલે વખતે જમવુ

૪ દરેક ભોજનમાં ઘણીવાનીયો ખાવી નાહ

૫ દર એક વખતે જમવામાં જૂદીજુદી વાનીયો વાપરવી.

૬ ભોજન કરતાં અને ત્યાર પછી તરત જ પાણી પીવુ નહી.

૭ ખોરાક બરાબર ચાવવો.

૮ જમતાં જમતાં કાંઇ રમુજી વાતોકરવી

૯ બે ચાર મીતરો સાથે જમવુ

૧૦ થાકીગયા પછી જરા વીસામો અથવા આરામ લેઈ જમવુ

૧૧ ખાધા પછી જરા ફરીને સૂવુ તરત જ બીચાના પર જવુ નહીં.

૧૨ નબળા માણસોએ સવારના પોહોરમાં

જરા પગુ ખાઇને ફરવા જવુ

૧૩ દર એક ભોજન વચે ઓછામાંઓછા ચાર કલાક જવા દેવા.

૨૨૦ શરીર સાફ રાખવાની અગત્ય

શરીરની સુખાકારી માટે દરરોજ નહી જોઈએ જેઓ ઘણા દીવશ સુધી નાતા નથી અને મેલાં કપડાં પહેરી રાખે છે તેવાઓના શરીર પર ચાઠાં અળાઇ ખુજલી અને એવાજ બીજા ચામડાના દરદો જોવામાં આવે છે ચામડી સાફ અને નીરમળ રાખવા માટે અને તેના પરથી કચરો દુર કરવાને માટેપા ણીથી અંગ ધોવુ જોઇએ ઘણીવાર લોકો સ-વાલ કરે છે કે થંડા પાણીથી કે ગરમ પાણી થી નહાવુ જોઇએ આ સવાલનો જવાબ સઘળાં આદમીઓને એકજ ન અપાએ આપણા જોવા માં જોરાવર અને નબળાં લોહીઆર અને દૂબળાં તનદુરસ્ત અન દરદી માણુસ આવે છે.

એ સઘળાઓની તબીયત જુદી જુદી હોય છે તેથા તેમને જુદી જુદી સલાહ આપવી જોઇએ

જે લોકોના અંગમાં લોહીનુ કપુસત એટલુ હોય કે થંડા પાણીએ નાહયાથી શરીરમા ગરમી છુટી અંગમાં હુશીઆરી આવે અને હલકુ થાય તેવા સખ્સો થંડા પાણીથી નાહાય તો કાંઈ અડચણુ નથી અગર જો ગરમી પેદા થવાને બદલે થડા પાણીથી શરીરમાં તાહાડ અને ધુજરી ભરાઇ આવે અથવા નાહયા પછી માથુ દુખે અને ચામડીનો રંગ ઉડી જઇ ફીકાશગરે તો જાણુવુ કે ફાયદાને બદલે નુકશાન થાશે. એકવાર તપાસ કરવાથી એમ માલમ પડયું તો ઠંડુ પાણી વાપરવું નહીં જોઇએ. ઘણા ઠંડા પાણીએ નાહાનારે ફરી આવ્યા પછી અથવા જરા કટકો મોહોમાં નાખ્યા અગાઉ નાહાવુ નહીં પણ આપણા જોવામાં ઘણા ધર્મી હીંદુ લોકો આવે છે કે જેઓ નાહયા અગાઉ ખાતા નથી.

તેઓ, જે પાણીથી નાહાય છે તે કુવાનું તાજુ અને ઘણું ઠંડુ હોતુ નથી અને વળી તેમની ચામડી હમેશા ઘેગાડી રેહે છે તેથી એટલી ઠં-ડીની કાંઇ તેમનાપર અસર થતી નથી, જેઓને નાકમાંથી અથવા મોહોડામાંથી લોહી પડતુ હોય નાકઉિઅત નાજુક અને જરામાં પેટ છુટી જતુ હોય તેઓએ ઠંડા પાણીથી સ્નાન કરવું નહીં સ્રીયોને પોતાના નાજુક શરીરને માટે. ઘણું કરીને ઠંડા પાણીથી નાહાવું નહી. તેમાં ગરભાવસ્થામાં તો જરૂર કરીને ન નહાવું ને દર દવાળા અને બીજી રીતે લોહીથી ફુલેલાં માણુસો, સંધીવાથી ઝલાએલા, ટેસો અને ખષ્ટવાળાં માણસોને ઠંડા પાણીએ નાહાવાથી અવગુણ થાય છે.

તનદુરસ્તી ગુણકારી અને ચામડી સાફ રાખનારૂં ગરમ પાણી છે એ પાણી આંગળી બળે તેવુ નહી પણ આપણા લોકો ફુકુ પાણી

કહે છે તેવું જોઇએ, ઘણા લોકોની ગરમ પાણીથી નાહાવાની ચાલ છે અને એવા પાણીથી નાહયા પછી લુગડાં પેહેરી ફરવા નીકળ્યા તો શરીરમાં હુશીઆરી આવી ગરમી છુટી પરશેવો વળે છે અને તેથી ફાયદો કરે છે. ખાધા પછી અને ખુબ મેહેનત કરવાથી પસીનો પડતો હોય તે વખતે ગરમ પાણી વાપરવું નહી.

બચ્ચપણમાં, બુઢાપામાં, અને ઓરતને ગરભ અવસ્થામાં ગરમ પાણીએ નાહાવું જોઇએ. જુવાન સ્ત્રીઓને ગરમ પાણીથી નાહાવું જરૂર છે અને પગ ઠંડા નહી થાય માટે ગરમ રેશમી મોજા પગમાં રાખવા જોઇએ એટલી ભૂલ કરવાથી જુવાન અબળાઓ ખધના દરદથી હેરાન ગતી ભોગવે છે.

૨૨૧ બાળકની બરદાસ.

બાળક જન્મે છે તે વખતથી તે બે વર્ષનુ થાય ત્યાંહા સુધી તેની કેમ બરદાશ લેવી તે વિશે ની-

એની સૂચના ધ્યાનમાં વેવી.

તરત જન્મેલા બાળકને કોકોલા (ગરમ નહી તેમ ઠંડુ પણ નહી એવું સમધારણ) પાણીથી ન્હવરાવવું.

નાળ—એને એક ઝીણા આછા લુગડાથી લપેટવો અને પછી તે લૂગડાથી લપેટેલા નાળને બાળકના પેટપર ઉચો કરી દબાય નહી.તેમ બાંધવો, કોઇક વખત નાળ લુંગડાથી લપેટયા પછી તેમાંથી લોહી નીકળે છે. માટે એમ થાય તો તરત લપેટેલુ લૂગડુ ખશેડી નાંખી શીવવાનો દોરો ચાર પાંચવટો કરી તેથી નાળ બાંધવો. અને પછી પાછુ કપડુ લપેટનું ઘણું કરીને નાળ પાંચમે દીવસે ખરી પડે છે. અને કોઇ વખત અઠવાડીયું, દસ કે પંદર દીવસ સુધી અને કોઈ વખત ત્રણ અઠવાડીયા સુધી રહે છે, તેને એની મેળે ખરી જવા દેવો.

૩ સ્ત્રીએ જણ્યા પછી ત્રણ ચાર કલાકે આ-

મ લીધા પછી બાળકને છાતીયે વરગાડવું. અને એ દુધથી બાળકને જૂલાબ થાય છે દુધમાં આ વખતે જુલાબનો ગુણ રેહે છે.

૫ પેહેલે મહીને બાળકને અઢી અઢી કલાકને આંતરે ધરાવવુ, બીજે મહીને બબે કલાકને આંતરે ધરાવવુ અને જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ જરા વચલો વખત વધારતાં જવું.

૫ ધાવ—ગોરી ધાવડા કરતાં સાંમળી ધાવનુ દુધ વધાને શ્રેષ્ઠ છે માટે સામળી ધાવ પસંદ કરવી. સામળી ધાવના દુધમાં માખણ તથા સાકરનો ભાગ વધારે હોય છે. ધાવ સાદા મીજાજની જોઇએ.

૬ માયે કેમ ધવરાવવુ—માએ સૂતાં સુતાં ધવરાવવું દુરસ્ત છે. બેઠા વળીને ધવરાવવાથી પોતે થાકી જાયછે. અને તેની કમરમાં પણ દરદ થાય છે વારા ફરતી એક બીજી છાતીએ ધરાવવું. બાળકને બાર

મહીનાનું અથવા ઘણુતો દોઢ વરસનું થાય ત્યાં હાં સુધી ધરાવવું ઠીક છે. તે ઉપરાંત ધરાવવું નહીં. જણાયા પછી બારથી તે ચાદ મહીનામાં પાછી તે સ્ત્રી દસ્તાન બેસે છે. દસ્તાન બેઠા પછી તેનું દૂધ વજનમાં ઘટે છે. અને ગુણમાં ખરાબ થઇ જાય છે બાળક એવું દૂધ ધાવવાથી પોતાની તનદુરસ્તી ખુએ છે.

૭ દાંત—પેહેલા દાંત બાળકને છઠે અથવા સાતમે મહીને ફુટે છે. દાંત આખી જીંદગીમાં બે વખત ઉગે છે. અને બે વખત પડે છે. પેહેલાં બાળકને બચપણુમાં જે દાંત ઉગે છે તેને દુધીયા દાંત કહેછે. અને તે પડી ગયા પછી જે બીજા ફરીથી ઉગે છે તેને જાથુકના દાંત કહે છે. દાંત બે વખતજ ઉગે છે એમ નથી, પણ કેટલાએકોને ત્રણ વખત ઉગેલા માલૂમ પડે છે- દુધીયા દાંત પહેલ પહેલા માત્ર વીસજ હોય

છે અને તેની પછીના જે આવે છે તે બત્રીસ હોય છે.

૮ બાળકને દાંત ક્યારે આવે છે—જ્યારે બાળક પાંચથી તે સાત મહીનાનુ થાય છે ત્યારે તેને વચલા બે દાંત ઊગે છે. છથી તે નવ માસનું બાળક થાય છે. ત્યારે આજુ બાજુનાં બે દાંત ઉગે છે. નવથી તે પંદર માસનું થાય છે ત્યારે દાહાડાના આગલા દાંત ઉગે છે. પંદરથી તે અઢાર માસનું થાય છે ત્યારે બે ખીલીઓ ઉગે છે. ઘણું તો એ દાંત સાતથી તે આઠ વરસ સુધી રેહે છે. તે પછી પડી જાય છે. સાતથી તે એકવીશ વરસ સુધીમાં બીજા જાથુકના દાંત આવી રેહે છે. એકવીસ વરસ પછી પડેલા દાંત ફરી ઉગતા નથી.

૯ શીળી—માબાપે પોતાના બાળકને ચારથી તે છ મહીનાની વયની અંદર શીળી કઢાવવી જોઇએ. દાંત આવ્યાની કાંઇ પણ નીશાની જ

ણાયા આગમચ શીળી કઢાવવી એ ઘણું સારૂં છે શીળી કાઢતી વખતે જે બાળક તનદુ— અને શરીરે જોરવાળુ હોય તેનો ચેપ હોય. એવી સંભાળ ન રાખવાથી મહાભારત દુખો બાળકમાં ઉત્પન્ન થાય છે.

૧૦ ઉંધ જે બાળક ઘણી સારી રીતે ઉંધે છે તે ઘણુ સારી રીતે ઉછરે છે જે બાળકો બરોબર ઉંઘ અને આરામ લેતા નથી તેઓ નબળાં થઇ જાય છે બાળકને ખોળામાં સુવારીને ઉંઘાડવાની મેહેનત કરવી એ ઘણી ખરાબ ટેવ છે તે એકદમ છોડી દેવી જોઇએ બાળકને પોતાના પારણામાં સારી રીતે અને સુખકારીમાં જેવી ઉંઘ આવે છે તેવી બીજી રીતે આવતી નથી તનદુરસ્ત બાળકની ઉંઘ ઘણી હોય છે અને જ્યારે તે ઉંઘતુ હોય ત્યારે તેનો ચેહેરો શાંત અને જાણે સુખમાં હોય એવો દેખાય તે તેનો સ્વાસોસ્વાસ ધીમો હોય છે ને જ્યારે

તે જાગે છે ત્યારે તે તરત દુધ માગે છે.

૧૧ રડવુ બાળક જેવુ જન્મે છે તેવૂ રડે છે જેમ મોટેથી રડે તેમ તેને વધારે ફાયદો થાય છે મોટેથી તેના ફેફસા મજબુત છે તથી તે પુરૂ તનદુરસ્ત છે એમ જણાય છે.

૧૨ ઉલટી અને ઝાડો—બાળકને જોઈએ તે કરતાં વધારે ધવરાવ્યુ હોય તો તેનુ પેટ જેરવી શકતૂ નથી અને તેથી તેને ઉલટી થાય છે

૧૩ બાળક જન્મે છે ત્યારે તેને પેટ આવે છે તે કાળા રંગનુ હોય છે અને તેની બો પરસેવાના જેવી હોય છે ત્યાર પછી જે તેને પેટ આવે છે તેનો રંગ પીળો અને બો વીનાનો હોય છે પણ જો તેના પેટ લીલા રંગના અને ફીણ ઘણુ આવતુ હોય તો અપચાની નીશાની છે એમ જાણવુ જો તેને જળસ પડતો હોય તો તે ઉપરથી તેને દાંત આવે છે અથવા તેના આંતરડામાં કરમ થયા છે એમ સમજાય છે

જો તેના પેઠ કાળા અને ગંધાતા હોયં તો તેના પેટમાં અને આંતરડામાં કાંઈ રોગનીની શાની છે એમ સમજવું.

૧૪ ઉટાંટીયુ બાળકને તેની ઉમરના બીજા વરસમાં એ રોગ ઘણો સાધારણ હોય છે પાંચ વરશ પછીના બાલકમાં મુકાબલો કરતાં એ રોગ થોડો માલમ પડે છે સ્ત્રીજાતી બાળકના કરત પુરૂષ જાતી બાળકમાં એ રોગ વધારે થાય છે.

એ રોગ થાય છે તેની નીશાની એ છે જે બાળકરે જરા તાવ આવે છે પછી તરશ લાગવી ઠોંસો, અન અવાજ ખોખરો થાય છે આંખ લાલને કેરીના જેવી દેખાય છે નાકમાંથી પાણી નીકળે છે બાળક ઘડી ઘડી ગળુ પકડયા કરે છે અને ખાતી વખત પણ જરા આનાકાની કરે છે એ પ્રમાણે સુતાં ચોવીસ અથવા છત્રીસ કલાક વીતી ગયા પછી બાળક ઉંઘમાંથી રાતરે જાગી ઉઠે છે સૂકી ખાંશી આવે છે અને

બાળક જાણે હવા વગર ગુંગળાઇ જતું હોય એમ દેખાય છે તે બીકણને ગભરાતુ જણાય છે વારે વારે ઉઠવાની મેહેનત કરે ને તેનો ચેહેરો સુજી આવે છે ને લાલ દેખાય છે આંખ લાલચોળ થઈ જાય છે દમ લેતી વખત એક જાતનો અવાજ થાય છે.

આ રોગ માલમ પડે કે તરત તેને ગરમ પાણીમાં બેસારવુ બીછાનામાં સુવારવુ ખોરાક ઓછો કરવો ઉલટીની દવા વઇદને પુછીને તે ફરમાવે તે પ્રમાણે આપવી આ રોગ ઘણો ભયંકર છે માટે તાબડતોબ ઉપાય કરવો.

૨૨૨ તેલ વિશે.

મીઠુ તેલ નુકશાન કરે છે તાવ તથા ગરમી શરીરમાં પેદા કરે છે પણ શરીર મસળે તો ફાયદો આપે છે સરશીયુ તેલ હરેક ખાણામાં સવારે તથા સાંજે હમેશાં ખાય તો તેના શરીરમાંથી વાનો આજાર તમામ મટે બી

ગડેહ્નુ લેહી દુરસ્ત થાય અને ખુજલી મટે બ- દામ તથા ખસખસનુ તેલ ફાયદામંદ છે અખ- રોટનુ તેલ ગુણુકારેક છે તેથી પેટના કરમ દફે થાય છે.

---

૨૨૩ તમાકુથી થતુ નુકશાન

તમાકૂ ચાવી ખાવી. હુકામાં પીવી, અ- થવા સુંઘવી એ સુખાકારોનો બીગાડ કરે છે કેમકે તે ઉપવીષ છે. અને તેની અસર નસો તથા રગોમાં અને પેટના માદામાં પોહોચે છે તેથી તેને બીગાડ છે; ખાધેલુ પાચન થઇ શકતુ નથી. ખોટી તરશ લાગ છે; અને ખાના રને ઢીલો, સુસ્ત અને રોગી કરી નાંખે છે. મોઢાનો સ્વાદ બગડે છે ને ભુખ લાગતી નથી. છીકણી સુંઘવાથી વળી સુધવાનો ઈદ્રીને જોખમ લાગે છે એટલુંજ નહીં પણ સાદ તથા અવાજ માં નાખુશી ભરેલો ફેરફાર થાય છે. આંખ્યોમાં

થી પાણી નીકળી ડોડળી થઇ જાય છે કેટલાક લોકો દાંતને સાફ થવા સારૂ ઝીંકણી ઘસે છે તેથી ઉલટું નુકશાન થાય છે.

૨૨૪ દાંત વિશે

દાંતને દરરોજ બ્રુશથી (કુચાથી) અથવા બાળેલી સોપારીની ભુકીથી, અથવા દુથ પાઉડરથી સાફ કરવા જોઇએ જે લોકો સાફ કરતા નથી તેમના દાંત ઉપર ચુનાના જેવા સફેત પોપડો બંધાય છે ને તેથી તેના પોશણમાં અ. ટકાવ થઇ તે કોહીને પડી જાય છે દાંત એ આપણા મ્હોડનો દ્વારપાળ છે માંટે તેનુ રક્ષણ રૂડી રીતે કરવું.

૨૨૫ જીભ વીશે

જીભ એ સ્વાદની કસોટી છે એટલે સોનૂ રૂપા રૂપુ કસોટી ઉપર કસવાથી જેમ પોતાના ગુણ સંમજાવે છે. તે પ્રમાણે મ્હોમાં લીધેલા

ખોરાકના અથવા બીજા પદાર્થના સ્વાદ જીભરૂપી કસોટી સોધી કહાડે છે જીમ કે જે જરા સરખો માસનો કડકો છે તે, મ્હોમાં લીધેલી ચીજ કડવી મીઠી, ખાટી. ખારી. મોળી તીખી અને તુરી વગેરે હોય છે તે કહી શકે છે, શરીરનો બીજો કોઇ ભાગ એ પ્રમાણે કરી શકતો નથી જીનાથી આપણને આપણો ખોરાક લેતી વખતે ઘણી મજે પડે છે.

૨૨૬ તનદુરસ્તી વિશે.

૧. પગ ભીના રાખવાથી કડણુ રોગ ઉત્પન થાય છે માટે પગ ગરમ રાખવા જોઇએ, દરરોજ જે માણસ સુતી વેળા ઉને પાણીએ પગ ધોઇ સૂઇ રંહછે તેને ફાયદો થાય છે.

૨. ભીનું કે હવાએલું બીછાનું પાથરીને તે ઉપર સુવુ કે બેસવું નહિ. કેમકે તેથી તંન દુરસ્તીને નુકશાન પોહોચે છે.

૩ બાહારની પાંચ ઇંદ્રીઓ જેવી કે જોવાની, સુંઘવાની, સાંભળવાની, ચાખવાની, અને લાગવાની, એ પાંચની સાથે સુખકારીને એટલે બધો સબંધ છે કે, તેમાંની એકને પણ કાંઇ નુકશાન પોહોચે તો તેથી શરીરમાં રોગની પ્રાપ્તી થાય છે. માટે તેની સંભાળ એવી ચોકસાઇથી રાખવી કે માફક સર ખાવું પીવુ કસરત કરવી, જેટલુ ઉંઘવું; ઘટે તેટલી ઊંઘ લેવી, ખુલ્લાં કપડાં પહેરવાં, તથા નાહાવા ધોવાથી શરીર ચોખું રાખવું.

૪. આંખને નુકશાન થવાનાં કારણો.—ઘણી મુદત સૂધી અંધારામાં રેહેવાથી, વારે વારે સુરજ તથા દિવાની જોત સામું જોઇ રેહેવાથી અથવા ધગધગતી આગ પાસે બેસવાથી. એકાએક અંધારામાંથી નીકળીને અજવાળામાં જવાથી સાંજના રોળીટોળી વખતે વાંચવા લખવાથી, દીવા સામે ઘણીવાર બેસવાથી ધુંવા ધુમાડો ખાધા

થી અને સકત તાવ આવ્યાથી આપણી અમુલ્ય રત્ન જેવી આંખ્યોને નુકશાન થાય છે. માટે સંભાળ રાખી તેનું જતન કરવું જોઇએ.

૫. સુંઘવાની ઇંદ્રીને નુકશાન થવાનાં કારણો.—ખરાબ વાસ ઘણો લાંબી મુદત સુધી લીધાથી, નાકમાં બલગમ ભરી રાખવાથી. છીકણી સુંઘવાથી, અને શરદી સરદી તથા ભીની હવામાં રેહેવાથી આ ઇંદ્રીને નુકશાન થાય છે.

૬ સાંભળવાની ઇંદ્રીને નુકશાન થવાનાં કારણો.—કઠણ અથવા ઓંચીંતો સાદ કે ખબર સાંભળવાથી, કાન ઉપર હરેક જાતનું બાંધણુ બાંધવાથી ઘણી શરદી લાગ્યાથી, તથા બીજી વસ્તુઓ કે જે હવાને બરાબર રીત જતી અટકાવે છે તેથી ઇંદ્રીને હરકત પોહોચે છે.

૭. ચાખવાની ઇંદ્રીને નુકશાન થવાના કારણો—ઘણો ગરમ મશાલો ખાધાથી તંબાકુ

ખાવ્યાથી અથવા પીધાથી, ખાવાની બદપરેહજી થી ઘણી થંડી કે ઘણી ગરમ વસ્તુ ખાધાથી, આ ઈંદ્રને હાની પોહોંચે છે.

૮ લાગવાની ઈંદ્રીને જોખમ થવાના કારણો.—ક્યાને મેલી રાખવાથી ખુલ્લી હવામાં કસરત ન કરવાથી અને એવું ખાધા પીવાથી કે જેથી ચામડીની હેઠે ચરબી થાય એવી બાબતો થી નુકશાન પોહોચે છે

એ રીતે કલમ ૪, ૫, ૬, ૭, ૮ માં લખેલાં કારણોની પરહેજી કરેથી અલબતે એ પાંચ ઈંદ્રિઓને કશું નુકશાન ન થઈ તેઓ પોત પોતાનું કામ ઘણાં સારી રીતે બજાવશે કેટલાક કમનશીબ પુરૂશો કાન; આખ વીગરે ખોઇ બેસે છે તે ઘણું કરીને પોતાની કસુરથી હોય છે. માટે સરવે મનુષ્યોએ પોત પોતાની જાતનુ રખોપુ કરવું એ પોત પોતાનો ખાસ ધરમ છે.

૯ લુગડાં તંગ પહેરવાથી શરીરની રગો દબાઇ જઇ લોહીનું બરાબર ફરવુ થતુ નથી તેથી રોગ ઉત્પન્ન થાય છે માટે ખુલાં કપડાં પહેરવાં જોઇએ.

૧૦ ભાત ભાતની ખટાશ એટલે ખટીં વસ્તુઓ ખાવી નહી.

૧૧ ખાવાનુ માફકસર રાખવું. ઘણું ખાધાથી શરીરમાં જાત જાતના રોગ થાયછે.

૧૨ તાહાડની મોસમમા ગરમાતર ખોરાક ખાવો તેમ ગરમાના મોસમમાં શાદુ ખાણું ખાવું.

૧૩ ઉંધી ઉઠયા કે, ખરચૂ જઇ આવ્યા પછી તરત પાણી પીવું નહી તથા ઉભા રહીને પણ પાણી પીવું નહી. તેમ નાહયા પછી કે દોડયા પછી તરત પાણી પીવું નહી કારણ કે, તેમ પાણી પીધેથી જુવાન તથા ઘરડા માણુસ

ના શરીરને નુકશાન પોંહોચે છે.

૧૪ ચાલવુ તથા દોડવુ પોતાની આદત માફક રાખવું સ્વાર અથવા પગે એટલું ચાલવું કે જેથી થાક ચડે નહી.

૧૫ ઉજાગરો કરવો નહી કારણ કે તેથી માણસ દીવાના જેવુ બની જાય છે વાસ્તે ઉજાગરો થયો હોય તો લીંબુનો રસ તોલો ૧ તથા સાકર તોલો ૧ અને પાણી શેર ૦। એનુ શરબત કરી પીવુ એટલે ઉજાગરાનુ ઝેર ઉતરી જાય છે અથવા ગાયનુ દુધ પાણી અને સાકર એકઠુ કરી પીએ તો તેથી પણ એવોજ ફાયદો થાય છે.

૧૬ ઓરત સાથે મળવુ પોતાના અંદાજ પ્રમાણે રાખવુ જે હદ ઉપરાંત રાખે છે તેનુ શરીર રોગી કમજોર અને નબળુ થઇ જીંદગી ટુંકી થાય છે.

૧૭ દાક્તર વોલીયમ્સ કહે છે કે મજબુત બાંધાના માણુસે ખોરાક સાથે મીઠું ખાવાની ટેવ પાડવી જોઇએ ખાણામાં મીઠું નહીં વાપરયું તો પેટમા કરમ થાય છે.

૨૨૭ ચાહા વિશે.

ચાહ—ચાહ પીવાથી જીવમાં હૂંશીઆરી આવે છે અને કાંઇ કેફ ચડતી નથી ચાહા મગજને તેજ કરે છે ને ઉંઘને દુર કરે છે વળી તે ચાહા લોહીના જોસાને અને લોહીથી ઉપજતા રોગોને દબાવી દેવાને ઘણી ઉપયોગી છે ને એટલા માટે જેનુ માથુ દૂખતુ હોય તેને ચાહા પીવાથી માંથુ દુખતુ મટી જાય છે. લીલા ચાહનો નાસ લેવાથી તાવ આવેલા માણુસને પરસેવો છુટી તાવ ઉતરી જાય છે.

૨૨૮ વિસરપ રોગના ઉપાય.

જુલાબ, ઉલટી, લેપ, રૂધીર કઢાવવુ ત

થા ઓસડોના શેવન, એ સરવથીવીસરપ જાય

૨૨૯ વાયુના વીસર્પના ઉપાય.

રાશન, કમળાકાકડી, દેવદાર, રકતચંદન મહુડાં, ખગેટી. એને બરાબર લઇ દુધમાં અથવા ધીમાં ધુંટી લેપ કરે તો વીસર્પ જાય છે

૨૩૦ પીત વીસર્પના ઉપાય.

કશોરીયાં શીગોડાં કમળકાકડી, શેવાળ રકતચંદન અને ધુટી ઘે એના ધીમાં મેળવીઅથવા શીયળ પાણીમાં મેળવી લગાવે તો જાય.

૨૨૧ કફના વીસર્પના ઉપાય.

ત્રીફળાં કમળકાકડી ખસ લજામણી કરેણનુ મુળ; પાલીશરખાનુ મુળ જલાશો એને કે પાણીમાં ધુંટી લેપ કરે તો જાય.

૨૩૨ દશાગ લેપાં

તગર શરશનુ મુળ જેઠીમધ રકતચંદન ઇલાયચી છડ; બને હળદર; વાંગવાળા એને પા

ણીમાં ઘુંટી ગાયનુ ઘી નાંખી લેપ કરે તો સ-
રવ પ્રકારના વીસરપ જાય.

અથવા કરીઆતુ અરડુસો, કડુ પટોળ
ત્રીફળા રક્તચંદન લીમછાલ એ સરવેનો ઉકાળો
કરી આપે તો વિસરપ તાવ, દાહ, સોજો, ચે
ળ, મજા ફેરી, સરવ જાય.

અથવા કાંચકી, સત્યયોનીવાની છાળ કરી
હાગીનુ મુળ, થોરનુ દુધ; આકડાનુ દુધ ચીતરો
જવા; ભાગરો હળદર, વછનાગ એ સરવે બરા
બર ચાર તોલાભાર લે અન શેર ૨ ગોમુત્ર તે
મે પાણી શેર તેલ એકઠાં કરી ધીમી આંચ તે
લ રહે ત્યાં સુધી પકવી મરદન કરે તો વીસરપ
ફેલ્લા, વરૂઓ ફાટે એ સરવ મટે છે.

અથવા વડવાઇ; મોથ કેળનો વચલો ગ
રભ; એને ધોએલા ઘીમાં અથવા સોવાર ધોએ
લ ઘીમાં શરશાની છાલને વાટી મેળવી લેપ ક-

રે તો વિશરપ તથા ગાંઠ એ જાય ને કોઢ ફો-
લા શીતળા એ સરવ જળો લગાવવાથી નીસ્ચ
ય જાય.

૨૩૩ અમલપીત્ત રોગના ઉપાય.

અમલપીત રોગવાળાને પટોળ. લીંબડા
ની છાલ, ગરડુસો આ બરાબર લઈ એનો કે-
ફાળો કરે એથી ઉલટી કરાવીએ તો અમ્લપી
ત રોગ જાય.

અથવા મીંઢળ, મધ, સીંધવખાર એથી
ઉલટી કરાવીએ તો એ જાય.

અથવા-જુલાબથી એ જાય.

અથવા—નસોતર, મધ, આમળાં, એનો
જુલાબ આપે તો અમ્લપિત જાય.

અથવા—ઉર્ધ્વગામી આમલપિત હોય તેને
જુલાબ, ઓકારી કરાવે ને અધોગામી આમલ
પિત હોયતેને જુલાબ આપવો,

અથવા—જવની ધાણીનો અથવા ઘઉંની ધાણીનો અથવા ચોખાની ધાણીનો લોટ સાકરના સંયોગથી ખાય તો આમલપિત જાય.

અથવા—અરડુસો, આમળાં, તજ; તમાલપત્ર, ઈલાયચી, એનો ઊકળો કરી મધ નાખી પાયે તો તત્કાળ આમલપિત જાય.

અથવા—ગળો લીંબડાની છાલ, પટોળ, એનો ઉકાળો કરી મધ નાંખી પિએ તો મહા ભયંકર આમલપિત પણ જાય.

અથવા અરડુસો પીતપાપડો કરીયાતુ, લીંબડાની છાલ, ભઈ ભાંગરો, ત્રીફળાં, કાથ એનો ઉકાળો કરી મધ નાખી પીએ તો આમલપિત જાય. તથા તેનુ ચુરણુ કરી શીતળ જળથી લે તો જાય-

ઈતિ દસાંગક્વાથ.

અથવા—ભોજન કરી આમળાનો રસ પિએ તો આમ્લપીત, ઓકારી, અરૂચી, દાહ, મોહ,

આંખે અંધારા અને મુત્રના દોષને પણ દુર કરે છે ને ઘડપણુ ટાળી જુવાન કરેછે.

૨૩૪ શુક રોગનાં ઉપાય.

અરાઢે શૂક રોગના ઝેરને દુર કરે એહવા ઉપાયો કરવા અથવા જળો લગાવા લીંગે-લીને લોહી બગાડવાળુ કાઢી નાખીયે તો શુક રોગ જાય,અથવા ઇંદરીના જુલાબથી શુકરોગ જાય ૩ અથવા હલકા ભોજનથી શૂકરોગ જાય ૪ અ થવા ત્રીફળીના ઉકાળામાં ગુગળ મેળવી આપે તો શુકરોગ જાય ૫ અથવા સાદી અઊષધીયોના લેપઢી વા શેકથી શૂકરોગ જાય. ૬ સીતળ ઉપા યોથી શુકરોગ જાય. ૭ દારૂહળદર, તુળશી, જે ઠીમધ, તંમાશો તેલ નાખી પકવે એ ઓસડો શોષી જાય. તેલ રહે એનુ ંમરદન કરે તો શુક રોગ જાય ૮ અથવાં ખરેટીના તેલનુ મરદન કરે તો શુકરોગ જાય.

૨૩૫ હીચકીના ઉપાય

૧ પ્રાણાયામના કરવાથી કોઇ પ્રકારથી ભયભીત થવાથી ભયંકર વાતના સાંભળવાથી વા યુ કફ ઘટાડનારો વસ્તુઓ ખાવાથી હીચકી દુર થાય છે,

અથવા બકરીના દુધમાં સુંઠને પકવી સુ ઠ સહીત દુધ પીએ તો હીચકી જાય

અથવા બીજોરાના રશમાં જવની ધાણી નો લોટ અને સીંધવખાર મેળવીને ખાય તો હીચકી જાય.

અથવા માંખોની હગારને દુધમં વાટીને નાસ લે તો હીચકી જાય

અથવા—ગોળ અને સુંઠ પાણીમાં વાટી નાશ લે તો હીચકી જાય.

અથવા—કાશના મુલના રશનો મધ મેળ વી નાશ લે તો હીચકી જાય.